અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 13 ઓગસ્ટ 2026 ગુરુવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ -1 | અંક : 45 | અમદાવાદ | પાના : 8


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  પાકિસ્તાનમાં ઈમરાન ખાનનાં મોતનો દાવો ખોટો: દાવો કરનાર પત્રકાર એક દિવસ પછી ફરી ગયો, PTI બોલી....

4  ટ્રમ્પની તુમાખી - નેતન્યાહૂનો નનૈયો, મિડલ ઈસ્ટને શાંત નહીં થવા દે!

6  ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ 11 વર્ષ બાદ ગર્લફ્રેન્ડ જોર્જિના સાથે લગ્ન કર્યા, બંનેના 5 બાળકો છે

7  સેન્સેક્સમાં 200 અંકથી વધુનો ઘટાડો: 77,900ના સ્તરે ટ્રેડિંગ, નિફ્ટી પણ 50 અંક તૂટ્યો, રિયલ્ટી અને FMCG....


## NEWS BRIEF

## લોકસભાની બેઠકો 850 નહીં થવા દઈએ...

### તમિલનાડુના મુખ્યમંત્રી વિજયનો કેન્દ્ર સરકારને પડકાર

CM વિજયે વિધાનસભામાં કહ્યું કે 2029ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓને 33 ટકા અનામત હાલની 543 લોકસભા સીટોના આધારે જ આપવી જોઈએ. પ્રસ્તાવમાં લોકસભાની સીટો વધારવાનો સખત વિરોધ કરવામાં આવ્યો છે. પરિસીમન બિલને લઈને થલપતિ વિજયે ફરી એકવાર બળવાખોર વલણ અપનાવ્યું છે. નીટ અને FCRA બિલ સામે પ્રસ્તાવ પાસ કર્યા બાદ તમિલનાડુના મુખ્યમંત્રી સી જોસેફ વિજયે બુધવારે કેન્દ્રની મોદી સરકારના પરિસીમન પ્લાન સામે મોરચો ખોલી દીધો છે. વિજયે તમિલનાડુ વિધાનસભામાં લોકસભા સીટોની સંખ્યા વધારવાના પ્રસ્તાવ સામે એક પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ પ્રસ્તાવ રજૂ કરતાં CM વિજયે સ્પષ્ટ કરી દીધું કે તેઓ દક્ષિણ ભારતના અધિકારોની કિંમતે મોદી સરકારને લોકસભા સીટો વધારવા નહીં દે. તમિલનાડુ સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ એ સ્પષ્ટ માંગ રાખી છે કે દેશમાં લોકસભા સીટોની કુલ સંખ્યાને કાયમ માટે 543 પર જ ફ્રીઝ રાખવામાં આવે. પ્રસ્તાવમાં જણાવાયું છે કે તમિલનાડુ અને અન્ય દક્ષિણના રાજ્યોએ રાષ્ટ્રીય નીતિઓનું પાલન કરીને વસ્તી નિયંત્રણને અસરકારક રીતે લાગુ કર્યું છે. એવામાં માત્ર વસ્તીના આધારે સીટો વધારવાથી સંસદમાં તમિલનાડુ અને દક્ષિણ ભારતનું પ્રતિનિધિત્વ કાયમ માટે નબળું પડી જશે.



## જંતર-મંતર સિઝન-2 ટૂંક સમયમાં શરૂ થશે

### CJP ફાઉન્ડર અભિજિત દીપકેની મોટી જાહેરાત



દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)ના કાર્યકરોની બેઠક માટે હોલ બુકિંગ કરવા મામલે વિવાદ સર્જાયો છે. પાર્ટીના સ્થાપકે શાસક પક્ષ પર હોલ માલિકોને ધમકાવવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે જ પાર્ટીએ દેશમાં સરકારી શાળાઓની સ્થિતિ સુધારવા માટે ટૂંક સમયમાં જંતર-મંતર ખાતે આંદોલનનો બીજો તબક્કો શરૂ કરવાની જાહેરાત કરી છે.

સીજેપીના સ્થાપક અભિજિત દીપકે (Abhijeet Dipke) દાવો કર્યો હતો કે, દિલ્હીમાં કાર્યકરોની બેઠક યોજવા માટે ભારે મુશ્કેલીથી એક હોલ બુક કરાવ્યો હતો. જોકે, હોલ માલિકો પર ઉપરથી દબાણ લાવીને જો બેઠક થવા દેવાશે તો 'ઉલ્ટા લટકાવી દેવાની' ધમકી આપવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે યુવાનોના અવાજથી ડરીને ભાજપ દ્વારા આ પ્રકારના કૃત્યો કરવામાં આવી રહ્યા છે.

આ મામલે પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંકા (Ashutosh Ranka) દિલ્હી પોલીસની ભૂમિકા પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે પૂછ્યું હતું કે 'શું દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે અને પોલીસ માત્ર શાસક પક્ષ માટે કામ કરી રહી છે?'

પાર્ટીના અન્ય એક પ્રવક્તા સૌરવ દાસ (Saurav Das) માહિતી આપતા જણાવ્યું હતું કે 'જંતર-મંતર સિઝન 2' હેઠળ દેશવ્યાપી લિસનિંગ ટૂર શરૂ કરવામાં આવશે. 15 ઓગસ્ટથી શિક્ષણના મુદ્દાને પ્રાથમિકતા આપીને ગામડાઓની સરકારી શાળાઓની પાયાની સુવિધાઓ સુધારવા માટે વાલીઓ અને નાગરિકો સાથે મળીને સોશિયલ ઓડિટ અભિયાન ચલાવાશે.

### વિપક્ષના હોબાળા પર અમિત શાહની પ્રથમ પ્રતિક્રિયા

# વિપક્ષ ચર્ચા માટે સામે આવે, હું દરેક પ્રશ્નનો જવાબ આપીશ

## વિપક્ષ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું હતું કે "હું એ પણ ચર્ચા કરીશ કે તમે ચર્ચા કેમ નથી ઈચ્છતા : NDAસરકાર દરેક બાબત પર ચર્ચા કરવા તૈયાર

નવી દિલ્હી, તા.12

સંસદના ચોમાસુ સત્રમાં ચાલી રહેલા મડાગાંઠ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે તેઓ બધા પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, 'તમે લખીને આપો કે ચર્ચા ઈચ્છો છો, હું જવાબ આપીશ. શાહના નિવેદન પછી તરત જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'અમિત શાહના ભાષણોમાં અમને રસ નથી. અમે જાણવા માંગીએ છીએ કે બાળકોને કોણે ગોળી મારી.'

વિપક્ષ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું હતું કે 'હું એ પણ ચર્ચા કરીશ કે તમે ચર્ચા કેમ નથી ઈચ્છતા. ભાજપ સરકાર, પીએમ મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકાર દરેક બાબત પર ચર્ચા કરવા તૈયાર છે. તેઓ સંસદને કામ કરવા દેતા નથી.'

અમિત શાહે કહ્યું કે સૌ પ્રથમ તો 'ગુમ થઈ જવું,' 'ફરાર થવું,' અને 'ભાગેડુ' જેવી ભાષા સંભળાઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, 'વિપક્ષ



સંસદને બંને ગૃહોમાં કામ કરવા દેતું નથી, તો ત્યાં જવાથી શું થશે? હું સંસદમાં કોઈપણ પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છું. અમે આજે બપોરે ૩ વાગ્યાથી કાલે બપોરે ૩ વાગ્યા સુધી ચર્ચા માટે તૈયાર છીએ.' વિપક્ષે પત્ર લખીને બપોરે ૨ વાગ્યા સુધીમાં સ્પીકર ઓમ બિરલાને સુપરત કરવો જોઈએ. અમિત શાહે કહ્યું, 'સરકાર દરેક બાબતમાં ચર્ચા કરવા તૈયાર છે. વિપક્ષે સંસદને કામ કરવા દેવી જોઈએ.' તેમણે વિપક્ષને ચર્ચા માટે બપોરે ૨ વાગ્યા સુધીમાં સ્પીકરને પત્ર સુપરત કરવા કહ્યું. આ પછી સરકાર આજે બપોરે ૩ વાગ્યાથી મધ્યરાત્રિ અને કાલે બપોરે ૩ વાગ્યા સુધી પણ ચર્ચા માટે તૈયાર છે. અમિત શાહે કહ્યું કે તેઓ પોતે ચર્ચામાં ભાગ લેશે. તેમણે કહ્યું કે વિપક્ષ સંસદને કામ કરવા દેતું નથી. અમિત શાહે સ્પષ્ટતા કરી કે સત્ર શરૂ થયું ત્યારથી તેઓ નિયમિતપણે સંસદમાં આવી રહ્યા છે.

અમિત શાહે જણાવ્યું હતું કે સરકાર પાસે છૂપાવવા માટે કંઈ નથી અને NEET પેપર લીક અંગે વિદ્યાર્થીઓના વિરોધને લગતા તમામ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ વિપક્ષે સંસદને કેમ કામ કરતા અટકાવી તે પ્રશ્નનો જવાબ આપશે. અમિત શાહે વિપક્ષને કહ્યું હતું કે હવે ચર્ચામાં જોડાવું કે ચર્ચા ટાળવી તે નિર્ણય તેમણે કરવાનો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં સરકાર હંમેશા દરેક મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે. તેમણે વિપક્ષને સંસદને કામ કરવા દેવાની અપીલ કરી હતી.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે સંસદમાં ચર્ચા માટે સ્થાપિત નિયમો અને પ્રક્રિયાઓ છે. આવા ગંભીર મુદ્દા પર ફક્ત નિવેદન આપીને ચર્ચા કરી શકાતી નથી. સંસદ કોઈપણ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરે છે, અને સરકાર દરેક પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છે. અમિત શાહે જણાવ્યું હતું કે જો સ્પીકર પરવાનગી આપે તો સરકાર જરૂર પડ્યે પ્રશ્નકાળ મુલતવી રાખવા તૈયાર છે.

## ભાજપે રામ મંદિર મુદ્દે રાજકારણ કર્યું, હવે સંસદમાં મૌન : પ્રિયંકા ગાંધીના કેન્દ્ર સરકાર પર પ્રહાર




નવી દિલ્હી, તા.12

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ બુધવારે રામ મંદિરના કથિત ચઢાવાની ચોરીના મુદ્દા પર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, સરકાર આ મુદ્દાને રાજ્યનો વિષય બતાવીને સંસદમાં જવાબ આપવાથી બચી રહી છે.

સંસદમાં જવાબ આપવાનો ઈનકાર: પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, સરકાર રામ મંદિરના ચઢાવા અંગેના સવાલોના જવાબ આપવાનું ટાળી રહી છે. લોકસભા ચૂંટણી પહેલા ભાજપે રામ મંદિરથી રાજકીય લાભ લેવામાં કોઈ સંકોચ દર્શાવ્યો ન હતો, પરંતુ હવે જવાબદારીથી ભાગી રહી છે.

જનતા પ્રત્યે જવાબદારીનો અભાવ: સંસદના ચોમાસુ સત્રમાં ચાલી રહેલા વિરોધ અને ગતિરોધ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, આ બાબત દર્શાવે છે કે, સરકાર જનતા પ્રત્યે પોતાની જવાબદારી અનુભવતી નથી. સંસદ જ એ સ્થાન છે, જ્યાં સરકારે સવાલોના જવાબ આપવાના હોય છે, અને સત્તાવાર નિવેદન આપવાનું હોય છે.

પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગનો મુદ્દો: દેશભરમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શન અંગે વાત કરતા તેમણે કહ્યું કે, યુવાનો દિલ્હી સહિત દેશભરમાં રસ્તા પર ઉતર્યા હતા. પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો, ટીયર ગેસ છોડવામાં આવ્યા અને પેલેટ ગનથી ગોળીબાર કરાયો. બિહારમાં પ્રદર્શનકારીઓ સામે AK-47 નો પણ ઉપયોગ કરાયો હતો.

પ્રિયંકા ગાંધીએ સંસદ ભવન પરિસરમાં પત્રકારો સાથે વાતચીતમાં સવાલ ઉઠાવ્યો કે, સરકાર એ પણ સ્પષ્ટ કરવા નથી માંગતી કે, આવી ઘટનાઓ કેવી રીતે બની, અને આ બળપ્રયોગનો આદેશ કોણે આપ્યો હતો.

## 'હું નિરાશ થઈ ગયો છું, આવું પહેલીવાર જોયું', કિરેન રિજિજુનો વિપક્ષ પર ગંભીર આક્ષેપ

નવી દિલ્હી, તા.12

NEET પેપર લીક અને વિદ્યાર્થીઓના વિરોધ-પ્રદર્શન સાથે જોડાયેલા મુદ્દા પર સંસદમાં ચર્ચા કરવાને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે ઘર્ષણ યથાવત્ છે. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ વિપક્ષ પર ચર્ચાથી ભાગવાનો આક્ષેપ લગાવ્યો છે, જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભા અધ્યક્ષને પત્ર લખીને કહ્યું છે કે, સરકાર વિસ્તૃત ચર્ચા માટે તૈયાર છે, અને તે વિપક્ષના તમામ સવાલોના જવાબ આપશે. એક તરફ વિપક્ષ વિદ્યાર્થીઓના પ્રદર્શન, કથિત પોલીસ કડકાઈ અને NEET પેપર લીક અંગે કેન્દ્રીય ગૃહમંત્રી પાસે જવાબ માંગતા ગૃહમાં હંગામો કરી રહ્યો છે, તો બીજી તરફ સરકારનો દાવો છે કે, તે દરેક સવાલનો જવાબ આપવા અને આ મુદ્દા પર ખુલ્લી તથા વિસ્તૃત ચર્ચા માટે તૈયાર છે.

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ વિપક્ષ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, 'હું આ વાતથી ખૂબ જ નિરાશ છું કે, સરકાર સંસદમાં NEET પરીક્ષા સંબંધિત મુદ્દા પર ચર્ચા માટે તૈયાર છે, પરંતુ વિપક્ષ ચર્ચાથી પાછળ હટી રહ્યો છે. પોતાના રાજકીય જીવનમાં તેમણે પહેલીવાર એવી સ્થિતિ જોઈ છે, જ્યાં સરકાર પોતે ગૃહમાં ચર્ચાની માંગ કરી



રહી છે, અને વિપક્ષ તેનાથી ભાગી રહ્યો છે. સંસદીય લોકશાહીમાં વિપક્ષ ચર્ચાની માંગ કરે છે, અને સરકાર જવાબ આપે છે, પરંતુ અહીં સ્થિતિ ઊલટી છે.'

રિજિજૂના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખીને વિપક્ષના નેતાઓને ચર્ચા માટે મનાવવાનો આગ્રહ કર્યો છે. શાહે પત્રમાં સ્પષ્ટ કર્યું કે, તે ગૃહમાં હાજર રહેશે અને વિપક્ષના દરેક સવાલનો જવાબ આપશે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે, સંસદના વર્તમાન સત્રમાં 'જાહેર પરીક્ષા સુધારા વિધેયક, 2026' પર પહેલાથી જ ચર્ચા થઈ ચૂકી છે, પરંતુ તે સમયે વિપક્ષના કોઈ પણ સભ્યએ NEET પરીક્ષા સંબંધિત આ મુદ્દો ઉઠાવ્યો ન હતો. વિપક્ષ 20 જુલાઈના રોજ જંતર-મંતર પાસે વિદ્યાર્થીઓના વિરોધ માર્ચ દરમિયાન પોલીસની કથિત કડકાઈ અને પેલેટ ગનના ઉપયોગના આક્ષેપો પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પાસે સત્તાવાર જવાબની માંગ કરી રહ્યો છે.

### Gen-Z માટે વડાપ્રધાન મોદીની સલાહ

## રીલ્સ છોડો, આત્મકથા વાંચો અને બીજાના સંઘર્ષમાંથી કંઈક શીખો

### રીલના યુગમાં જીવી રહેલા યુવાનોએ યાદ રાખવું જોઈએ કે, શોર્ટકટ તમને નુકસાન પહોંચાડી શકે છે : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.12

નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે યુવાનોને આત્મકથાઓ વાંચવા અને બીજાના સંઘર્ષમાંથી શીખવાની અપીલ કરતાં કહ્યું કે રીલના યુગમાં જીવી રહેલા યુવાનોએ યાદ રાખવું જોઈએ કે, શોર્ટકટ તમને નુકસાન પહોંચાડી શકે છે. મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથા ટ્રાયમ્ફ ઑફ ધ ઈન્ડિયન રિપબ્લિક: માય લાઈફ, માય સ્ટ્રગલ્સના વિમોચન કાર્યક્રમને સંબોધતા કહ્યું કે કોવિંદનું જીવન દર્શાવે છે કે દૃઢ સંકલ્પ કોઈ વ્યક્તિને મુશ્કેલીઓમાંથી બહાર આવવામાં અને સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચવામાં કેવી રીતે મદદ કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'હું ખાસ કરીને યુવા પેઢીને આગ્રહ કરીશ. રીલ્સનો જમાનો છે. ઈન્ફ્લુએન્સર તમને ખેંચીને ક્યાંક ને ક્યાંક લઈ જ જાય છે. શોર્ટકટના આ યુગમાં પણ એક વાત જરૂર યાદ રાખજો... રેલવે



સ્ટેશનો પર લખેલું હોય છે: શોર્ટકટ તમારી જિંદગી ટૂંકી કરી શકે છે...' PM મોદીએ આગળ કહ્યું કે, 'હું યુવાનોને વિનંતી કરીશ કે તેઓ જે લોકોને પસંદ કરે છે તેમની આત્મકથાઓ વાંચે. આત્મકથા કોઈ ખાસ સમયગાળાની ઐતિહાસિક ઘટનાઓને એક અનોખા દૃષ્ટિકોણથી રજૂ કરે છે. તેમાં જણાવવામાં આવેલો સમય આપણને ઈતિહાસની ખૂબ નજીક લઈ જાય છે. તેથી મને પૂરી આશા છે કે કોવિંદજીની મહેનત આવનારી પેઢીઓ અને ખાસ કરીને યુવાનો માટે લાભદાયી સાબિત થશે...'

વડાપ્રધાને રાષ્ટ્રપતિ પદ છોડ્યા બાદ પણ કોવિંદ સતત જાહેર જીવનમાં સક્રિય રહ્યા હોવાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, પદ છોડ્યા બાદ પણ તેમણે આરામ કર્યો નથી, પરંતુ એક રાષ્ટ્ર, એક ચૂંટણી પહેલ પર કામ કરી રહ્યા છે, જે ભારતીય લોકશાહીમાં એક નવું અધ્યાય ખોલી શકે છે. મોદીએ કહ્યું કે આ મુદ્દા પર પૂર્વ રાષ્ટ્રપતિના પ્રયાસો ભારતીય લોકશાહીને મજબૂત બનાવવામાં તેમના સતત યોગદાનનો એક ભાગ છે.

મોદીની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે સરકાર અને સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ સોશિયલ મીડિયા પર Gen-Z સાથે જોડાવાની કોશિશો તેજ કરી છે. તબીબી સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે યોજાતી રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET)નું પ્રશ્નપત્ર લીક થવાના વિરોધમાં ગયા મહિને થયેલા પ્રદર્શનો બાદ મોદીએ પોતાના મંત્રીઓને કહ્યું હતું કે તેઓ યુવાનો સાથે જોડાવા માટે ઈન્સ્ટાગ્રામનો સક્રિયપણે ઉપયોગ કરે અને રીલ પોસ્ટ કરે. તાજેતરના અઠવાડિયામાં મોદીએ પોતે પણ યુવાનોને સંબોધતા ઘણી વખત રીલ શેર કરી છે. વડાપ્રધાને કહ્યું કે, કોવિંદની આત્મકથા ભારતીય લોકશાહીની ધરોહર બનશે અને નવી પેઢીને તેમાંથી ઘણું શીખવા મળશે. મોદીએ કહ્યું, આપણે ભવિષ્યમાં આવા ઘણા યુવાનોની જરૂર છે જે કોવિંદ જેવા હોય. એવા લોકો જે પરિસ્થિતિ સામે હાર ન માને, પરંતુ દરેક પડકારને પાર કરવાનો મજબૂત સંકલ્પ ધરાવે. તેઓ આત્મનિભર ભારતનો માર્ગ બનાવશે અને આ આત્મકથા યુવાનો માટે પ્રેરણાનો સ્ત્રોત બનશે. તેમણે કહ્યું કે આત્મકથાનું શીર્ષક એકદમ યોગ્ય છે કારણ કે કોવિંદનું જીવન અને સંઘર્ષ ભલે વ્યક્તિગત હતા, પરંતુ એ સંઘર્ષોની જીત ભારતીય લોકશાહીની છે. મોદીએ યાદ કર્યું કે બાળપણમાં ઘરની વસ્તુઓ બચાવવાનો પ્રયાસ કરતી વખતે લાગેલી આગમાં કોવિંદે પોતાની માતાને ગુમાવી હતી. વડાપ્રધાને કહ્યું કે, આ દુ:ખદ ઘટના કોવિંદને તોડી શકે તેમ હતી.




# વડોદરામાં હેરોઇનના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

- **બાજવામાં રેલવે ટ્રેક નજીકના મકાનમાં SOGની રેડ, 18.290 ગ્રામ હેરોઇનનો જથ્થો ઝડપી પાડ્યો, 4.20 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત, પંજાબનો સપ્લાયર વોન્ટેડ જાહેર**

**વડોદરા, તા.12**

વડોદરા શહેરમાં નશીલા પદાર્થોની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ સામે સ્પેસિફિક ઓપરેશન ગ્રુપ એટલે કે SOG દ્વારા સતત પેટ્રોલિંગ અને કડક વોચ રાખવામાં આવી રહી છે. આ ઝુંબેશ દરમિયાન બાજવા-છાણી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી SOG ટીમને એક ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે કરચીયા રોડ પર આવેલા ઈન્દીરાનગરમાં રેલવે ટ્રેક નજીક એક મકાનમાં અચાનક દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન મકાનમાંથી 18.290 ગ્રામ હેરોઈનના જથ્થા સાથે એક શખ્સ રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસે સ્થળ પરથી હેરોઈન, રોકડ રકમ અને મોબાઈલ ફોન મળીને કુલ રૂ. 4,20,850નો મુદ્દામાલ કબજે કર્યો છે અને જવાહરનગર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો




નોંધી આગળની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

આ સમગ્ર કાર્યવાહી અંગેની વિગતવાર માહિતી અનુસાર SOG પીઆઇ બી.ડી. જીતીયાની ખાસ સૂચના હેઠળ PSI આર.એચ. સિદી અને તેમની ટીમ બાજવા-છાણી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન SOGની ટીમને ખાનગી રાહે મજબૂત બાતમી મળી હતી કે કરચીયા રોડના ઈન્દીરાનગર વિસ્તારમાં રહેતો જગદીપસિંગ ઉર્ફે દીપુ સરદાર પોતાના મકાનમાં નશીલો પદાર્થ હેરોઈન છુપાવીને રાખે છે અને મોડીરાત સુધી ગ્રાહકોને તેનું છૂટકમાં વેચાણ કરે છે. આ બાતમી મળતા જ પોલીસ ટીમે ત્વરિત પ્લાનિંગ કરીને સ્થળ પર પહોંચી મકાનની ઘેરાબંધી કરી તપાસ હાથ ધરી હતી, જ્યાંથી આરોપી જગદીપસિંગ ઉર્ફે દીપુ ઈન્દ્રજીતસિંગ નાર મળી આવ્યો હતો.

પોલીસે આરોપીના મકાનમાં હાથ ધરેલી તપાસ દરમિયાન રૂ. 3,65,800 ની અંદાજિત કિંમત ધરાવતો 18 ગ્રામ અને 290 મિલીગ્રામ હેરોઈનનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત આરોપીની અંગઝડતી લેતા તેની પાસેથી હેરોઈનના વેચાણમાંથી મળેલા રૂ. 50,050 રોકડા તેમજ રૂ. 5,000 ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આ રીતે પોલીસે કાયદાકીય પ્રોટોકોલ મુજબ કુલ રૂ. 4,20,850 નો મુદ્દામાલ તપાસ અર્થે જપ્ત કર્યો હતો.

ધરપકડ બાદ કરાયેલી પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપી જગદીપસિંગે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. તેણે પોલીસને જણાવ્યું હતું કે આશરે 15 દિવસ અગાઉ વડોદરાના કરોડીયા મસાણી માતાના મંદિર પાસે પંજાબના અમૃતસરથી આવેલા બીલ્લાસિંગ પાજી નામના વ્યક્તિ પાસેથી તેણે આ હેરોઈનનો જથ્થો ખરીદ્યો હતો. આ જથ્થો વડોદરા શહેરના ગ્રાહકોને છૂટકમાં ઊંચા ભાવે વેચવા માટે પોતાના મકાનમાં સંતાડી રાખ્યો હતો.

આ કેસમાં પોલીસે હાલમાં જગદીપસિંગ ઉર્ફે દીપુ ઈન્દ્રજીતસિંગ નાર (હાલ રહે. ઈન્દીરાનગર, રેલવે ટ્રેકની બાજુમાં, કરચીયા રોડ, વડોદરા, મૂળ રહે. રાજસ્થાન કોલોની, કરચીયા રોડ, બાજવા, વડોદરા)ની વિધિવત ધરપકડ કરી લીધી છે. જ્યારે પંજાબના અમૃતસરથી આવીને નશાનો આ જથ્થો વેચી જનાર બીલ્લાસિંગ પાજીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે અને તેને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને શોધખોળ હાથ ધરવામાં આવી છે.

### સોશિયલ મીડિયા પર દોસ્તી પડી મોંઘી

# સ્નેપચેટથી પરિણીતાને જાળમાં ફસાવી રૂ. 2.80 લાખ અને સોનાના દાગીના પડાવ્યા, શારીરિક શોષણ પણ કર્યું

**સુરત, તા.12**

સુરતના કાપોદ્રા વિસ્તારમાં સોશિયલ મીડિયા એપ 'સ્નેપચેટ' મારફતે થયેલી મિત્રતા એક પરિણીતા માટે ગંભીર આફત બનીને સામે આવી છે. કાપોદ્રામાં રહેતી પરિણીતાનો ફેબ્રુઆરી 2026માં જકાતનાકા ખાતે રહેતા ટોનીશ ઉર્ફે જૈનીલ ઘનશ્યામભાઈ પડસાળા સાથે પરિચય થયો હતો. વિશ્વાસ સંપાદિત કર્યા બાદ આરોપીએ બ્લેકમેઈલિંગ, દુષ્કર્મ અને લાખો રૂપિયા તથા દાગીના પડાવી લીધા હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે કાપોદ્રા પોલીસે મુખ્ય આરોપી અને તેના મિત્રની ધરપકડ કરી છે.




મળતી માહિતી મુજબ, આરોપી ટોનીશે પહેલાં પોતે સાયબર ક્રાઈમના કેસમાં ફસાયો હોવાનું ખોટું નાટક રચી પોલીસ અને વકીલોને પૈસા આપવાના બહાને નાણાં માંગ્યા હતા. ત્યારબાદ તેણે પરિણીતાના પતિને સ્નેપચેટના સ્ક્રીનશોટ બતાવી દેવાની ધમકી આપી બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. આ રીતે ડર બતાવીને આરોપીએ તબક્કાવાર રૂ. 2.80 લાખ રોકડા પડાવી લીધા હતા. આટલેથી ન અટકતા, આરોપીએ પરિણીતાની મરજી વિરુદ્ધ બળજબરીથી શારીરિક સંબંધો પણ બાંધ્યા હતા.

આરોપીની લાલચ વધતાં તેણે પરિણીતાને ધમકાવીને સોનાની રુદ્રાક્ષની માળા, પાટલા, મંગળસૂત્ર, વીંટીઓ, હાર, બુટ્ટી, કડલી, પોચા અને પેન્ડલ સહિતના કિંમતી સોનાના દાગીના બળજબરીથી કઢાવી લીધા હતા. દાગીના પડાવવાના આ સમગ્ર કાવતરામાં ટોનીશને તેના મિત્ર આશિષ વેકરીયાએ પણ સાથ આપ્યો હતો.

આરોપીઓના અસહ્ય માનસિક, આર્થિક અને શારીરિક ત્રાસથી કંટાળીને પરિણીતાએ આખરે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતા જોઈ કાપોદ્રા પોલીસે ગુનો દાખલ કરી ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી ટોનીશ ઉર્ફે જેનીલ પડસાળા અને તેના સાગરીત આશિષ વેકરીયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શ્રાવણમાં અમદાવાદના 30 મંદિરમાં દર્શન કરી શકશો: લોકોને બસ ઘરેથી લઇને મુકી પણ જશે

**અમદાવાદ, તા.12**

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ 13 ઓગસ્ટથી થઈ રહ્યો છે, ત્યારે અમદાવાદ શહેરના નાગરિકો સુખરૂપ અને સરળતાથી વિવિધ વિસ્તારોમાં આવેલા પ્રખ્યાત મહાદેવ મંદિરો તથા અન્ય ધાર્મિક સ્થાનોના દર્શન કરી શકે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) દ્વારા વિશેષ ધાર્મિક બસ પ્રવાસ યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજના હેઠળ શહેરના પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારોમાં આવેલા અલગ-અલગ 30 જેટલા પસંદગીના મંદિરોને આવરી લેવામાં આવ્યા છે. આ સેવા હેઠળ નાગરિકોને તેમના રહેણાંક વિસ્તારની નજીકથી બસ લઈ જશે અને દર્શન કરાવ્યા બાદ ત્યાં જ પરત મૂકી જશે. આ ધાર્મિક બસ પ્રવાસનું બુકિંગ કરાવવા માટે લાલદરવાજા, સારંગપુર, વાડજ અને મણીનગર જેવા મુખ્ય બસ ટર્મિનસ પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

AMTS કમિટીના ચેરમેન પરાગ નાઈકે આ યોજના અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, દર વર્ષે શ્રાવણ મહિનાના પવિત્ર દિવસો દરમિયાન શ્રદ્ધાળુઓ શિવમંદિરો અને ધાર્મિક સ્થળોએ મોટી સંખ્યામાં દર્શન માટે જતાં હોય છે. લોકો પરિવાર અને સોસાયટીના સભ્યો સાથે એકસાથે



ભેગા મળીને ભક્તિભાવપૂર્વક દર્શન કરી શકે તેવા શુભ આશયથી AMTS દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધાર્મિક બસ પ્રવાસ યોજના શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ પ્રવાસ માટે પૂર્વ અને પશ્ચિમ ઝોનના ધાર્મિક મહત્વ ધરાવતા મંદિરોનો રૂટ નક્કી કરવામાં આવ્યો છે અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે વિશેષ નોન-એસી બસો ફાળવવામાં આવશે.

આ ધાર્મિક બસ પ્રવાસનો લાભ લેવા માટે ભાડાના દરો પણ ખૂબ વાજબી રાખવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની હદમાં રહેતા નાગરિકો માટે પ્રતિ બસ રૂ. 3000 ભાડું નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે ઔડા (AUDA) ની હદમાં આવતા વિસ્તારોના નાગરિકો માટે પ્રતિ બસ રૂ. 5000 ભાડું ચૂકવવાનું રહેશે. આ યોજનાનો લાભ મેળવવા માટે બુકિંગ કરાવતી વખતે પ્રોપર્ટી ટેક્ષ બિલ તેમજ ટેક્ષ ભરેલાની પહોંચની નકલ જમા કરાવવી ફરજિયાત રહેશે. બુકિંગ કરાવ્યા બાદ બસ સવારે 8.15 વાગ્યે નિયત થયેલા રૂટ પરના મંદિરો તરફ રવાના થશે અને દિવસભર વિવિધ ધાર્મિક સ્થળોના દર્શન કરાવીને સાંજે 4.45 વાગ્યે પરત લાવશે. આ પ્રવાસ માટેની એક બસમાં બેસવાની માન્ય ક્ષમતા 30 મુસાફરોની છે, પરંતુ શ્રદ્ધાળુઓની સુવિધા મુજબ વધુમાં વધુ 40 લોકો મુસાફરી કરી શકશે.

ગત વર્ષે શ્રાવણ માસ અને અધિક શ્રાવણ માસનો અદ્ભુત સંયોગ હતો, જે દરમિયાન AMTS ની ધાર્મિક બસ પ્રવાસ યોજનાને નાગરિકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. ગત વર્ષે એક જ મહિનામાં AMTS ની 1000 થી વધુ બસો મારફતે અંદાજે 1 લાખ જેટલા ભક્તોએ શહેરના વિવિધ ધાર્મિક સ્થળો અને શિવમંદિરોના દર્શનનો લાભ લીધો હતો. દર વર્ષે શ્રદ્ધાળુઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ સેવાઓનો ઉપયોગ કરતા હોય છે, ત્યારે આ વર્ષે પણ વધુમાં વધુ નાગરિકો અને ભક્તજનો મ્યુનિસિપલ કોર્પોરેશનની આ સુવિધાજનક અને આર્થિક રીતે પોસાય તેવી ધાર્મિક બસ પ્રવાસ યોજનાનો લાભ લે તેવી ખાસ અપીલ AMTS ના સત્તાધીશો દ્વારા કરવામાં આવી છે. AMTS કમિટીના ચેરમેન પરાગ નાઈકે આ યોજના અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, દર વર્ષે શ્રાવણ મહિનાના પવિત્ર દિવસો દરમિયાન શ્રદ્ધાળુઓ શિવમંદિરો અને ધાર્મિક સ્થળોએ મોટી સંખ્યામાં દર્શન માટે જતાં હોય છે. લોકો પરિવાર અને સોસાયટીના સભ્યો સાથે એકસાથે ભેગા મળીને ભક્તિભાવપૂર્વક દર્શન કરી શકે તેવા શુભ આશયથી AMTS દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધાર્મિક બસ પ્રવાસ યોજના શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ પ્રવાસ માટે પૂર્વ અને પશ્ચિમ ઝોનના ધાર્મિક મહત્વ ધરાવતા મંદિરોનો રૂટ નક્કી કરવામાં આવ્યો છે અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે વિશેષ નોન-એસી બસો ફાળવવામાં આવશે.

## પોલીસ કર્મચારી જ બુટલેગર બન્યો

# શહેર પોલીસ કંટ્રોલરૂમમાં નોકરીની સાથે દારૂનો વેપાર કરતા પોલીસકર્મીની ધરપકડ, દારૂ સાથે ઝડપાયેલા આરોપીએ પોલીસ કર્મીનું નામ આપ્યું

**અમદાવાદ, તા.12**

અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ કંટ્રોલ રૂમના કર્મચારીની દારૂના રેકેટમાં સંડોવણી સામે આવતા પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. વસ્ત્રાપુર પોલીસે થલતેજ વિસ્તારમાં આવેલા જીવનદીપ સર્કલ નજીકથી એક બિનવારસી કારમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કર્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર પોલીસે સ્થળ પરથી 313 વિદેશી દારૂની બોટલો તથા 102 બિયરના ટીન મળીને કુલ રૂ. 2.51 લાખનો મુદ્દામાલ કબ્જે કરીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી હતી. તપાસના પ્રારંભિક તબક્કે આ દારૂનો જથ્થો ચિરાગ ચૌધરી નામનો શખ્સ લાવ્યો હોવાનું ખૂલતા પોલીસે તેની ધરપકડ કરી હતી. જોકે, પોલીસે હાથ ધરેલી સઘન પૂછપરછમાં આરોપી ચિરાગે ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું હતું કે, આ દારૂનો જથ્થો અમદાવાદ શહેર પોલીસના હાઈટેક પોલીસ કંટ્રોલ રૂમમાં ફરજ બજાવતા એક પોલીસકર્મીએ જ મંગાવ્યો હતો.

ઘટનાની વિગતવાર માહિતી મુજબ વસ્ત્રાપુર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે થલતેજ સ્થિત



જીવનદીપ સર્કલ પાસે એક બિનવારસી આઈ-10 ગાડી પડી છે અને તેમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ કરતા કારમાંથી ગેરકાયદેસર દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર તેમજ દારૂ સહિત કુલ રૂ. 2.51 લાખનો મુદ્દામાલ જપ્ત કરીને વાહનના માલિક અંગે તપાસ શરૂ કરી હતી, જેમાં આ ગાડી અશોક પટેલ ઉર્ફે ચૌધરીની હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે નારણપુરા વિસ્તારમાં રહેતો ચિરાગ ચૌધરી આ દારૂનો જથ્થો ખાસ રાજસ્થાનથી લાવીને અહીં મૂકી ગયો હતો, જેના આધારે પોલીસે ચિરાગની અટકાયત કરી હતી.

પોલીસ કસ્ટડી દરમિયાન ચિરાગે કરેલી પૂછપરછમાં વિગતો સામે આવી હતી કે તે થલતેજના સનસાઈન એપાર્ટમેન્ટમાં રહેતા 37 વર્ષીય પોલીસ કોન્સ્ટેબલ અશોક પટેલ ઉર્ફે ચૌધરીના કહેવાથી જ આ દારૂનો જથ્થો લાવ્યો હતો. આરોપી ચિરાગ અમદાવાદથી પોલીસકર્મી અશોકની જ કાર લઈને રાજસ્થાન ગયો હતો અને ત્યાંથી દારૂનો જથ્થો કારમાં ભરીને પાછો લાવ્યો હતો. ત્યારબાદ તેણે આ કાર પોલીસ કોન્સ્ટેબલ અશોકના ઘરની નજીક આવેલી જગ્યા પર પાર્ક કરી દીધી હતી. આ ગંભીર કબૂલાત બાદ વસ્ત્રાપુર પોલીસે કંટ્રોલ રૂમમાં ફરજ બજાવતા આરોપી પોલીસકર્મી અશોક પટેલની પણ વિધિવત ધરપકડ કરી લીધી છે. હાલમાં પોલીસ એ દિશામાં ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે કે આ પોલીસકર્મી કેટલા સમયથી દારૂનું આ ગેરકાયદેસર રેકેટ ચલાવી રહ્યો હતો અને શહેરમાં તેના ગ્રાહકો કોણ કોણ છે. ઘટનાની વિગતવાર માહિતી મુજબ વસ્ત્રાપુર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે થલતેજ સ્થિત જીવનદીપ સર્કલ પાસે એક બિનવારસી આઈ-10 ગાડી પડી છે અને તેમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ કરતા કારમાંથી ગેરકાયદેસર દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર તેમજ દારૂ સહિત કુલ રૂ. 2.51 લાખનો મુદ્દામાલ જપ્ત કરીને વાહનના માલિક અંગે તપાસ શરૂ કરી હતી, જેમાં આ ગાડી અશોક પટેલ ઉર્ફે ચૌધરીની હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ તપાસ દરમિયાન સામે આવ્યું હતું.

# AMCના પ્લોટમાં જ બિલ્ડરે ટ્રેક્ટરના આવા-જવા રસ્તો બનવ્યો: મકરબાના કરોડો રૂપિયાના પ્લોટમાં ગંદકી.....

### દિવાલ પણ તૂટેલી હાલતમાં, સરકારી જમીનનો ખાનગી બિલ્ડર દ્વારા બેફામ ઉપયોગ

**અમદાવાદ, તા.11**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની માલિકીના પ્લોટોને સ્વચ્છ, જાળવેલા અને સુરક્ષિત રાખવાની પ્રાથમિક જવાબદારી એસ્ટેટ વિભાગના સ્થાનિક વોર્ડ ઈન્સ્પેક્ટર તેમજ જવાબદાર અધિકારીઓની હોય છે. પરંતુ દક્ષિણ પશ્ચિમ ઝોન હેઠળ આવતા સરખેજ વોર્ડમાંથી એસ્ટેટ વિભાગની ગંભીર લાપરવાહીનો કિસ્સો સામે આવ્યો છે. અહીં મકરબા સરકારી ચાવડી નજીક આવેલા કોર્પોરેશનના કરોડો રૂપિયાની કિંમતના વિશાળ પ્લોટની સુરક્ષા અને જાળવણીમાં ભારે બેદરકારી દાખવવામાં આવી રહી છે, જેના કારણે સરકારી મિલકતનો ગેરકાયદેસર ઉપયોગ થઈ રહ્યો હોવાનું સામે આવ્યું છે.

પ્લોટની બિલકુલ બાજુમાં બાંધકામ ચલાવી રહેલા એક ખાનગી બિલ્ડરે કોર્પોરેશનના પ્લોટ વચ્ચે આવેલી દિવાલ તોડી પાડીને પોતાના ભારે વાહનો અને ટ્રેક્ટરોની અવરજવર માટે ગેરકાયદેસર રસ્તો બનાવી લીધો છે. આટલું જ નહીં, બિલ્ડર દ્વારા નિર્માણધીન બિલ્ડીંગનો કાટમાળ (ડેબ્રિજ) અને અન્ય વેસ્ટ મટિરિયલ પણ કોર્પોરેશનના આ પ્લોટમાં જ ફેંકવામાં આવી રહ્યો છે. તેના



કારણે પ્લોટમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે અને સમગ્ર વિસ્તારમાં અતિશય દુર્ગંધ અને ગંદકી ફેલાઈ ગઈ છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં સ્થાનિક એસ્ટેટ વિભાગ અને વોર્ડ ઈન્સ્પેક્ટરે આંખ આડા કાન કરીને બિલ્ડર સામે કોઈ કડક કાર્યવાહી કરી નથી.

આ સમગ્ર વિવાદ અંગે દક્ષિણ પશ્ચિમ ઝોનના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર શંકર અસારીએ ખુલાસો આપતા જણાવ્યું હતું કે, સંબંધિત બિલ્ડરે ખાનગી માલિકીની જગ્યામાં બનેલી દિવાલ તોડીને કોર્પોરેશનના પ્લોટમાંથી પોતાના ટ્રેક્ટરોની અવરજવર માટે રસ્તો તૈયાર કર્યો હતો. આ બાબત ધ્યાન પર આવતા જ સંબંધિત બિલ્ડરને દંડ ફટકારવા માટે વોર્ડ ઈન્સ્પેક્ટરને જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે. તેમણે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે જે દિવાલ તોડવામાં આવી છે તે ખાનગી માલિકીની જગ્યામાં હતી અને કોર્પોરેશનના પ્લોટની પોતાની કોઈ ચણાયેલી દિવાલ નહોતી.

નોંધનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના પ્લોટોને સુરક્ષિત કરવા, તાર ફેન્સિંગ કે બાઉન્ડ્રી વોલ બનાવવા અને તેને સ્વચ્છ રાખવા માટે ભૂતકાળમાં કોર્પોરેટરો દ્વારા તેમજ તાજેતરમાં ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન દ્વારા પણ વારંવાર સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી ચૂકી છે. આમ છતાં, એસ્ટેટ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ગંભીર બેદરકારીના પરિણામે કરોડો રૂપિયાની સરકારી જમીનનો ખાનગી બિલ્ડરો દ્વારા પોતાના સ્વાર્થ માટે બેફામ અને ગેરકાયદેસર ઉપયોગ થઈ રહ્યો છે.

# સુરતમાં 'શોલે' જેવો સીન સર્જાતા ફાયર બ્રિગેડ ધંધે લાગી: 100 ફૂટ ઊંચી નિર્માણાધીન ટાંકી પર યુવક ચડી ગયો, નીચે ઉતારવા ફાયરના હેવી વ્હિકલ બોલાવવા પડ્યા

**સુરત, તા.12**

સુરતના ઉધના વિસ્તારમાં આવેલી 100 ફૂટ ઊંચી નિર્માણાધીન પાણીની ટાંકી પર એક યુવક ચડી જતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. આ યુવક ટાંકીના નિર્માણ કાર્ય માટે આસપાસ લગાવવામાં આવેલી પાલખના માધ્યમથી જોતજોતામાં છેક ઉપર સુધી પહોંચી ગયો હતો. લગભગ એક કલાક સુધી આ યુવક ઊંચાઈ પર બેસી રહ્યો હતો, જેને જોઈને નીચે એકઠા થયેલા લોકોને હિન્દી ફિલ્મ શોલેનો પ્રખ્યાત સીન યાદ આવી ગયો હતો. બનાવની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટીમ હેવી વ્હિકલ અને જરૂરી સાધનો સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ યુવકને સહીસલામત નીચે ઉતાર્યો હતો.

ઘટનાની વિગતવાર માહિતી મુજબ સુરતના ઉધના વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા (SMC) દ્વારા પાણીની નવી ટાંકી બનાવવાનું કામ ચાલી રહ્યું છે.



આ કન્સ્ટ્રક્શન માટે આસપાસ પાલખ બનાવવામાં આવી છે, જેના સહારાથી આજે એક યુવક અચાનક ઉપર ચડવા લાગ્યો હતો. નીચે હાજર સ્થાનિક લોકો અને શ્રમિકોએ તેને બૂમો પાડીને નીચે ઉતરી જવા માટે ઘણી સમજાવટ કરી હતી, પરંતુ યુવકે કોઈનું સાંભળ્યું ન હતું અને તે છેક 100 ફૂટની ઊંચાઈએ પહોંચીને બેસી ગયો હતો.

યુવકના આ વર્તનને કારણે સ્થળ પર લોકોનું મોટું ટોળું જમા થઈ ગયું હતું. ઘટના અંગે ફાયરબ્રિગેડને તાત્કાલિક જાણ કરવામાં આવતાં જ હાઈડ્રોલિક પ્લેટફોર્મ સહિતની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન ફાયરનો એક જવાન ટાંકી પરથી સાવધાનીપૂર્વક નીચે તરફ ઉતરતો હતો, જ્યારે અન્ય એક જવાન નીચેથી પાલખના સહારાથી ઉપર તરફ ચડ્યો હતો. આ બંને જવાનોએ ખૂબ જ સૂઝબૂઝ અને મહામહેનત કરીને યુવકને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં સફળતા મેળવી હતી.

એક કલાક સુધી સ્થાનિક લોકો અને સમગ્ર તંત્રને દોડતું રાખનાર આ યુવક આખરે કયા કારણોસર ટાંકી પર ચડ્યો હતો તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ રહ્યું છે. ઘટના બાદ સ્થાનિક પોલીસે યુવકને પોતાની કસ્ટડીમાં લઈ તેની ગહન પૂછપરછ હાથ ધરી છે.

આ રેસ્ક્યૂ ઓપરેશન અંગે માહિતી આપતાં ફાયર ઓફિસર નરોત્તમ ખલાસીએ જણાવ્યું હતું કે, એસએમસીની નવી બની રહેલી પાણીની ટાંકી પર ચડેલો યુવક માનસિક રીતે અસ્થિર મગજનો હોવાનું જણાઈ રહ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઉધના ફાયર સ્ટેશનની ટીમ ત્વરિત ધોરણે સ્થળ પર પહોંચી ગઈ હતી. યુવક ટાંકીની ઉપર સતત ગોળ ગોળ ફરી રહ્યો હતો અને તેની માનસિક સ્થિતિ યોગ્ય ન હોવાથી તે શું બોલી રહ્યો હતો તેની કોઈને સ્પષ્ટ સમજ પડતી નહોતી.

પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે સ્થળ પર તાત્કાલિક હાઈડ્રોલિક પ્લેટફોર્મ મંગાવવામાં આવ્યું હતું. ફાયરમેન અને માર્શલની એક ટીમ ઉપર પહોંચી હતી, જ્યારે નીચેથી પણ એક જવાન ઉપર ચડી રહ્યો હતો. જો યુવક અચાનક ગભરાઈને કે આવેશમાં આવીને નીચે કૂદી પડે તો તેની જાન બચાવી શકાય તે માટે નીચે સુરક્ષા જાળી પકડીને ફાયરના અન્ય જવાનોને સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા હતા. ઉપર પહોંચેલી ટીમે એક જવાનને દોરડા વડે બાંધીને અત્યંત સુરક્ષિત રીતે નીચે ઉતારવાની કામગીરી શરૂ કરી હતી, જેના પગલે યુવક પણ ધીમે ધીમે નીચે ઉતરવા લાગ્યો હતો. ફાયર ફાઈટરોની ત્વરિત સતર્કતા અને સમયસૂચકતાના કારણે માત્ર એક જ કલાકના ટૂંક સમયમાં આ જટિલ રેસ્ક્યૂ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરી શકાયું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# રશિયા તરફથી મધ્યસ્થી બનશે પૂર્વ ચીફ જસ્ટિસ ચંદ્રચુડ: યુક્રેનની સરકારી બેંક સાથે ચાલી રહેલો વિવાદ

**નવી દિલ્હી, તા.12**

રશિયાએ ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ (CJI) ડીવાય ચંદ્રચુડને યુક્રેનની સરકારી બેંક ઓશ્ચાદબેંક સાથે સંકળાયેલા આંતરરાષ્ટ્રીય રોકાણ વિવાદમાં પોતાના મધ્યસ્થી બનાવ્યા છે. બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ, આ મામલો યુક્રેન અને રશિયા વચ્ચે 1998માં થયેલા દ્વિપક્ષીય રોકાણ કરાર હેઠળ ચાલી રહ્યો છે. ઓશ્ચાદબેંકનું કહેવું છે કે 2022માં રશિયાના યુક્રેન પરના હુમલાને કારણે તેને દોનેત્સ્ક, લુહાન્સ્ક, ખેરસન અને ઝાપોરિઝ્ઝિયા પ્રદેશોમાં પોતાની સંપત્તિઓ અને વ્યવસાય ગુમાવવો પડ્યો. આ વિસ્તારોમાં ઓશ્ચાદબેંકની બેંક શાખાઓ, ATM, ઓફિસો, જમીન અને અન્ય વ્યવસાયિક સંસાધનો હતા. રશિયાના કબજા પછી બેંક આ સંપત્તિઓનો ઉપયોગ કરી શકી નહીં. ઘણી શાખાઓ બંધ થઈ ગઈ અને બેંકનો વ્યવસાય ઠપ્પ થઈ ગયો. બેંકના મતે, આનાથી તેને ભારે નુકસાન થયું. આ જ કારણોસર બેંકે ઘણા 100 મિલિયન ડોલરનો દાવો કર્યો છે.

બેંકે જુલાઈ 2025માં રશિયાને વિવાદની નોટિસ મોકલી હતી. રશિયા તરફથી જવાબ ન મળતા તેણે આંતરરાષ્ટ્રીય મધ્યસ્થીની પ્રક્રિયા શરૂ કરી દીધી. આ કેસની સુનાવણી ત્રણ સભ્યોની ટ્રિબ્યુનલ કરશે. ડીવાય ચંદ્રચુડ: ભારતના 50મા મુખ્ય ન્યાયાધીશ રહી ચૂક્યા છે. આ મામલામાં રશિયા તરફથી નિયુક્ત મધ્યસ્થી છે.

સ્ટાવરોસ બ્રેકૌલાકિસ: ગ્રીસના વિશ્વના જાણીતા આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી છે. આ મામલામાં યુક્રેનની સરકારી બેંક ઓશ્ચાદબેંક તરફથી નિયુક્ત મધ્યસ્થી છે.

ડાયલા જિમેનેઝ: કોસ્ટારિકાના પૂર્વ વ્યાપાર મંત્રી છે. તેઓ ત્રણ સભ્યોના ટ્રિબ્યુનલના અધ્યક્ષ છે. તેમને રશિયા અને ઓશ્ચાદબેંક, બંને પક્ષોએ મળીને પસંદ કર્યા છે.

જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ પહેલા પણ ભારતની સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ઘણા પૂર્વ ન્યાયાધીશો આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી અને ટ્રિબ્યુનલમાં મહત્વની જવાબદારીઓ નિભાવી ચૂક્યા છે.

રશિયા આ પહેલા પણ ડીવાય ચંદ્રચુડને બે મોટા આંતરરાષ્ટ્રીય રોકાણ વિવાદોમાં પોતાની તરફથી મધ્યસ્થી બનાવવા માંગતું હતું. રિપોર્ટ અનુસાર, પહેલો મામલો જર્મનીની ઊર્જા કંપની વિન્ટરશાલ ડીયા સાથે સંકળાયેલો હતો. આ કંપનીએ રશિયા પર આરોપ લગાવ્યો હતો કે યુક્રેન યુદ્ધ પછી તેની રશિયામાં રહેલી ગેસ અને



તેલ પ્રોજેક્ટ્સ પર કબજો કરી લેવામાં આવ્યો, જેનાથી તેને ભારે આર્થિક નુકસાન થયું.

બીજો મામલો યુક્રેનની સરકારી વીજળી ટ્રાન્સમિશન કંપની ઉક્રએનરગોનો હતો. કંપનીનો આરોપ છે કે રશિયાના કબજા હેઠળના વિસ્તારોમાં તેની વીજળી સંબંધિત સંપત્તિઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું અથવા તેના પર કબજો કરી લેવામાં આવ્યો.

આ બંને મામલાઓમાં રશિયાએ ડીવાય ચંદ્રચુડને પોતાની તરફથી મધ્યસ્થી બનવા વિનંતી કરી હતી. જોકે, તેમણે આ જવાબદારી સ્વીકારી ન હતી. હજુ સુધી બંને મામલાઓનું અંતિમ પરિણામ આવ્યું નથી.

જ્યારે બે દેશોની કંપનીઓ અથવા કોઈ દેશ અને વિદેશી કંપની વચ્ચે વેપાર કે રોકાણને લઈને મોટો વિવાદ થાય છે, ત્યારે તેઓ દર વખતે અદાલતમાં જતા નથી. ઘણીવાર બંને પક્ષો મળીને કેટલાક નિષ્ણાતોની પસંદગી કરે છે. આ નિષ્ણાતો બંને પક્ષોની વાત સાંભળે છે અને નિર્ણય આપે છે. આને આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી કહેવાય છે.

ધારો કે બે કંપનીઓ વચ્ચે કરોડો રૂપિયાનો વિવાદ થયો. જો તેઓ કોર્ટમાં જશે, તો નિર્ણય આવવામાં ઘણા વર્ષો લાગી શકે છે. તેથી બંને મળીને કેટલાક નિષ્પક્ષ નિષ્ણાતોની પસંદગી કરે છે. આ નિષ્ણાતો બંને પક્ષોની વાત સાંભળે છે અને નક્કી કરે છે કે કોનો દાવો સાચો છે.

બંને પક્ષો પોતાના નિષ્ણાતોની પસંદગી કરે છે: સામાન્ય રીતે બંને પક્ષો એક-એક મધ્યસ્થીની પસંદગી કરે છે. ત્યારબાદ બંને મળીને ત્રીજા મધ્યસ્થીની પસંદગી કરે છે. આ ત્રણેય મળીને એક ટ્રિબ્યુનલ બનાવે છે. બંને પક્ષો પોતાની વાત રજૂ કરે છે: બંને પક્ષો પોતાના દસ્તાવેજો, પુરાવા અને દલીલો ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરે છે.

ટ્રિબ્યુનલ ચુકાદો સંભળાવે છે: બધા પક્ષોની વાત સાંભળ્યા પછી ટ્રિબ્યુનલ પોતાનો નિર્ણય આપે છે. આને 'એવોર્ડ' કહેવામાં આવે છે.

ચુકાદાનું પાલન કરવું પડે છે: મોટાભાગના કિસ્સાઓમાં ટ્રિબ્યુનલનો નિર્ણય બંને પક્ષો માટે માન્ય રાખવો જરૂરી હોય છે.

અદાલતમાં સરકારી ન્યાયાધીશ ચુકાદો આપે છે. આંતરરાષ્ટ્રીય મધ્યસ્થીમાં બંને પક્ષો તેમની સંમતિથી નિષ્ણાતો પસંદ કરે છે. અદાલતની સુનાવણી ઘણીવાર સાર્વજનિક હોય છે, જ્યારે કે મધ્યસ્થીની પ્રક્રિયા સામાન્ય રીતે ખાનગી રહે છે. ઘણા કિસ્સાઓમાં મધ્યસ્થી દ્વારા અદાલતની સરખામણીમાં ઓછા સમયમાં ચુકાદો મળી જાય છે. બ્રિટનની કંપની કેયર્ન એનર્જીએ 2006માં ભારતમાં તેના કારોબારમાં કેટલાક ફેરફારો કર્યા હતા. તે સમયે સરકારે તેના પર કોઈ ટેક્સ લગાવ્યો ન હતો. પરંતુ 2012માં ભારત સરકારે નવો ટેક્સ કાયદો બનાવ્યો અને કહ્યું કે આ કાયદો જૂના સોદાઓ પર પણ લાગુ પડશે. ત્યારબાદ સરકારે કેયર્ન પાસેથી હજારો કરોડ રૂપિયાનો ટેક્સ માંગ્યો અને તેની કેટલીક સંપત્તિઓ પણ પોતાના કબજામાં લઈ લીધી. કંપનીએ આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલમાં ફરિયાદ કરી. 2020માં ટ્રિબ્યુનલે કહ્યું કે ભારતની ટેક્સ વસૂલાત યોગ્ય ન હતી. તેણે ભારતને કંપનીને લગભગ 1.2 અબજ ડોલર (લગભગ 9 હજાર કરોડ રૂપિયા) પરત કરવાનો આદેશ આપ્યો. 2021માં ભારત સરકારે આ જૂનો ટેક્સ કાયદો પાછો ખેંચી લીધો. ત્યારબાદ બંને પક્ષો વચ્ચે સમાધાન થયું અને મામલો પૂરો થઈ ગયો

# ટ્રમ્પના સલાહકારે કહ્યું- ભારતીયોએ સોશિયલ મીડિયા પર ગાળો આપી

## રશિયન તેલના મુદ્દે ભારતને ઘેર્યું હતું, કહ્યું- અમેરિકામાં આવું નથી થતું

**વોશિંગ્ટન, તા.12**

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના વેપાર સલાહકાર પીટર નાવારોએ મંગળવારે કહ્યું કે રશિયન તેલ ખરીદવા બદલ ભારતની ટીકા કરવા પર તેમને ગાળો આપવામાં આવી હતી. નાવારોએ વોશિંગ્ટનમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન કહ્યું કે રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન તેમણે ભારતની ઊર્જા નીતિ પર એક લેખ લખ્યો હતો. આમાં ભારતના રશિયન તેલ ખરીદવાની ટીકા કરવામાં આવી હતી. તેના પ્રકાશિત થયા પછી તેમને સોશિયલ મીડિયા પર ભારતીય યુઝર્સની ટીકાનો સામનો કરવો પડ્યો હતો.

નાવારોનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે રશિયા પાસેથી તેલ ખરીદવા અંગે ભારત અને અમેરિકા વચ્ચે મતભેદ ચાલી રહ્યા છે. હકીકતમાં, ફેબ્રુઆરી 2022માં યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી રશિયાએ પોતાનું ક્રૂડ ઓઈલ સસ્તી કિંમતે વેચવાનું શરૂ કર્યું. ભારતે તેનો ફાયદો ઉઠાવીને રશિયા પાસેથી મોટા પ્રમાણમાં તેલ ખરીદવાનું શરૂ કર્યું.

અમેરિકા અને ઘણા પશ્ચિમી દેશોનું કહેવું છે કે ભારત જેટલું વધુ રશિયન તેલ ખરીદે છે, રશિયાને તેટલા વધુ પૈસા મળે છે. યુદ્ધમાં તે આ જ પૈસા ખર્ચે છે.

નવારો પણ અગાઉ ઘણી વખત કહી ચૂક્યા છે કે ભારત, રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદે છે,



તેને પોતાની રિફાઈનરીઓમાં પેટ્રોલ અને ડીઝલ જેવા ઉત્પાદનોમાં બદલે છે અને પછી બીજા દેશોને વેચી દે છે. જોકે, ભારતનું કહેવું છે કે તે પોતાના લોકોને સસ્તું અને પર્યાપ્ત ઈંધણ ઉપલબ્ધ કરાવવા માટે પોતાની જરૂરિયાત અને રાષ્ટ્રીય હિત મુજબ તેલ ખરીદે છે.

પીટર નવારોએ એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે ખૂબ સારા સંબંધો છે. બંને નેતાઓ રશિયન તેલ સાથે જોડાયેલા 100% ટેરિફના મુદ્દાને પરસ્પર ઉકેલી લેશે.

હકીકતમાં, શુક્રવારે અમેરિકી સેનેટે 86-11ના બહુમતીથી ભારત સહિત 5 દેશો પર 100% સુધીનો ટેરિફ લગાવતું બિલ પસાર કર્યું હતું. જોકે, હજુ આ કાયદો બન્યો નથી. હજુ તેને અમેરિકી સંસદના નીચલા ગૃહ એટલે કે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં મોકલવામાં આવશે. બિલ મુજબ ભારત, ચીન, સ્લોવાકિયા, હંગેરી અને અઝરબૈજાન પર 100% ટેરિફ લગાવી શકાય છે. તેનો હેતુ રશિયાની તેલમાંથી થતી કમાણી ઘટાડવાનો છે, જેથી તેની યુદ્ધ લડવાની ક્ષમતા નબળી પડી શકે.

23 જુલાઈએ રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદનારા દેશો પર 100% સુધી ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. પરંતુ બિલના શરૂઆતના મુસદ્દામાં 500% ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ હતો, પરંતુ બાદમાં તેને ઘટાડીને 100% કરી દેવામાં આવ્યો.

જો આ કાયદો બની જાય તો 1996નો 'ઈરાન પ્રતિબંધ કાયદો' 2031 સુધી લંબાવવામાં આવશે. આ કાયદો એવી બિન-અમેરિકી કંપનીઓ પર પ્રતિબંધ મૂકે છે જે ઈરાન સાથે વેપાર કરે છે. આ કાયદો આ જ વર્ષે સમાપ્ત થવાનો હતો. આ બિલથી અમેરિકી રાષ્ટ્રપતિને એ અધિકાર પણ મળી જશે કે તેઓ અમેરિકામાં આવતા રશિયન સામાન પર 500% સુધી ટેરિફ લગાવી શકે. રાષ્ટ્રપતિનો આ અધિકાર 5 વર્ષ સુધી લાગુ રહેશે.

વ્હાઈટ હાઉસે પહેલા પણ રશિયા પર પ્રતિબંધો લગાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ઈરાન યુદ્ધ દરમિયાન જ્યારે હોર્મુઝ બંધ થયું, ત્યારે તેલનું સંકટ આવી ગયું. આ કારણે અમેરિકી પ્રશાસનને તેલના વેચાણ પર થોડા સમય માટે છૂટ આપવી પડી હતી. ભારતે જૂન 2026માં રશિયા પાસેથી વિક્રમી 26.1 લાખ બેરલ પ્રતિદિન ક્રૂડ તેલ ખરીદ્યું, જે દેશના કુલ તેલ આયાતનો 52.4% હતો. એટલે કે ગયા મહિને ભારતમાં આયાત થતા દર બે બેરલ તેલમાંથી એકથી વધુ બેરલ રશિયામાંથી આવ્યું.

# કોલંબિયા ભૂકંપના 48 કલાક પછી નવજાત બાળકનું રેસ્ક્યુ: પાંચ માળની ઈમારત નીચે દટાયેલો મળ્યો

**બોગોટા, તા.12**

દક્ષિણ અમેરિકી દેશ કોલંબિયામાં સોમવારે રાત્રે આવેલા 7.4ની તીવ્રતાના ભૂકંપના લગભગ 48 કલાક પછી કાટમાળમાંથી એક બાળકને જીવતો બહાર કાઢવામાં આવ્યો. બાળક એક ધરાશાયી થયેલી પાંચ માળની રહેણાંક ઈમારતના કાટમાળમાં ફસાયેલું હતું. તેની સાથે એક માણસ પણ દટાયેલો હતો.

આ બચાવ કાર્ય બુધવારે ભૂકંપ પછી ચાલી રહેલા ત્રીજા દિવસના સર્ચ ઓપરેશન દરમિયાન થયું. CNNના રિપોર્ટ અનુસાર, બચાવ ટીમે જણાવ્યું કે તેમને કાટમાળ નીચેથી એક માણસનો અવાજ સંભળાયો. માણસે કહ્યું- 'હા, હું અહીં જ છું. હું એક બાળક સાથે છું.' આ પછી, ઘટનાસ્થળે હાજર બચાવ ટીમ અને અન્ય લોકોએ તરત જ હાથથી કાટમાળ હટાવવાનું શરૂ કર્યું.

એક ભારે કોંક્રિટ સ્લેબ નીચે એક વ્યક્તિ અને નવજાત બાળક ફસાયેલા હતા. લોકોએ સ્લેબને ઉઠાવ્યો અને બંનેને બચાવવામાં આવ્યા. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, બાળકનું માથું જાંબલી જેવું થઈ ગયું હતું, કારણ કે તેને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી.

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે મંગળવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે કોલંબિયામાં જાનમાલના નુકસાનથી તેઓ ખૂબ દુઃખી છે. તેમણે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલો ઝડપથી સાજા થાય તેવી કામના



કરી.

તેમણે કહ્યું કે ભારત જરૂર પડ્યે કોલંબિયાને દરેક સંભવ મદદ આપવા માટે તૈયાર છે.

કોલંબિયામાં ભૂકંપથી અત્યાર સુધીમાં 224 લોકોના મોત થયા છે. આ ઉપરાંત 1200થી વધુ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર છે. 3000થી વધુ લોકો ગુમ હોવાનું કહેવાય છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, દેશભરમાં 86 ઈમારતો ધરાશાયી થઈ, જ્યારે 1,500થી વધુ ઘરોને નુકસાન થયું છે. 18 આરોગ્ય કેન્દ્રો અને 52 શાળાઓને પણ નુકસાન થયું છે.

આ ઉપરાંત 7 એરપોર્ટ પર કામ રોકી દેવામાં આવ્યું છે. પાંચ શહેરોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિએ ઈમરજન્સી કમિટીની બેઠક બોલાવીને રાહત અને બચાવ અભિયાનની દેખરેખ શરૂ કરી દીધી છે.

પેરેરા શહેરમાં એકલા 60 લોકોના મોત થયા છે. લગભગ 5 લાખની વસ્તી ધરાવતું આ શહેર ભૂકંપના કેન્દ્રથી 64 કિલોમીટરથી પણ ઓછા અંતરે છે.

રાજધાની બોગોટા સહિત ઘણા શહેરોમાં પણ તીવ્ર આંચકા અનુભવાયા. સાવચેતીના ભાગરૂપે લોકો ઈમારતોમાંથી બહાર નીકળીને રસ્તાઓ પર આવી ગયા.

ચોકો અને રિસારાલ્ડામાં ભારે નુકસાન. અમેરિકી ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (USGS) અનુસાર, ભૂકંપ સોમવારે સવારે લગભગ 7:34 વાગ્યે આવ્યો હતો. તેનું કેન્દ્ર ચોકો વિસ્તારમાં સાન જોસ ડેલ પાલમાર નજીક હતું. ભૂકંપની ઊંડાઈ 107 કિલોમીટર હતી.

બોગોટાના મેયરે અસરગ્રસ્ત વિસ્તારો માટે 6 કલેક્શન સેન્ટર બનાવ્યા છે. અહીં પાણી, ધાબળા, પેક્ડ ફૂડ, સ્વચ્છતાનો સામાન અને ફર્સ્ટ-એઈડ કીટ એકત્રિત કરવામાં આવી રહી છે.

અસરગ્રસ્ત શહેરોમાં રાહત અને બચાવ અભિયાન માટે બોગોટાથી 100 બચાવકર્મીઓને મોકલવાની તૈયારી છે.

કોલંબિયા દુનિયાના સૌથી વધુ ભૂકંપ પ્રભાવિત દેશોમાંનો એક છે. અહીં દર વર્ષે હજારથી વધુ નાના-મોટા ભૂકંપ આવે છે.

કોલંબિયામાં વારંવાર ભૂકંપ આવવાનું સૌથી મોટું કારણ તેની ભૌગોલિક સ્થિતિ છે. આ દેશ 'રિંગ ઓફ ફાયર' નામના ભૂકંપ અને જ્વાળામુખીવાળા ક્ષેત્રમાં આવે છે.

અહીં નાઝકા, કોકોસ અને દક્ષિણ અમેરિકી જેવી ઘણી મોટી ટેક્ટોનિક પ્લેટો એકબીજા સાથે ટકરાય છે. આમાંથી એક પ્લેટ બીજીની નીચે ધસી જાય છે. આ જ કારણ છે કે જમીનની અંદર સતત હલચલ થતી રહે છે, જેના કારણે અવારનવાર તેજ ભૂકંપ અને જ્વાળામુખી વિસ્ફોટ થાય છે.

# પાકિસ્તાનમાં ઈમરાન ખાનનાં મોતનો દાવો ખોટો: દાવો કરનાર પત્રકાર એક દિવસ પછી ફરી ગયો, PTI બોલી- ઈમરાન માટે કાર્યકર્તાઓ રસ્તા પર ઉતરશે

**ઈસ્લામાબાદ, તા.12**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના મોતનો દાવો ખોટો સાબિત થયો છે. મંગળવારે પાકિસ્તાની પત્રકાર વજાહત સઈદ ખાને તેમના મૃત્યુનો દાવો કર્યો હતો, જોકે એક દિવસ પછી જ તેઓ પોતાની વાત પરથી ફરી ગયા. તેમણે મંગળવારે વીડિયો જાહેર કરીને દાવો કર્યો હતો કે રાવલપિંડી સ્થિત સેના મુખ્યાલયના ઓછામાં ઓછા ત્રણ વરિષ્ઠ અધિકારીઓને ડર છે કે ઈમરાન ખાન હવે જીવતા નથી. પત્રકારના દાવા પછી ઈમરાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) એ કહ્યું છે કે જો તેમને મળવાની પરવાનગી આપવામાં નહીં આવે, તો 20 લાખથી વધુ લોકો રસ્તાઓ પર ઉતરવા માટે તૈયાર છે. પાર્ટીએ 27 સપ્ટેમ્બરે ઈસ્લામાબાદ સુધી લોંગ માર્ચની જાહેરાત કરી છે. પાકિસ્તાની પત્રકાર વજાહત સઈદ ખાને પોતાની યુટ્યુબ ચેનલ પર દાવો કર્યો હતો કે ત્રણ વરિષ્ઠ સૈન્ય સૂત્રોએ તેમને જણાવ્યું છે કે તેમને આશંકા છે કે ઈમરાન ખાન હવે જીવતા નથી. પત્રકારે એ પણ સ્પષ્ટ કર્યું કે આ સૂત્રોએ પોતે ઈમરાનને મૃત જોયા નથી અને તેમનો દાવો પ્રત્યક્ષ પુષ્ટિ પર આધારિત નથી. તેમ છતાં તેમના દાવાએ જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાનની સ્થિતિને લઈને પહેલાથી ચાલી રહેલી અટકળોને વધુ હવા આપી છે.



ઈમરાન ખાનની તબિયતને લઈને ચિંતા એટલા માટે પણ વધી છે કારણ કે તેમના પરિવાર, પાર્ટી નેતાઓ, વકીલો અને ખાનગી ડોકટરોની તેમની મુલાકાતને લઈને સતત વિવાદ રહ્યો છે. PTI પહેલા પણ ઈમરાનને અલગ રાખવા અને તેમની સારવારને લઈને સવાલો ઉઠાવતી રહી છે. જૂનમાં પાર્ટીએ તેમને હોસ્પિટલ મોકલવા, નિયમિત મુલાકાતની મંજૂરી આપવા અને ખાનગી ડોકટરો દ્વારા તપાસ કરાવવાની માગ કરી હતી.

મે મહિનામાં પણ ઈમરાનની બહેનો અને ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીને અદિયાલા જેલ પહોંચતા રોકવામાં આવ્યા હતા. તેને લઈને PTIએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ઈમરાન ખાનની સ્થિતિને લઈને વધતી ચિંતા હવે રાજકીય ટકરાવનું રૂપ લઈ રહી છે. PTI નેતા અને ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીએ દાવો કર્યો છે કે પાર્ટીના 20 લાખથી વધુ લોકો રસ્તાઓ પર ઉતરવા માટે તૈયાર છે. પાર્ટીએ 27 સપ્ટેમ્બરે ઈસ્લામાબાદ સુધી માર્ચની જાહેરાત પણ કરી છે. ઈમરાન ખાન ઓગસ્ટ 2023થી જેલમાં છે અને ઘણા કેસોમાં સજા ભોગવી રહ્યા છે. તેમની ધરપકડ પછી તેમનો સૈન્ય સંસ્થાપન સાથેનો ટકરાવ પાકિસ્તાનના રાજકારણનો સૌથી મોટો મુદ્દો બન્યો છે. આવા સમયે તેમના મોતના અપ્રમાણિત સમાચારે રાજકીય તણાવને વધુ વધારી દીધો છે. હાલમાં ઈમરાન ખાનના મોતની કોઈ પુષ્ટિ થઈ નથી. પરંતુ પરિવાર અને પાર્ટીને મુલાકાતની મંજૂરી ન મળવા, તેમની તબિયતને લઈને જૂના વિવાદો અને પત્રકારના નવા દાવાએ પાકિસ્તાનમાં ફરી એકવાર મોટો સવાલ ઊભો કર્યો છે કે આખરે અદિયાલા જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાનની હાલત કેવી છે.

આ પહેલાં ઈમરાન ખાનની તબિયતને લઈને તેમના પુત્ર કાસિમ ખાને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે દાવો કર્યો કે 1100 દિવસથી જેલમાં બંધ ઈમરાન ખાનની આંખોની રોશની સતત નબળી પડી રહી છે, પરંતુ પરિવારને તેમને મળવા કે તેમની મેડિકલ સ્થિતિની માહિતી પણ આપવામાં આવી રહી નથી. કાસિમે આંતરરાષ્ટ્રીય સમુદાયને હસ્તક્ષેપ કરવાની અપીલ કરતા પાકિસ્તાનની સરકાર અને સૈન્ય પ્રશાસન પર તીખો હુમલો બોલ્યો.

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના પુત્ર કાસિમ ખાને શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક ભાવુક પોસ્ટ લખીને પોતાના પિતાની તબિયતને લઈને ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ઈમરાન ખાનને જેલમાં બંધ થયાને હવે લગભગ 1100 દિવસ થઈ ચૂક્યા છે અને માર્ચ પછી તેમણે પોતાના પિતાનો અવાજ પણ સાંભળ્યો નથી. કાસિમે લખ્યું, 'ઘણા મહિનાઓથી અમને તેમની સાથે વાત કરવા કે મળવાની પરવાનગી આપવામાં આવી નથી. અમને એ પણ નથી ખબર કે તેમને યોગ્ય સારવાર મળી રહી છે કે નહીં. તેમની આંખોની રોશની સતત નબળી પડી રહી છે અને તેમને તાત્કાલિક મેડિકલ સહાયની જરૂર છે.' 26 વર્ષના કાસિમ અને તેમના મોટા ભાઈ સુલેમાન ખાન બ્રિટનમાં રહે છે. તેમણે કહ્યું કે તેમને પોતાના પિતાની માત્ર રાજકીય ચિંતા જ નથી, પરંતુ એક પુત્ર તરીકે તેમને ખૂબ યાદ આવે છે. તેમણે લખ્યું, 'કાશ હું તેમની સાથે ક્રિકેટ, પુસ્તકો અને ફિલ્મો જેવી સામાન્ય વાતો કરી શકતો હોત. પાકિસ્તાનની જનતા પોતાના ચૂંટાયેલા નેતાને આઝાદ જોવા માંગે છે, પરંતુ મને મારા પિતાની પહેલા કરતાં પણ વધુ યાદ આવે છે.' ઈમરાન ખાન ઓગસ્ટ 2023થી જેલમાં છે અને ઘણા કેસોમાં સજા ભોગવી રહ્યા છે. તેમની ધરપકડ પછી તેમનો સૈન્ય સંસ્થાપન સાથેનો ટકરાવ પાકિસ્તાનના રાજકારણનો સૌથી મોટો મુદ્દો બન્યો છે. આવા સમયે તેમના મોતના અપ્રમાણિત સમાચારે રાજકીય તણાવને વધુ વધારી દીધો છે. ઈમરાન ખાનની તબિયતને લઈને ચિંતા એટલા માટે પણ વધી છે કારણ કે તેમના પરિવાર, પાર્ટી નેતાઓ, વકીલો અને ખાનગી ડોકટરોની તેમની મુલાકાતને લઈને સતત વિવાદ રહ્યો છે. PTI પહેલા પણ ઈમરાનને અલગ રાખવા અને તેમની સારવારને લઈને સવાલો ઉઠાવતી રહી છે. જૂનમાં પાર્ટીએ તેમને હોસ્પિટલ મોકલવા, નિયમિત મુલાકાતની મંજૂરી આપવા અને ખાનગી ડોકટરો દ્વારા તપાસ કરાવવાની માગ કરી હતી.

# અમેરિકી અધિકારીનો દાવો- મોદી-ટ્રમ્પ ટેરિફનો મુદ્દો ઉકેલશે: કહ્યું- તેમના વચ્ચે સારા સંબંધો, પહેલા અમેરિકામાં ભારત પર 100% ટેરિફવાળું બિલ પાસ થયું હતું

**વોશિંગ્ટન, તા.12**

અમેરિકી રાષ્ટ્રપતિના વરિષ્ઠ સલાહકાર નવારોએ મંગળવારે જણાવ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે ખૂબ સારા સંબંધો છે. બંને નેતાઓ રશિયન તેલ સંબંધિત 100% ટેરિફના મુદ્દાને પરસ્પર ઉકેલી લેશે. હકીકતમાં, શુક્રવારે અમેરિકી સેનેટે 86-11ના બહુમતીથી ભારત સહિત 5 દેશો પર 100% સુધીનો ટેરિફ લગાવતું બિલ પસાર કર્યું હતું. જોકે, હજુ આ કાયદો બન્યો નથી. હજુ તેને અમેરિકી સંસદના નીચલા ગૃહ એટલે કે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં મોકલવામાં આવશે. બિલ મુજબ ભારત, ચીન, સ્લોવાકિયા, હંગેરી અને અઝરબૈજાન પર 100% ટેરિફ લગાવી શકાય છે. તેનો હેતુ રશિયાની તેલમાંથી થતી કમાણી ઘટાડવાનો છે, જેથી તેની યુદ્ધ લડવાની ક્ષમતા નબળી પડી શકે.

23 જુલાઈએ રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદનારા દેશો પર 100% સુધી ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. પરંતુ બિલના શરૂઆતી ડ્રાફ્ટમાં 500% ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ હતો, પરંતુ બાદમાં તેને ઘટાડીને 100% કરી દેવામાં આવ્યો.

જો આ કાયદો બની જાય છે તો 1996નો 'ઈરાન પ્રતિબંધ કાયદો' 2031 સુધી લંબાવવામાં આવશે. આ કાયદો એવી બિન-અમેરિકી કંપનીઓ પર પ્રતિબંધ મૂકે છે જે ઈરાન સાથે વેપાર કરે છે. આ કાયદો આ જ વર્ષે સમાપ્ત થવાનો હતો. આ બિલથી અમેરિકી રાષ્ટ્રપતિને એ અધિકાર પણ મળી જશે કે તેઓ અમેરિકામાં આવતા રશિયન સામાન પર 500% સુધી ટેરિફ લગાવી શકે. રાષ્ટ્રપતિનો આ અધિકાર 5 વર્ષ સુધી લાગુ રહેશે.

વ્હાઈટ હાઉસે પહેલા પણ રશિયા પર પ્રતિબંધો લગાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ઈરાન યુદ્ધ દરમિયાન જ્યારે હોર્મુઝ બંધ થયું, ત્યારે તેલનું સંકટ આવી ગયું. આ કારણે અમેરિકી પ્રશાસનને તેલના વેચાણ પર થોડા સમય માટે છૂટ આપવી પડી હતી. ભારતે જૂન 2026માં રશિયા પાસેથી રેકોર્ડ 26.1 લાખ બેરલ પ્રતિદિન ક્રૂડ તેલ ખરીદ્યું, જે દેશના કુલ તેલ આયાતનો 52.4% હતો. એટલે કે, ગયા મહિને ભારતમાં આયાત થતા દર બે બેરલ તેલમાંથી એકથી વધુ બેરલ રશિયાથી આવ્યું.

રશિયા સતત ભારતનો સૌથી



મોટો તેલ સપ્લાયર બન્યો છે. મે મહિનાની સરખામણીમાં જૂનમાં રશિયામાંથી તેલની આયાતમાં લગભગ 39%નો વધારો નોંધાયો.

અમેરિકાના 100% ટેરિફની સીધી અસર ભારતના નિકાસ બિલ પર પડી શકે છે. આનાથી ભારતીય સામાન અમેરિકામાં બમણો મોંઘો થઈ જશે. અમેરિકન ખરીદદારો સસ્તા વિકલ્પો શોધશે જેમ કે બાંગ્લાદેશ, વિયેતનામ, મેક્સિકો, ચીન. પરિણામે ભારતના ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી, એન્જિનિયરિંગ ગુડ્સ, લેધર, દરિયાઈ ઉત્પાદનો, કેમિકલ્સ વગેરેના ઓર્ડર ઘટી જશે.

રશિયાથી આવતા તેલ પર પ્રતિબંધ કે ટેરિફનું દબાણ વધે છે, તો ભારતને અન્ય દેશો પાસેથી તેલ ખરીદવું પડશે. આ મોંઘું પડી શકે છે, જેનાથી ભારતમાં પેટ્રોલ-ડીઝલ મોંઘું થઈ શકે છે.

અમેરિકાના પ્રતિબંધો અને ટેરિફથી ઘણા દેશોની અર્થવ્યવસ્થા અને કારોબાર પર અસર પડી, પરંતુ રાજકીય હેતુઓ હંમેશા પૂરા થયા નથી. અમેરિકાએ 1960માં ક્યુબા પર આર્થિક પ્રતિબંધો લગાવ્યા. છ દાયકાથી વધુ સમય વીતી ગયા પછી પણ આ પ્રતિબંધો ક્યુબાની સરકારને બદલવામાં સફળ થયા નથી. ક્યુબાએ 2023માં સંયુક્ત રાષ્ટ્રમાં કહ્યું કે આ પ્રતિબંધોથી તેને અત્યાર સુધીમાં 159 અબજ ડોલરથી વધુનું નુકસાન થયું છે. ઈરાક પર 1990માં આર્થિક પ્રતિબંધો લગાવવામાં આવ્યા. તેમની અર્થવ્યવસ્થા અને સામાન્ય લોકોના જીવન પર મોટી અસર પડી. તેલમાંથી થતી કમાણી અને જરૂરી ચીજવસ્તુઓની આયાત પર અસર પડી. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલોમાં પ્રતિબંધો દરમિયાન ભૂખમરો, બીમારી અને ગરીબી વધવાની વાત કહેવામાં આવી.

2012માં કડક પ્રતિબંધો લગાવવામાં આવ્યા પછી ઈરાનની તેલ નિકાસ લગભગ 10 લાખ બેરલ પ્રતિદિન ઘટી ગઈ. તેની અર્થવ્યવસ્થા સતત બે વર્ષ સુધી મંદીમાં રહી. વર્લ્ડ બેંક અનુસાર, 2012-14 દરમિયાન પ્રતિબંધોથી ઈરાનની નિકાસને 17.1 અબજ ડોલર, એટલે કે તેની GDPના લગભગ 4.5%નું નુકસાન થયું.

અમેરિકાએ 2018માં ચીનથી આવતા લગભગ 250 અબજ ડોલરના સામાન પર વધારાની ડ્યુટી (ટેરિફ) લગાવી. 2019માં ચીનથી અમેરિકા આવતો સામાન 16.2% ઘટીને 452.2 અબજ ડોલર થઈ ગયો અને બંને દેશો વચ્ચે વેપાર ખાધ 17.6% ઓછી થઈ. પરંતુ અમેરિકી વેપાર આયોગ મુજબ, આ ટેરિફનો મોટાભાગનો ખર્ચ અમેરિકી કંપનીઓ અને ખરીદદારોએ ઉઠાવ્યો. યુક્રેન યુદ્ધ પછી અમેરિકા અને અન્ય દેશોએ રશિયા પર ઘણા આર્થિક પ્રતિબંધો લગાવ્યા. આનાથી રશિયા માટે વિદેશોમાંથી પૈસા એકઠા કરવા, વેપાર કરવો અને જરૂરી ટેકનોલોજી મેળવવી મુશ્કેલ બની. IMF એ એપ્રિલ 2022માં અનુમાન લગાવ્યું હતું કે તે વર્ષે રશિયાની અર્થવ્યવસ્થા 8.5% ઘટી શકે છે.

## તંત્રી લેખ

# 'ઇતિહાસ મનમોહન સિંહને પ્રામાણીકતા માટે યાદ રાખશે'

૨૦૧૪ના જાન્યુઆરી મહિનામાં પોતાની છેલ્લી પ્રેસ કોન્ફરન્સમાં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે કહ્યું હતું કે, 'મારૂ માનવું છે કે ઈતિહાસ મારા પ્રત્યે એ સમયના મીડિયા કે સંસદના વિરોધ પક્ષોની સરખામણીએ વધુ ઉદાર રહેશે.' એ વખતે મનમોહન સિંહ પર વિરોધપક્ષો અને મીડિયાએ ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા. ૨૯મી જુલાઈએ મનમોહન સિંહની આ વાત સાચી સાબિત થઈ.

સુપ્રિમ કોર્ટે કોલસા વિતરણ કૌભાંડના કેસમાં મનમોહન સિંહને ક્લીનચીટ આપી હતી. આ બાબતે હવે સોનિયા ગાંધીએ નરેન્દ્ર મોદીને ટોણો માર્યો છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે પ્રમાણીકતા અને જવાબદારી મામલે મનમોહન સિંહનો રેકોર્ડ મોદી સરકાર કરતા અલગ જ છે. ઈતિહાસ એમને એક શાંત, સૌમ્ય પરંતુ અગત્યના વડાપ્રધાન તરીકે સારા શબ્દોમાં યાદ રાખશે. પ્રમાણીક અને સાચા વ્યક્તિ ડો. સિંહ વિરુદ્ધ કાવતરૂ ઘડવામાં આવ્યું હતું.

આરએસએસના એક ભૂતપૂર્વ પ્રચારક યશવંત સહદેવ શિંદેએ કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયંક ખડગે અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને પત્ર લખીને આરએસએસના પ્રમુખ મોહન ભાગવત, આરએસએસના નેતા ઈન્દ્રેશકુમાર અને વિશ્વ હિન્દુ પરિષદના મહામંત્રી મીલીંદ પરાડે સહિત કેટલાક સિનિયર નેતાઓ પર ગંભીર આક્ષેપ કર્યા છે. એમણે કહ્યું છે કે ૨૦૦૦ના દશકમાં દેશની અલગ અલગ જગ્યાઓએ જે બોમ્બ ધડાકા થયા હતા એની તપાસ કરવામાં આવે અને આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવે. ૨૦૦૦ના દશકમાં દેશમાં થયેલા કેટલાક બોમ્બ વિસ્ફોટો માટે જમણેરી વિચારધારાની કેટલીક વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. વિવિધ એજન્સીઓએ એની તપાસ પણ કરી હતી જોકે છેવટે આરોપીઓ નિર્દોષ છૂટયા હતા. શિંદે ૧૯૯૦થી પુર્ણકાલીન આરએસએસ કાર્યકર્તા હતા. શિંદેનું કહેવું છે કે એમને આરએસએસ સાથે સંબંધ ત્યારે કાપી નાખ્યા હતા કે જ્યારે એમને બોમ્બ બનાવવાનું શીખનાર ટીમમાં સામેલ થવાનું કહેવામાં આવ્યું હતું. પરાંદેના નેતૃત્વમાં બીજા ૨૦ લોકો સાથે એમણે બોમ્બ બનાવવાનું શીખવાની ટ્રેનિંગ લીધી હતી. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ)ના સત્તાધિશોએ ઉમર ખાલીદના પુસ્તક 'ફ્રેક્ચર્ડ કોમ્યુનિટિઝ' પર ચર્ચા માટે જે ઓડીટોરિયમમાં બુકિંગ કરાવ્યું હતું. દેશદ્રોહના આરોપ હેઠળ ઉમર ખાલીદ હમણા જેલમાં છે. આ કાર્યક્રમ હવે રદ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ ૧૦મી ઓગસ્ટે થવાનો હતો. જેએનયુના વિદ્યાર્થી સંગઠન દ્વારા આદિવાસી દિવસના પ્રસંગે સાર્વજનીક ચર્ચા થવાની હતી. જેએનયુ દ્વારા આપવામાં આવેલી નોટિસ પ્રમાણે આ બુકિંગ રદ કરવામાં આવ્યું છે કારણ કે ઓડિટોરિયમ બુકિંગ માટે આપવામાં આવેલા ફોર્મમાં કાર્યક્રમની રૂપરેખાનો ઉલ્લેખ થયો નહોતો. સત્તાધિશોનું કહેવું છે કે, ઓડિટોરિયમમાં અને બીજા સ્થળનો જે કારણસર ઉપયોગ થવાનો છે એ વિશે પારદર્શિતા હોવી જોઈએ. આ કાર્યક્રમમાં પ્રો. પ્રભુ મહાપાત્રા, પ્રો. ઉમા ચક્રવર્તી, શુદ્ધબ્રત સેન ગુપ્તા, હર્ષ મંદર અને બાનો જ્યોત્સના નાહેદી ભાગ લેવાના હતા. આ બધા જ મોદી અને જમણેરીઓ વિરુદ્ધ ગણાતા બૌદ્ધિકો છે. પંજાબ કોંગ્રેસમાં ઘણા સમયથી આંતરીક ખેંચતાણ ચાલી રહી છે. અત્યાર સુધી ચન્ની - વડીંગ વચ્ચે તણાવ ચાલતો હતો, પરંતુ હવે વિરોધ પક્ષના નેતા પ્રતાપસિંહ બાજવાએ પણ મોરચો ખોલી દીધો છે. એમણે કોંગ્રેસના ૧૫ ધારાસભ્યો સાથે ચંદીગઢમાં ખાનગી બેઠક કરીને રાહુલ ગાંધીને મળવાનું નક્કી કર્યું છે. ત્યાર પછી ધારાસભ્યોએ પણ રાહુલ ગાંધીને પત્ર લખીને મળવાનો સમય માંગ્યો છે. પંજાબ કોંગ્રેસમાં જે ખેંચતાણ ચાલી રહી છે એ વિશે ધારાસભ્યો રાહુલ ગાંધીને વાત કરવા માંગે છે. પ્રતાપસિંહ બાજવા દિલ્હી પહોંચી ગયા છે. પંજાબ કોંગ્રેસના પ્રભારી ભૂપેશ બઘેલ જુલાઈ મહિનાની ૯ તારીખે ચંદીગઢ પહોંચ્યા હતા. પ્રતાપસિંહ બાજવાના સરકારી રહેઠાણ પર ત્યાર પછી મીટીંગ થઈ હતી આ મીટીંગમાં રાજા વડીંગ અને ચન્ની ગુરપના કોઈ નેતા હાજર રહ્યા નહોતા.

**નેતન્યાહૂએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, 'ઇઝરાયેલ ૧૫-મુદ્દાના દસ્તાવેજને અસ્વીકાર કરે છે. જ્યાં સુધી હમાસ ખરેખર નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી IDF કોઈપણ પ્રકારની વાપસી કરશે નહીં. જ્યારે હું હમાસના નિઃશસ્ત્રીકરણની વાત કરું છું, ત્યારે તેનો અર્થ ભારે શસ્ત્રો, હળવા શસ્ત્રો અને તમામ શસ્ત્રા થાય છે. આપણે વાસ્તવિક નિઃશસ્ત્રીકરણની વાત કરી રહ્યા છીએ, કાલ્પનિક નિઃશસ્ત્રીકરણની નહીં. હું વડા પ્રધાન છું, ત્યાં સુધી ગાઝા અથવા વેસ્ટ બેંકમાં કોઈ પેલેસ્ટાઈનનું રાજ્ય બનશે નહીં.'**

# ટ્રમ્પની તુમાખી - નેતન્યાહૂનો નનૈયો, મિડલ ઈસ્ટને શાંત નહીં થવા દે!

## ગાઝા પટ્ટીમાં શાંતિ સ્થાપવા માટે અમેરિકાએ આપેલી ૧૫ મુદ્દાની યોજનાને નેતન્યાહૂએ ફગાવી દેતા, મિત્રતામાં તિરાડના સંકેત



નેતન્યાહૂએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, 'ઇઝરાયેલ ૧૫-મુદ્દાના દસ્તાવેજને અસ્વીકાર કરે છે. જ્યાં સુધી હમાસ ખરેખર નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી IDF કોઈપણ પ્રકારની વાપસી કરશે નહીં. જ્યારે હું હમાસના નિઃશસ્ત્રીકરણની વાત કરું છું, ત્યારે તેનો અર્થ ભારે શસ્ત્રો, હળવા શસ્ત્રો અને તમામ શસ્ત્રા થાય છે. આપણે વાસ્તવિક નિઃશસ્ત્રીકરણની વાત કરી રહ્યા છીએ, કાલ્પનિક નિઃશસ્ત્રીકરણની નહીં. હું વડા પ્રધાન છું, ત્યાં સુધી ગાઝા અથવા વેસ્ટ બેંકમાં કોઈ પેલેસ્ટાઈનનું રાજ્ય બનશે નહીં.' : આ વિવાદના કેન્દ્રમાં રહેલો દસ્તાવેજ 'બોર્ડ ઓફ પીસ'ના નેજા હેઠળ તૈયાર કરવામાં આવેલ એક વ્યાપક ૧૫-મુદ્દાનો રોડમેપ છે, જે અગાઉના બંધકોની મુક્તિ અને યુદ્ધવિરામ કરારો પછી ટ્રમ્પ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી એક આંતરરાષ્ટ્રીય રાજકીય વ્યવસ્થા છે.

ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વોશિંગ્ટનને સીધો નકારાત્મક જવાબ આપતા ગાઝા પટ્ટી માટે યુનાઈટેડ સ્ટેટ્સ સમર્થિત ૧૫-મુદ્દાની શાંતિ યોજનાને સ્પષ્ટપણે ફગાવી દીધી છે. જેરૂસલેમમાં યોજાયેલી સાપ્તાહિક કેબિનેટ બેઠક દરમિયાન કરવામાં આવેલી આ જાહેરાત, ઈઝરાયેલ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર વચ્ચે ચાલી રહેલા મતભેદો દર્શાવે છે. આ નિર્ણયે પશ્ચિમ એશિયાના ખાસ કરીને મિડલ ઈસ્ટના પ્રાદેશિક સંકટના ઝડપી કૂટનીતિક ઉકેલની આશાઓ પર પણ પાણી ફેરવી દીધું છે. નેતન્યાહૂએ જાહેરાત કરી હતી કે જ્યાં સુધી હમાસ સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ ન કરે ત્યાં સુધી ઈઝરાયેલ ડિફેન્સ ફાર્સિસ ગાઝા પટ્ટીના કોઈપણ ભાગમાંથી આંશિક વાપસી પણ નહીં કરે. ટ્રમ્પે જે માળખાને થોડા દિવસો પહેલા એક સીમાચિહ્નરૂપ સફળતા તરીકે રજૂ કર્યું હતું, તેના મુખ્ય મુદ્દાને સ્પષ્ટપણે નકારીને ઈઝરાયેલી વડા પ્રધાન નેતન્યાહૂ સંપૂર્ણ લશ્કરી વિજયને પ્રાથમિકતા આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ એશિયામાં સંઘર્ષો સતત વધી રહ્યા છે, જેમાં લેબનોનમાં ઈરાન સમથત લડવૈયાઓ સાથેનો સંઘર્ષ, તેહરાન સાથે સીધું ઘર્ષણ અને ફિલિપિની એન્ક્લેવમાં ગંભીર માનવતાવાદી સંકટનો સમાવેશ થાય છે.

વોશિંગ્ટનની મધ્યસ્થતામાં ચાલી રહેલી વાટાઘાટો માટે ચોક્કસ સીમા નક્કી કરતા નેતન્યાહૂએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, 'ઇઝરાયેલ ૧૫-મુદ્દાના દસ્તાવેજને અસ્વીકાર કરે છે.' 'જ્યાં સુધી હમાસ ખરેખર નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી IDF કોઈપણ પ્રકારની વાપસી કરશે નહીં. જ્યારે હું હમાસના નિઃશસ્ત્રીકરણની વાત કરું છું, ત્યારે તેનો અર્થ ભારે શસ્ત્રો, હળવા શસ્ત્રો અને તમામ શસ્ત્રો થાય છે. આપણે વાસ્તવિક નિઃશસ્ત્રીકરણની વાત કરી રહ્યા છીએ, કાલ્પનિક નિઃશસ્ત્રીકરણની નહીં.' નેતન્યાહૂએ સ્વીકાર્યું કે ઈઝરાયેલી અધિકારીઓ અમેરિકન વાટાઘાટકારો સાથે ચર્ચા કરી રહ્યા છે, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું કે જેરૂસલેમ મુખ્ય લશ્કરી પૂર્વશરતો પર નમતું જોખવા માટે કોઈ બંધન અનુભવતું નથી. આકરી પ્રતિક્રિયા આપતા તેમણે ઉમેર્યું, 'અમને ઉપદેશ આપનારા બધાથી વિપરીત, અમે ઈઝરાયેલની સુરક્ષા માટે જે જરૂરી છે તે કરીએ છીએ, અને જ્યારે જરૂર પડે ત્યારે અમારા શ્રેષ્ઠ મિત્રો સામે પણ આપણે આપણું વલણ જાળવી રાખવાનું જાણીએ છીએ. હું વડા પ્રધાન છું, ત્યાં સુધી ગાઝા અથવા વેસ્ટ બેંકમાં કોઈ પેલેસ્ટાઈનનું રાજ્ય બનશે નહીં.'

ઉલ્લેખનીય છે કે, આ વિવાદના કેન્દ્રમાં રહેલો દસ્તાવેજ 'બોર્ડ ઓફ પીસ'ના નેજા હેઠળ તૈયાર કરવામાં આવેલ એક વ્યાપક ૧૫-મુદ્દાનો રોડમેપ છે, જે અગાઉના બંધકોની મુક્તિ અને યુદ્ધવિરામ કરારો પછી ટ્રમ્પ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી એક આંતરરાષ્ટ્રીય રાજકીય વ્યવસ્થા છે. ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઔપચારિક રીતે નિમાયેલા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર નિકોલે મ્લાડેનોવના નેતૃત્વ હેઠળ, બોર્ડ ઓફ પીસ ગાઝામાં કાયમી ઉકેલને અટકાવતા મૂળભૂત માળખાકીય પ્રશ્નોને ઉકેલવા માંગતું હતું. આ ૧૫-મુદ્દાનો રોડમેપ શત્રુતાના અંત અને લાંબા ગાળાના પુનઃનિર્માણ વચ્ચેના અંતરને ઘટાડવા પર આધારિત હતો.

'બોર્ડ ઓફ પીસ' અમેરિકાની પહેલ પર બનાવાયેલી એક આંતરરાષ્ટ્રીય કૂટનીતિક સમિતિ છે, જેનો હેતુ ગાઝામાં યુદ્ધ ખતમ થયા પછીની વ્યવસ્થા સંભાળવાનો અને લાંબા ગાળાના ઉકેલનો માર્ગ તૈયાર કરવાનો હતો. બોર્ડે જ આ યોજના બનાવવાની હતી કે યુદ્ધવિરામ પછી ગાઝાનું પુનઃનિર્માણ કેવી રીતે થાય. હમાસને હથિયાર છોડવા માટે તૈયાર કરવું અને ગાઝાનું વહીવટ એક નવી તકનીકી સંસ્થાને સોંપવાની વ્યવસ્થા કરવી એ જ આ સમિતિનું કામ હતું. આ 'બોર્ડ ઓફ પીસ' એ અમેરિકાના નિર્દેશનમાં ૧૫-મુદ્દાનો રોડમેપ તૈયાર કર્યો હતો, જેને ઈઝરાયેલે ફગાવી દીધો છે. તેમાં સૌથી પહેલાં તો તબક્કાવાર નિઃશસ્ત્રીકરણ કરવાનું હતું. હમાસના ભારે તોપખાના, રોકેટ સ્ટોકપાઈલ્સ, નાના શસ્ત્રો અને લશ્કરી માળખાકીય સુવિધાઓનું ક્રમિક સમર્પણ, સાથે ગાઝામાં ભૂગર્ભ ટનલ નેટવર્કને પદ્ધતિસર તોડી પાડવું અને સીલ કરવું. આંતરરાષ્ટ્રીય દેખરેખ હેઠળ કાર્યરત 'નેશનલ કમિટી ફોર ધ એડમિનિસ્ટ્રેશન ઓફ ગાઝા' તરીકે ઓળખાતા નવરચિત, તકનીકી મંડળને વહીવટી સત્તાનું હસ્તાંતરણ કરવું. વ્યવસ્થા જાળવવા, સરહદી વિસ્તારોને સુરક્ષિત કરવા અને સ્થાનિક સુરક્ષા ક્ષમતાઓનું નિર્માણ થાય ત્યાં સુધી પુનઃ-શસ્ત્રીકરણને રોકવા માટે ઈન્ટરનેશનલ સ્ટેબિલિટી ફોર્સ તહેનાત કરવી. ગાઝા પટ્ટીની અંદર વસ્તી ધરાવતા કેન્દ્રો અને વ્યૂહાત્મક કોરિડોરમાંથી IDF દળોની ધીમે ધીમે, તબક્કાવાર વાપસી, જે સીધી રીતે નિઃશસ્ત્રીકરણ પ્રક્રિયાના લક્ષ્યો સાથે જોડાયેલી હોય. ખાસ કરીને નાગરિક માળખાકીય સુવિધાઓના પુનઃનિર્માણ, માનવતાવાદી પહોંચને વિસ્તૃત કરવા માટેના પગલાં. જાણકારોના મતે, આ વર્ષના અંતમાં ઓક્ટોબરમાં યોજાનારી રાષ્ટ્રીય ચૂંટણીઓ સાથે, નેતન્યાહૂ કટ્ટરપંથી ગઠબંધન ભાગીદારો અને વિભાજિત મતદારો બંને તરફથી દબાણનો સામનો કરી રહ્યા છે. તાજેતરના અઠવાડિયામાં, ફાર-રાઈટ ગઠબંધન નેતાઓ, જેમાં ખાસ કરીને નાણાં પ્રધાન બેઝાલેલ સ્મોટ્રિચ અને રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઈતામાર બેન-ગ્વીરે જાહેરમાં ચેતવણી આપી હતી કે જો નેતન્યાહૂ પ્રાદેશિક વાપસી અથવા પેલેસ્ટાઈનના શાસન પર સંમતિ દર્શાવતા કોઈપણ માળખાને સ્વીકારશે તો તેઓ શાસક ગઠબંધનને તોડી નાખશે. નેતન્યાહૂ માટે, ચૂંટણી પ્રચાર ગરમ થઈ રહ્યો છે ત્યારે ગઠબંધનની એકતા જાળવી રાખવી એ એક અસ્તિત્વ ટકાવી રાખવાની રાજકીય પ્રાથમિકતા છે. ઈઝરાયેલમાં જાહેર અભિપ્રાયના પોલ્સ મિશ્ર લાગણીઓ દર્શાવે છે. બીજી તરફ મોટાભાગની પ્રજા કાયમી અને અંતિમ ઉકેલ ઈચ્છે છે, ત્યારે રાજકીય સ્પેક્ટ્રમમાં નિઃશસ્ત્રીકરણ સુનિશ્ચિત કરવા માટે આંતરરાષ્ટ્રીય દળો અથવા ફિલિસ્તીની ટેકનોક્રેટિક સંસ્થાઓ પર નિર્ભર રહેવાની શક્યતા અંગે વ્યાપક શંકાઓ છે. વોશિંગ્ટન સામે બાંધછોડ ન કરવાનું વલણ અપનાવીને, નેતન્યાહૂ તેમના રાજકીય જોડાણને મજબૂત કરવા માંગે છે અને બાહ્ય રાજનૈતિક દબાણ સામે રાષ્ટ્રીય સુરક્ષાનો ઉપયોગ કરીને પોતાનો પક્ષ વધુ મજબૂત કરવા માગે છે.

અન્ય બાબત એવી છે કે, ઓક્ટોબરના યુદ્ધવિરામ કરારના માળખા હેઠળ યુદ્ધના અગાઉના શિખરોની તુલનામાં મોટા પાયાના લશ્કરી આક્રમણો ઘટયા હોવા છતાં, ગાઝામાં દરરોજ સ્થાનિક લડાઈ, લક્ષ્યાંકિત હવાઈ દરોડા અને સુરક્ષા સંઘર્ષો ચાલુ રહે છે. સમગ્ર એન્ક્લેવમાં નાગરિક માળખાકીય સુવિધાઓ વ્યાપકપણે ક્ષતિગ્રસ્ત છે, જેમાં સેંકડો હજાર વિસ્થાપિત પેલેસ્ટાઈનીઓ ખાન યુનિસ, દેર અલ-બલાહ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં એકત્રિત કામચલાઉ આશ્રય શિબિરોમાં રહે છે. હ્યુમન રાઈટ્સ એજન્સીઓ અહેવાલ આપે છે કે કડક સુરક્ષા તપાસ અને અટવાયેલા સરહદ વહીવટી પ્રોટોકોલને કારણે આવશ્યક પુરવઠો, તબીબી ઉપકરણો અને બાંધકામ સામગ્રીનો પ્રવાહ ગંભીર રીતે પ્રતિબંધિત રહે છે. અમેરિકી પ્રસ્તાવ હેઠળ, સ્ટેબિલાઈઝ ફોર્સનો પ્રવેશ અને 'નેશનલ કમિટી ફોર ધ એડમિનિસ્ટ્રેશન ઓફ ગાઝા'ની સ્થાપનાનો હેતુ કચરો હટાવવા, પાણી અને વીજળીની ગ્રીડ પુનઃસ્થાપિત કરવા અને કામચલાઉ નાગરિક શાસનની સ્થાપના માટે સમર્પિત અબજો ડોલરની વિદેશી સહાયને અનલોક કરવાનો હતો.

લશ્કરી વાપસી અથવા સ્થાનિક સુરક્ષા ગેરંટી માટે સંમત માળખા વિના, આંતરરાષ્ટ્રીય દાતાઓ પુનઃનિર્માણ પ્રોજેક્ટ્સ માટે મૂડી રોકાણ કરવામાં ખચકાય છે જે ફરીથી થતા સંઘર્ષોમાં નષ્ટ થવાનું જોખમ ધરાવે છે. દરમિયાન, ગાઝાના રસ્તાઓ પર, દૈનિક જીવન હુમલાઓથી પ્રભાવિત થઈ રહ્યું છે. ઈઝરાયેલના આ નિર્ણયથી અરબ દેશો પણ ખુશ નથી. સાઉદી અરેબિયા, સંયુક્ત અરબ અમીરાત (IDF), કતર, ઈજિપ્ત, જોર્ડન, તુર્કી, પાકિસ્તાન અને ઈન્ડોનેશિયાના વિદેશ મંત્રીઓએ સંયુક્ત જાહેરાત કરીને ઈઝરાયેલના સતત સૈન્ય અભિયાનો અને સ્થાપિત કૂટનીતિક માળખાઓને અસ્વીકાર કરવાની નિંદા કરી છે. સંયુક્ત નિવેદનમાં ચેતવણી આપવામાં આવી છે કે આ શાંતિ યોજનાને છોડી દેવાથી રાજકીય પ્રક્રિયા સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, આ ડીલ અંગે જે રીતે નેતન્યાહુએ પ્રતિક્રિયા આપી છે ત્યારબાદ આંતરરાષ્ટ્રીય સ્તરે તેના પડઘા પડયા છે.

જાણકારોના મતે નેતન્યાહૂની આ પ્રકારની જાહેરાત ઈઝરાયેલી નેતૃત્વ અને ટ્રમ્પ વચ્ચેના સૌથી મોટા જાહેર મતભેદોમાંથી એક દર્શાવે છે. તેમના સમગ્ર કાર્યકાળ દરમિયાન, ટ્રમ્પે પશ્ચિમ એશિયામાં વ્યાપક સોદા કરવાની તેમની ક્ષમતા પર સતત ભાર મૂક્યો છે, જે લાંબા સમયથી ચાલી રહેલા પ્રાદેશિક સંઘર્ષોનો અંત આણવા તરફ પ્રગતિના પુરાવા તરીકે 'બોર્ડ ઓફ પીસ' ની ૧૫-મુદ્દાની યોજનાનો વારંવાર ઉલ્લેખ કરે છે.

ખાસ વાત એ છે કે, નેતન્યાહૂના રવિવારના કેબિનેટ સંબોધનના થોડા દિવસો પહેલા જ, બંને નેતાઓએ વોશિંગ્ટનમાં એક હાઈ-પ્રોફાઈલ સમિટ દરમિયાન દ્વિપક્ષીય ચર્ચા કરી હતી. તે બેઠકો પછી, ટ્રમ્પે એક આશાવાદી આકલન રજૂ કર્યું હતું, અને પત્રકારોને આશ્વાસન આપ્યું હતું કે આગળના જટિલ ઓપરેશનલ અવરોધોને સ્વીકારવા છતાં, ઈઝરાયેલ શાંતિ રોડમેપના સામાન્ય સિદ્ધાંતો સાથે સહમત છે. જાણકારો માને છે કે, યુદ્ધ સમયે પણ લશ્કરો પાછા ખેંચવા માટે જે રીતે અમેરિકાએ દબાણ કર્યું હતું તેનાથી ઈઝરાયેલ નારાજ હતું. તેના પગલે જ વર્તમાન સમયમાં નેતન્યાહૂ આડા ફાટયા છે. અમેરિકા એક તરફ ઈરાન સાથે ભેખડે ભરાયેલું છે અને તેમાંથી બહાર નીકળવા તમામ સ્તરે હવાતિયાં મારી રહ્યું છે ત્યાં હવે ઈઝરાયેલે એક છેડો છૂટો મુકી દીધો છે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : "વૈરાગ્યની પરાકાષ્ઠા અને શક્તિનો સંગમ"



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે વિક્રમ સવંત - ૨૦૮૨ તા.૧૩ |૮/૨૦૨૬ શ્રાવણ સુદ એકમને ગુરુવાર સાથે જ પવિત્ર શ્રાવણ માસના શુભારંભથી આખું વાતાવરણ શિવમય બની જાય છે. આપણે દરરોજ શિવ મહિમામાં શિવતત્વના ગુણગાન ગાવા પ્રયત્ન કરીશુ તો આજે પહેલા દિવસે જોઈએ તો બિલીપત્રની સુગંધ, ડમરુનો નાદ અને 'હર હર મહાદેવ' નો જય ઘોષ હવામાં ગુંજવા લાગે છે. શ્રાવણ એટલે માત્ર વ્રત અને ઉપવાસ નહીં, એ તો ભગવાન શિવના વૈરાગ્ય, કરુણા અને શક્તિ ને સમજવાનો પવિત્ર અવસર છે.

આજે જ્યારે શ્રાવણ શરૂ થવા જઈ રહ્યો છે,ત્યારે આપણા શાસ્ત્રો માં વર્ણવેલી એક અત્યંત ગહનકથા આપણને શિવના સાચા સ્વરૂપસુધી લઈ જાય છે.આ કથા બ્રહ્મા જી વિષ્ણુજી,કામદેવ અને દક્ષપ્રજાપતિ દ્વારા કહેવાયેલી છે. તેમાં શિવ માત્ર દેવ નથી, તેઓ નિયમ છે, તેઓ તપ છે, અને તેઓ તે પરમ સત્ય છે જે માયાથી પર છે.

વૈરાગ્યની અજેય શક્તિ: જ્યારે કામદેવ પણ હારી ગયા કથાની શરૂઆત બ્રહ્માજી પોતે નારદજીને સંભળાવે છે.એક સમયે બ્રહ્માજીના મનમાં એક ઈચ્છા જાગી. તેમણે જોયું કે મહાદેવ સદા સમાધિમાં લીન રહે છે, સ્ત્રીનો સ્વીકાર કરતા નથી. બ્રહ્માજીને થયું કે જો શિવજી ગૃહસ્થાશ્રમ સ્વીકારશે તો જ સૃષ્ટિનું સંતુલન વધુ દ્રઢ થશે. આ વિચારથી પ્રેરાઈને તેમણે એક યોજના બનાવી.

તેમણે કામદેવ અને રતિને બોલાવ્યા મદદ માટે વસંત ઋતુને પણ પ્રગટ કર્યા. આદેશ મળ્યો: 'જાઓ અને સદાશિવને મોહમાં નાખો.'

વસંતે પોતાની શીતળ મંદ વાયુ લહેરીઓ ફેલાવી. કામદેવે પોતાના પુષ્પબાણ સંધાન કર્યા. ચારે તરફ મોહક વાતાવરણ રચાયું. પરંતુ હિમાલયની ગુફામાં બિરાજમાન શિવજી? તેઓ તો શાંતચિત્તે, આંખ બંધ કરીને પરબ્રહ્મમાં લીન હતા. ન તો વસંતની અસર,ન કામના બાણ.

કામદેવ પોતે હતાશ થઈ ગયો. જે કામદેવ આખી સૃષ્ટિને ડોલાવે છે, તે શિવની સામે નિષ્ફળ ગયો.આ ઘટના જ શિવ મહિમાનું પહેલું સૂત્ર આપે છે: *શિવ એટલે વિકાર રહિત ચેતના જ્યાં રાગ-દ્વેષ, કામ- ક્રોધ પહોંચી ન શકે,તે જ શિવત્વ છે બ્રહ્માજી પણ જ્યારે નિરાશ થયા ત્યારે સમજ્યા કે બળથી નહીં, ભક્તિથી જ માર્ગ ખુલશે.

વિષ્ણુનું માર્ગદર્શન: નિર્ગુણમાંથી સગુણ તરફ હાર્યા પછી બ્રહ્માજીએ ભગવાન વિષ્ણુનું સ્મરણ કર્યું. વિષ્ણુ પ્રગટ થયા અને કારણ પૂછ્યું બ્રહ્માજીએ પોતાની ઈચ્છા જણાવી

ત્યારે વિષ્ણુ ભગવાને જે જ્ઞાન આપ્યું તે અત્યંત મહત્વનું છે.તેમણે કહ્યું:'બ્રહ્મા,તમે શિવાદેવીની આરાધના કરો.જો તે સગુણ સ્વરૂપે અવતાર લે, તો જ તે શિવનાં પત્ની થઈ શકશે.માટે દક્ષ પ્રજાપતિને કહો કે તેઓ તપ કરે.'

અહીં શિવ મહિમા બીજા સ્તરે પ્રગટ થાય છે. શિવ પોતે નિર્ગુણ છે. તેમને બાંધવા માટે શક્તિનું સગુણ સ્વરૂપ જોઈએ. શિવ વિના શક્તિ નિષ્ક્રિય છે, અને શક્તિ વિના શિવ અવ્યક્ત છે. બંને એકબીજાના પૂરક છે. વિષ્ણુના વચનથી બ્રહ્માજીએ શિવાની સ્તુતિ કરી. સ્તુતિથી પ્રસન્ન થઈ આદિશક્તિ પ્રગટ થયા અને કહ્યું: 'હું તમારું કાર્ય પૂર્ણ કરીશ.'

દક્ષનું તપ અને ઉમાનો જન્મ: સમર્પણની કસોટી બ્રહ્માજીની આજ્ઞાથી દક્ષ પ્રજાપતિએ ક્ષીર




સમુદ્રના ઉત્તર કિનારે કઠોર તપ શરૂ કર્યું. ફક્ત જળ પર રહીને, હૃદયમાં શિવાને સ્થાપીને તેમણે આરાધના કરી. દક્ષના તપોબળથી જગદંબા પ્રસન્ન થયા.

દેવીએ એક શરત મૂકી:'હું અવશ્ય સદાશિવને વરીશ.પરંતુ જ્યારે મારા પ્રત્યેનો આદર ઓછો થશે, ત્યારે હું દેહ ત્યાગ કરીને મારા મૂળ સ્વરૂપમાં લીન થઈ જઈશ.' આ શરતમાં જ સંસારનું સૌથી મોટું સત્ય છુપાયેલું છે. જ્યાં સન્માન નથી, ત્યાં શક્તિ પણ ટકતી નથી.

દક્ષે પાછળથી સાઠ કન્યાઓને જન્મ આપ્યો.તેમાં સૌથી જ્યોતિ ર્મય કન્યા હતી દેવી શિવા.તે સાક્ષાત પ્રગટ થયા. દક્ષે તેમની સ્તુતિ કરી. દેવીએ બાળ સ્વરૂપ ધારણ કર્યું અને નામ પડ્યું 'ઉમા'. આકાશમાંથી બ્રહ્મા, વિષ્ણુ અને સર્વ દેવો આવીને તેમનાં દર્શન કરીને ધન્ય થયા.

અહીં બીજી વાત પણ મહત્વની છે. દક્ષના પહેલા દસ હજાર અને પછી એક હજાર પુત્રો નારદજીના ઉપદેશ થી મોક્ષના માર્ગે ચાલ્યા ગયા. દક્ષે ક્રોધમાં આવીને નારદજીને શાપ આપ્યો. આ પ્રસંગ બતાવે છે કે જે માર્ગ શિવનો છે તે વૈરાગ્ય અને મોક્ષનો માર્ગ છે. શિવના અનુયાયી માટે સંસાર કરતાં આત્મકલ્યાણ મોટું છે.

શિવ મહિમાના ચાર સ્તંભ આ આખી કથા પરથી આપણને શિવના મહિમાના મુખ્ય પાસા સમજાય છે:અપરાજેય વૈરાગ્ય કામદેવની હાર એ સાબિત કરે છે કે શિવ ઈન્દ્રિયોથી પર છે. તેઓ યોગી છે, ધ્યાની છે. શ્રાવણમાં આપણે પણ તેમની જેમ મનને વશ કરવાની પ્રેક્ટિસ કરીએ છીએ.શક્તિ વિના શિવ અધૂરા શિવને ગૃહસ્થ બનાવવા માટે આદિશક્તિને જ આવવું પડ્યું. આનો અર્થ એ કે ચેતના અને ઊર્જા, પુરુષ અને પ્રકૃતિનો મિલન જ સૃષ્ટિનું રહસ્ય છે. ઉમા એટલે જ તે શક્તિ જે શિવને સંસાર સાથે જોડે છે.તપ અને શ્રદ્ધાનું ફળ દક્ષનું તપ, બ્રહ્મા ની સ્તુતિ - બંનેમાં એક જ વાત છે. ભગવાનને પામવા માટે નિષ્ઠા જોઈએ.શ્રાવણના સોમવારનું વ્રત પણ એ જ શ્રદ્ધાનું પ્રતીક છે. મર્યાદા અને સન્માન દેવીએ મૂકેલી શરત આપણને શીખવે છે. સંબંધમાં, સમાજમાં, પરિવારમાં જ્યાં સુધી આદર છે ત્યાં સુધી જ પ્રેમ અને શક્તિ ટકે છે.આદરઓછો થતાં જ વિનાશ શરૂ થાય છે.

શ્રાવણમાં શિવને કેવી રીતે પામવા?

આજે શ્રાવણની શરૂઆતે આ કથા આપણને માત્ર વાર્તા નહીં,પણ જીવનનો પાઠ આપે છે.શિવ કહે છે 'બહારના વિષયોથી મનને હટાવો અને અંદર ડૂબો.'

ઉમા કહે છે: 'તપ કરો, સમર્પણ કરો, પણ સ્વમાન સાથે જીવો.'

શિવલિંગ પર જળ ચડાવતી વખતે આપણે શું કરીએ છીએ? આપણે આપણા અહંકાર, ક્રોધ અને મોહને ઓગાળીએ છીએ. બિલીપત્ર ચડાવતી વખતે આપણે ત્રણ ગુણો ને શિવને અર્પણ કરીએ છીએ.

આ શ્રાવણમાં આપણે શિવ પાસે માત્ર ધન કે નોકરી ન માંગીએ. આપણે માંગીએ: મનની શાંતિ, વૈરાગ્યની શક્તિ અને સંબંધોમાં આદર. કારણ કે જ્યાં શિવ છે ત્યાં કલ્યાણ છે. જ્યાં ઉમા છે ત્યાં શક્તિ છે. અને જ્યાં બંનેનો મિલન છે ત્યાં જીવન સંપૂર્ણ છે.

'ઓમ નમઃ શિવાય' નો જાપ કરતાં કરતાં આ શ્રાવણમાં આપણે પણ દક્ષ જેવી નિષ્ઠા અને શિવ જેવી સ્થિરતા કેળવીએ. તો જ આ માસ ખરા અર્થમાં પવિત્ર બનશે.હર હર મહાદેવ!

# ઈશ્વર સાક્ષાત્કારની તીવ્ર અનુભૂતિ બહુ ઓછાં સાધનો કે ઓછી સાધનાથી શંકર જ આપી શકે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રુપે રહેલા આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. હિન્દુઓમાં તેત્રીસ કરોડ દેવી દેવતાઓની વાત છે, પણ શંકરની વાત જ નિરાળી છે, અને એટલે જ બધાં શ્રાવણની આતુરતા પૂર્વક રાહ જોતાં હોય છે. આજથી શિવાલયોમાં ઓમ નમઃ શિવાય, અને અને બમબમ ભોલેનાં નાદ સંભળાશે! સર્વ હિન્દુ સનાતની ઓને શ્રાવણની ખૂબ ખૂબ વધાઈ, અને ભગવાન શિવ આપણાં સૌના હૃદય કમળમાં બિરાજી સૌને કલ્યાણનાં માર્ગે દોરે એવી પ્રાર્થના. મંદિરો હિન્દુ સંસ્કૃતિની આગવી ઓળખ છે, પણ રખેને એને જ સંસ્કૃતિ કે ભક્તિ સમજવાની ભૂલ કરતાં નહીં. ભક્તિનું પરિપ્રેક્ષ્ય સાવ જુદું જ છે, જેમાં સાધન ગૌણ છે અને ભાવ સર્વોપરી. બીજું મંદિર જવું દૂધનો અભિષેક કરવો, એવી સ્પર્ધા કે દેખાદેખી તો બિલકુલ નહીં, ક્રિયા કે દ્રવ્ય આ બધું સહજ હોય તો જ શંકર સ્વીકારશે, બાકી લાખો લિટર દૂધનો માત્ર વ્યય થશે! અને હાં ખાસ બિલ્વ પત્ર પણ માપમાં, ચોમાસામાં આમ પણ સૂર્ય બહુ ઓછો નીકળે છે, પર્ણને વનસ્પતિનું રસોડું કહેવાતું હોવાથી, જેટલાં વધુ બિલ્વ પત્ર તોડીએ એટલી પ્રકાશ સંશ્લેષણની ક્રિયા થતી નથી, અને એની વૃદ્ધિ અટકી જાય છે, અને પાન તોડી નાખવાથી નવો ઓક્સિજન પણ મળે નહીં. એટલે એમ પણ સમજતાં નહીં કે બેન આવું કરવાની ના પાડે છે! પણ ભક્તિને નામે શેમાંય બિલકુલ અતિરેક નહીં, અને દંભ દેખાડો કે પરંપરાને નામે આગ્રહ નહીં! બાકી રુદ્રાષ્ટક કે શિવ મહિમ્નનાં શ્લોકો સાથે અભિષેકનો મહિમા જ કંઈક ઔર છે, અને આપણે લીંગ રૂપે સાક્ષાત શંકરનો અભિષેક કરીએ છીએ, એ અનૂભૂતિ પણ અત્યંત આલ્હાદક! કારણકે ભક્તિની કે સાક્ષાત્કારની તીવ્ર અનુભૂતિ બહુ ઓછાં સાધનો કે ઓછી સાધનાથી શંકર જ આપી શકે! અને એટલે જ એને ભોળો નાથ કહેવાયો છે. તો આપણે પણ આ શ્રાવણીય અનુષ્ઠાનમાં શિવશંકરનાં જુદી જુદી રીતે ગુણગાન ગાઈશું, અને તત્વતઃ શંકરનાં સ્વરૂપને આત્મસાત કરી કરુણામય બનીશું. ભગવાન શંકરનાં કેટલાંય ભજનો અને સ્તોત્ર છે! કારણ કે દરેકે પોતાની અનૂભૂતિને વાચા આપવાની કોશિશ કરી હોય! મારી એક રચના છે જેમાં પાર્વતી જેવી શ્રદ્ધા થી અનૂભૂતિનો આધાર શંકરને આલેખ્યો છે, અને શંકર નામનો નામ મહામંત્ર અભય પદ આપી જાય છે, એમ સાધનાની સીડી બતાવી છે, એટલે કે શંકરને ભજવા ખૂબ બધું છે. બીજાનું છોડો આદિદેવ શંકરાચાર્ય ભગવાને પણ શિવ અને શક્તિ પર ખૂબ સ્તોત્ર લખ્યા છે, જે આપણાં હિન્દુ સંસ્કૃતિની આગવી ઓળખ છે. શુભમ શર્મા લિખિત એક શિવ ભજન સાંભળ્યું, જે હંસરાજ રઘુવંશી એ ગાયું છે, અને જેમાં એણે શિવ નામનો મહિમા ગાયો છે. શિવ શંકરા શ્રી મહેશ્વરા, શશિ શેખરા શ્રી જટા ધરા. કુછ છોડને સે કુછ મિલે, પર કુછ ન કુછ રહ જાયેગા, મિટ્ટી મેં સબ મિલ જાયેગા.

સબ શૂન્ય મેં મિલ જાયેગા, શિવ નામ બસ રહ જાયેગા. શિવ સત્ય હૈં સંસાર હૈં, શિવ રુપ હૈં શ્રૃંગાર હૈં. શિવ ગીત હૈં શિવ રાગ હૈં, ગૃહસ્થ શિવ વૈરાગ હૈં, જબ જો મિલે સ્વીકાર હૈં, શિવ શાંતિ સુખ સત્કાર હૈં, ભટકે રે મન કહાં જબ શિવ યહાં, સબ કુછ તૂટ જાને દો.

સાવ સીધાસાદા શબ્દોમાં લખાયેલ આ ભજન બહુ મોટી વાત કરે છે. શિવ, શંકર, શ્રી મહેશ્વર જે શશિ શેખર, અને જટાધર પણ છે. સંસારનો નિયમ છે કે કંઈક છોડવાથી જ કંઈક મળે! પણ તોય સંસારીને મળેલું હંમેશા અધુરું લાગે! અને આમ બધું મેળવવાની લ્હાયમાં અંતે બધું મિટ્ટીમાં મળી જાય છે. બધું જ જ્યારે શૂન્યમાં ભળી જાય ત્યારે આપણને આપણી ભૂલ સમજાય છે, અથવા પસ્તાવો થાય છે! અને ત્યારે શિવ શંકર નામ જ આપણો એક માત્ર સહારો હોય છે! એટલે કે શંકર એ અવિનાશી નામ આગળ બધું જ ગૌણ અથવા શૂન્ય છે, એ સત્ય સમજાય છે! અને પછી શંકર નામ પ્રત્યે આપણો ભરોસો દ્રઢ બને છે! અને સમજાય છે કે શિવ જ સત્ય છે, શિવ જ મારો સંસાર છે. ભક્ત માટે પોતાનું આંતર બાહ્ય રુપ શિવ છે, અને શિવ જ શ્રૃંગાર છે. ગઈકાલે સંસાર અસાર લાગતાં રસનું જે ઝરણું શુષ્ક થઈ ગયું હતું, એ શિવત્વનાં પ્રભાવે સૂરીલુ ગીત બની ગયું, એટલે કે રોમરોમમાં ભક્તિની કે શિવત્વની મસ્તી છવાઈ ગઈ! અને આમ પોતાની મસ્તીમાં રત રહેતાં શિવ સંસારી હોવા છતાં રુખડ જેમ વૈરાગી પણ છે. વૈરાગીને તો જ્યારે જે મળે એનો સ્વીકાર અને સત્કાર જ હોય! પછી ભલે નરસિંહ જેમ દુઃખ મળે કે મીરાં જેમ ઝેર મળે! એની શાંતિ વિચલિત થતી નથી. માટે શંકર અહીં છે, પછી હે જીવ તારું મન જે અહીંતહીં ભટકે છે, એને તું છોડી દે. સંસારી સંબંધોના તાણાવાણા તૂટી જતાં હોય તો પણ, તેને છોડવાની વાત છે. ભજનમાં હજી આગળ પણ આવાં જ આપણને એકદમ નજીક પડે એવાં ભાવ છે, અને બાબા કેદાર શિવ જ આપણને સંભાળી શકે એમ છે!

આમ તો નાગર ગૃહસ્થનાં ઈષ્ટદેવ હાટકેશ્વર પણ ભગવાન શંકરનું જ એક સ્વરૂપ હોવાથી નાનપણથી જ ઘરમાં મહાદેવનાં પૂજા પાઠ થાય ! અને માત્ર શ્રાવણમાં જ નહીં પણ, મમ્મી પપ્પા બંનેની નિત્ય ઉપાસના શિવથી જ શરૂ થતી, મમ્મી તો એનાં સૂરીલા કંઠે ભજન પણ ગાતી, અને વાતાવરણ ભક્તિમય બની જતું,એને બધાં પાઠ કંઠસ્થ હતાં. ક્યારેક કોઈ મુશ્કેલી આવે તો ભીડ ભંજન મહાદેવ સદાય સૌની રક્ષા કરનારાં છે, ભોળાંનો ભગવાન છે, દૂધ પાણી થી રીઝે! એવાં નાનાં નાનાં વાક્યો મમ્મી બોલે, અને અનુભવે ધીરેધીરે એની પર ભરોસો દ્રઢ થતો ગયો. સોળ સોમવાર, ભાખરિયા સોમવારનાં વ્રત ઉપવાસ પણ કર્યા, ઠીક છે એ બધું! પણ કળિયુગમાં જો કોઈ શ્રેષ્ઠ વ્રત હોય તો એ નામ સ્મરણ જ છે, પણ જે કર્યું તે પૂર્ણ આસ્થાથી કર્યું.અને તેથી જ શંકર એટલે જ કલ્યાણ, એ ભાવે શંકરે હૃદયમાં સ્થાન અંકિત કર્યું. પછી તો કલમ પકડી અને શાસ્ત્રોક્ત સ્તુતિ કે પૌરાણિક કથા મુજબ કેટલુંય લખ્યું! પણ શંકરનાં એ બધાં જ સ્વરૂપ થોડા દૂર પડે છે, અને કૈલાસનું શિખર બહુ ઉંચુ, તો સ્મશાને શિવ ભયભીત કરે, અને રુદ્રની વાત કરીએ તો ક્યારેક વિકરાળ સ્વરૂપ પણ છે. એટલે જ નરસિંહની જેમ સ્વીકારી લઈએ કે આપણે રહ્યાં પૂર્ણ ભોગી, એટલે એમ કંઈ સંસાર છોડી સંન્યાસી થઈ શકાશે નહીં! અને એટલે ભક્તિ માટે શંકરનું આ સંસારી સ્વરૂપ આપણને એકદમ અનૂકૂળ આવશે.

# માણકોલ પ્રાથમિક શાળાથી "વસુંધરા વૃક્ષારોપણ અભિયાન"નો ભવ્ય પ્રારંભ: 5000 રોપાઓ વાવવાનો સંકલ્પ

## ■ ટાટા મોટર્સ ફાઉન્ડેશન, માનવ સેવા ટ્રસ્ટ અને માણકોલ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ સંરક્ષણ માટે વિશેષ પહેલ

## ■ શાળા પરિસરમાં 133 રોપાઓનું વાવેતર અને વિદ્યાર્થીઓને 1000 ફળાઉ રોપાઓનું વિતરણ કરાયું







**અમદાવાદ, તા.12**

પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળું ગુજરાત બનાવવાના સંકલ્પ સાથે ટાટા મોટર્સ ફાઉન્ડેશન (સાણંદ), માનવ સેવા ટ્રસ્ટ (સાણંદ) તથા માણકોલ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે "વસુંધરા વૃક્ષારોપણ અભિયાન"નો માણકોલ પ્રાથમિક શાળાથી ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ અભિયાન અંતર્ગત સાણંદ તાલુકાના વિવિધ સ્થળોએ કુલ 5000 રોપાઓનું વાવેતર કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. અભિયાનના પ્રારંભિક તબક્કામાં માણકોલ પ્રાથમિક શાળાના પરિસરમાં કિચન ગાર્ડન, ફળાઉ વૃક્ષો તેમજ ફૂલોના 133 જેટલા વિવિધ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું.

બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસે તેવા ઉમદા હેતુથી 1000 ફળાઉ રોપાઓનું બાળકોમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ રોપાઓને વિદ્યાર્થીઓ પોતાના ઘર, ખેતર કે નજીકની જગ્યામાં વાવીને તેનું જતન અને સંવર્ધન કરી શકશે.

આ કાર્યક્રમમાં ટાટા મોટર્સ તરફથી પ્લાન્ટ HR તથા લીડરશિપ ટીમના સભ્યોએ ખાસ ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કર્યું હતું અને પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો. માણકોલ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી રાજેશકુમાર સોલંકી, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ ઝુંબેશમાં સક્રિય ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન માનવ સેવા ટ્રસ્ટના શ્રી મનુભાઈએ સમગ્ર અભિયાનની વિગતો આપતાં જણાવ્યું હતું કે, માત્ર વૃક્ષો વાવવાથી જ પર્યાવરણનું સંરક્ષણ થતું નથી, પરંતુ વાવેલા રોપાઓનું નિયમિત જતન અને સંવર્ધન કરવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે. બાળકો જ્યારે પોતે રોપેલા વૃક્ષની સંભાળ રાખશે, ત્યારે આવનારી પેઢીમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને જવાબદારી સહજ રીતે વિકસશે. વધુમાં તેમણે જણાવ્યું કે, વસુંધરા વૃક્ષારોપણ અભિયાનનો મુખ્ય ઉદેશ માત્ર વૃક્ષારોપણ પૂરતો મર્યાદિત ન રાખતાં, વૃક્ષ સંવર્ધન, પર્યાવરણ જાગૃતિ, જૈવવિવિધતાનું સંરક્ષણ અને બાળકોમાં પ્રકૃતિ પ્રત્યે સભાનતા કેળવવાનો છે.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ વધુમાં વધુ વૃક્ષો વાવવા, તેનું જતન કરવા અને અન્ય લોકોને પણ પર્યાવરણ રક્ષણ માટે પ્રેરિત કરવાનો સંકલ્પ લીધો હતો. "એક વૃક્ષ આજે, હરિયાળું ભવિષ્ય કાલે"ના સૂત્ર સાથે શરૂ થયેલું આ અભિયાન સાણંદ તાલુકા માટે પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

# મહેસાણાની પ્રથમ નેક્સ્ટ-જેન થીમ આધારિત પોસ્ટ ઓફિસનું ગણપત યુનિવર્સિટીમાં ઉદ્ઘાટન, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ અને પ્રો-ચાન્સેલર ડૉ. મહેન્દ્ર શર્માએ કર્યો શુભારંભ

### ગણપત યુનિવર્સિટીમાં એન-જેન પોસ્ટ ઓફિસ દ્વારા યુવાનોની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ ડાક સેવાઓની વધુ સુગમ પહોંચ - પ્રો-ચાન્સેલર ડૉ. મહેન્દ્ર શર્મા

**મહેસાણા, તા.12**

ડાક વિભાગની યુવા કેન્દ્રિત અને આધુનિક સેવાઓને શૈક્ષણિક પરિસરો સુધી પહોંચાડવાની દિશામાં કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાજીના વિઝનથી પ્રેરિત પહેલ અંતર્ગત ગુજરાતના છઠ્ઠા અને મહેસાણા ના પ્રથમ એન-જેન (નેક્સ્ટ-જેન) થીમ આધારિત નવીનીકરણ કરાયેલ ગણપત વિદ્યાનગર પોસ્ટ ઓફિસનું 12 ઓગસ્ટ, 2026ના રોજ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ તથા ડૉ. મહેન્દ્ર શર્મા, ગ્રુપ પ્રો-ચાન્સેલર, ગણપત યુનિવર્સિટી, મહેસાણા દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયા પોસ્ટની ફ્લેગશિપ એન-જેન પહેલ અંતર્ગત વિકસાવવામાં આવેલું આ પોસ્ટ ઓફિસ વિદ્યાર્થીઓએ ઈન્ડિયા પોસ્ટ સાથે મળીને "વિદ્યાર્થીઓનું, વિદ્યાર્થીઓ દ્વારા, વિદ્યાર્થીઓ માટે"ની ફિલોસોફી પર ડિઝાઇન કર્યું છે. અહીં ભારતીય ડાકની વિશ્વસનીયતા, વ્યાપક પહોંચ, આધુનિક સેવાઓ, યુવા જોડાણ અને સમૃદ્ધ વારસાનો સુંદર



સમન્વય જોવા મળે છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, એન-જેન પોસ્ટ ઓફિસ પહેલ વિદ્યાર્થીઓ અને ડિજિટલ નેટિવ્સને કેન્દ્રમાં રાખીને ઈન્ડિયા પોસ્ટને આધુનિક અને યુવા કેન્દ્રિત સેવા નેટવર્કમાં પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે એન-જેન પોસ્ટ ઓફિસ યુવાનોને આધુનિક સુવિધાઓ પ્રદાન કરશે, જેમાં વાઈ-ફાઈ, કેફેટેરિયા, મિની લાઈબ્રેરી, યુપીઆઈ આધારિત ડિજિટલ પેમેન્ટ, યુવા કેન્દ્રિત કમ્ફર્ટ સીટિંગ સ્પેસ, વિદ્યાર્થીઓ માટે સ્પીડ પોસ્ટ અને પાર્સલ સેવાઓ પર 10%ની વિશેષ છૂટ, જ્ઞાન પોસ્ટ, આંતરરાષ્ટ્રીય પાર્સલ બુકિંગ, પાર્સલ પેકેજિંગ સેવા, ફિલેટલી અને પોસ્ટ ઓફિસ બચત સેવાઓ, ડાક જીવન વીમા તથા આઈપીપીબી જેવી નાણાકીય સેવાઓનો સમાવેશ થાય છે. ગણપત યુનિવર્સિટીનું આ એન-જેન પોસ્ટ ઓફિસ જનરેશન-Z ની જીવનશૈલી, રુચિઓ અને અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને આધુનિક ડિઝાઈન, આકર્ષક વાતાવરણ અને હાઈ-ટેક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે.

પ્રો-ચાન્સેલર ડૉ. મહેન્દ્ર શર્માએ ગણપત યુનિવર્સિટી કેમ્પસમાં ડાક વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી એન-જેન પોસ્ટ ઓફિસ પહેલને યુવાનોને ડાક સેવાઓ સાથે જોડવાની એક નવીન પહેલ ગણાવતા જણાવ્યું હતું કે, આધુનિક અને ટેક્નોલોજી-સક્ષમ વાતાવરણ વિદ્યાર્થીઓની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ સેવાઓની વધુ સુગમ પહોંચ સુનિશ્ચિત કરશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ પોસ્ટ ઓફિસ 18 હજારથી વધુ વિદ્યાર્થીઓને ડાક વિભાગની સેવાઓનો નવો અનુભવ પ્રદાન કરશે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાનારા વિવિધ સેમિનાર અને કૉન્ફરન્સના ડેલિગેટ્સ માટે પણ અહીંથી દેશ-વિદેશમાં શૈક્ષણિક સામગ્રી મોકલવામાં સરળતા રહેશે.

મહેસાણા મંડળના અધિક્ષક ડાકઘર શ્રી એસ. કે. વર્માએ જણાવ્યું હતું કે, ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો તેમજ રહેવાસીઓને તેમની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ સુવિધાજનક, ઝડપી, ટેક્નોલોજી-સક્ષમ અને આધુનિક ડાક સેવાઓ પૂરી પાડશે.

ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મહેસાણાના પ્રથમ એન-જેન થીમ આધારિત પોસ્ટ ઓફિસની ડિઝાઈન તૈયાર કરવામાં તેમના યોગદાન બદલ પોસ્ટમાસ્ટર જનરલ અને પ્રો-ચાન્સેલર દ્વારા સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આઈઆઈટી ગાંધીનગર, આઈઆઈએમ અમદાવાદ, સરદાર વલ્લભભાઈ પટેલ એનઆઈટી સુરત, આનંદ કૃષિ યુનિવર્સિટી, કચ્છ યુનિવર્સિટી અને ગણપત યુનિવર્સિટી, મહેસાણા સહિત કુલ છ એન-જેન પોસ્ટ ઓફિસ શરૂ થઈ ચૂક્યા છે.

આ પ્રસંગે પ્રો-વાઈસ ચાન્સેલર ડૉ. ગિરીશ પટેલ, ડીન સંદીપસિંહ આર. સિસોદિયા, એસોસિયેટ ડીન આર્કિટેક્ટ આદિત્ય બી. વ્યાસ, ડાક અધિક્ષક એસ. કે. વર્મા, સહાયક નિદેશક વી. એમ. વહોરા, સહાયક ડાક અધિક્ષક રમેશ રબારી, ધવલ સુથાર, વિશાલ બ્રહ્મભટ્ટ, ડાક નિરીક્ષક ચેતન સુથાર, વિનુભાઈ ભરવાડ, પોસ્ટમાસ્ટર અશ્વિનભાઈ ચૌધરી, પરેશ મિસ્ત્રી, ભરત પ્રજાપતિ, મુકેશ ચૌધરી, એમ. આઈ. ફકીર સહિતના અધિકારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રાવણ માસ નિમિત્તે જય ચકુડિયા મહાદેવ મંદિરે વિશેષ આયોજન



અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલા જય ચકુડિયા મહાદેવ મંદિરે શ્રાવણ માસ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણના દરેક સોમવારે ભગવાન મહાદેવની વિશેષ પૂજા અને અભિષેક કરવામાં આવશે. આગામી સોમવારે સાંજે 7:30 કલાકે બરફના મહાદેવના દર્શન ખુલ્લા મુકવામાં આવશે. શ્રાવણ વદ અમાસે રાત્રે 12 કલાકે મહાપૂજા યોજાશે અને સવારે 4 કલાક સુધી દૂધનો અભિષેક કરવામાં આવશે. જન્માષ્ટમી, રક્ષાબંધન સહિતના પર્વોની પણ ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા સંતો અને અભ્યાગતો માટે નિઃશુલ્ક ભોજન પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન અને ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા અપીલ કરાઈ છે.

# મંજૂરી વિના સ્થળ ફેરફાર કરતી શ્યામ-ઘનશ્યામ સ્કૂલ પર DEOની તવાઈ: સરપ્રાઈઝ ચેકિંગમાં કેશવનગરમાં મંજૂરી છતાં જુહાપુરામાં સ્કૂલ ચાલતી હતી

**અમદાવાદ, તા.12**

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા કેશવનગર વિસ્તારમાં સત્તાવાર મંજૂરી ધરાવતી શ્યામ હાઈસ્કૂલ અને ઘનશ્યામ પ્રાથમિક સ્કૂલ તેમજ જુહાપુરા સ્થિત અમદાવાદ સ્કૂલ ઓફ એજ્યુકેશન કેમ્પસના મેનેજમેન્ટ સામે કડક વહીવટી વલણ અપનાવવામાં આવ્યું છે. શિક્ષણ નિરીક્ષકની ખાસ ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન સામે આવ્યું હતું કે, શાળા સંચાલકોએ શિક્ષણ વિભાગ કે વહીવટી તંત્રની કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી લીધા




વિના જ આખું કેમ્પસ અન્ય સ્થળે શિફ્ટ કરી દીધું હતું. આ ગંભીર બેદરકારી અને નિયમોના ઉલ્લંઘનને પગલે DEO કચેરી દ્વારા ત્રણેય શાળાના મેનેજમેન્ટને આકરી કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, ઘનશ્યામ પ્રાથમિક સ્કૂલ અને શ્યામ હાઈસ્કૂલને કેશવનગર ખાતેથી જ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચલાવવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવેલી છે. પરંતુ જ્યારે DEO કચેરીની ટીમે સ્થળ પર જઈને અચાનક તપાસ હાથ ધરી ત્યારે મંજૂર થયેલા સ્થાને શાળા ચાલતી હોવાનું માલૂમ પડ્યું ન હતું. આ મામલે પ્રાથમિક તપાસ આગળ વધારતા સામે આવ્યું કે, શાળા સંચાલકોએ કોઈ પણ પ્રકારની પરવાનગી મેળવ્યા વિના જ તમામ વર્ગો અને શૈક્ષણિક કામગીરી જુહાપુરા ખાતે આવેલી 'અમદાવાદ સ્કૂલ ઓફ એજ્યુકેશન'ના કેમ્પસમાં સ્થળાંતરિત કરી દીધી હતી.

# સાબરમતી લોકોશેડની તકનીકી સફળતા: WDG5 લોકમોટિવમાં ઈલેક્ટ્રિક સ્ટાર્ટ ટેકનોલોજી અને સ્વદેશી ઘટકોનો સફળ પ્રયોગ


**અમદાવાદ, તા.12**

રેલ સંચાલનમાં ગતિશીલતા, વિશ્વસનીયતા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપતાં પશ્ચિમ રેલવેના સાબરમતી લોકોશેડે WDG5 વર્ગના લોકમોટિવ (5,500 HP) માં બે મહત્વપૂર્ણ તકનીકી નવીનતાઓ સફળતાપૂર્વક પૂરી કરી છે. આ નવીન સમાધાનોથી લોકમોટિવનો સ્ટાર્ટ સમય લગભગ એક કલાકથી ઘટીને માત્ર થોડી સેકન્ડનો રહી ગયો છે. સાથે જ, મોંઘા આયાતી સ્પેર પાર્ટ્સ (Imported Spares) પરની નિર્ભરતા સમાપ્ત થતાં ભારતીય રેલવેને 57.8 લાખથી વધુની સીધી બચત થઈ છે.

1. ન્યુમેટિકથી ઈલેક્ટ્રિક સ્ટાર્ટ સિસ્ટમમાં પરિવર્તન, ભારતીય રેલવેમાં કુલ 7 WDG5 લોકમોટિવ ઉપલબ્ધ છે, જે તમામ સાબરમતી શેડને ફાળવવામાં આવ્યા છે. આ લોકમોટિવને સ્ટાર્ટ કરવામાં અગાઉ 45 થી 60 મિનિટનો સમય લાગતો હતો અને તેમની ન્યુમેટિક સ્ટાર્ટ સિસ્ટમ માટે ન્યુમેટિક સ્ટાર્ટ મોટર, AC ઈન્વર્ટર અને ઑક્સિલરી કૉમ્પ્રેસર જેવા મોંઘા આયાતી ઘટકોની જરૂર પડતી હતી.

સાબરમતી શેડના એન્જિનિયરોએ આ સમસ્યાનું સ્થાયી સમાધાન શોધી કાઢતાં સિસ્ટમને ઈલેક્ટ્રિક સ્ટાર્ટમાં પરિવર્તિત કરી દીધી છે:

તાત્કાલિક સ્ટાર્ટિંગ: લોકમોટિવનો સ્ટાર્ટિંગ સમય 45-60 મિનિટમાંથી ઘટીને માત્ર 3થી 4 સેકન્ડ થઈ ગયો છે.



ઈન્ટરચેન્જેબલ સ્પેર પાર્ટ્સ: આયાતી ઘટકોના સ્થાને WDG4/WDP4 લોકોમાં ઉપયોગમાં લેવાતી સામાન્ય એક્સેસરીઝ – જેમ કે (ઈલેક્ટ્રિક સ્ટાર્ટિંગ મોટર, ST/STA કોન્ટેક્ટર, REST રેઝિસ્ટન્સ અને બેટરી) નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

લોકોમોટિવની પુનઃસેવામાં કામગીરી: સામગ્રીની ઉપલબ્ધતા ન હોવાને કારણે ઊભા રહેલા 4 લોકોમોટિવમાંથી 2 લોકોમોટિવને ઈલેક્ટ્રિક સ્ટાર્ટ સિસ્ટમમાં રૂપાંતરિત કરીને સફળતાપૂર્વક ટ્રેક પર કાર્યરત કરવામાં આવ્યા છે.

નાણાકીય અસર: આ ફેરફારથી 20,61,515ની બચત થઈ છે અને લોકમોટિવની વિશ્વસનીયતા તથા ઉપલબ્ધતામાં સુધારો થયો છે.

2. ટર્બો-સુપરચાર્જર અને વોટર પંપની સ્વદેશી તકનીકી સુધારણા, WDG5 લોકમોટિવના ટર્બો-સુપરચાર્જર અને લેફ્ટ-બેંક વોટર પંપની ઓવરહોલિંગ અવધિ 3 વર્ષ છે, પરંતુ વિદેશી સ્પેર પાર્ટ્સનો લીડ ટાઇમ 2થી 3 વર્ષ હોવાને કારણે લોકો સંખ્યા 50003 લાંબા સમયથી આઉટ ઑફ સર્વિસ (Out of Service) હતો.

સાબરમતી શેડે ઈન-હાઉસ એન્જિનિયરિંગ ટેકનોલોજી દ્વારા આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો:

સફળ પ્રતિસ્થાપન : WDG5 ટર્બો-સુપરચાર્જરના સ્થાને જરૂરી ફેરફારો સાથે WDG4 ટર્બો-સુપરચાર્જર અને ક્લચ એસેમ્બલી, તેમજ WDG5 લેફ્ટ-બેંક વોટર પંપના સ્થાને WDG4 વોટર પંપ સફળતાપૂર્વક ફિટ કરવામાં આવ્યો.

સફળ પરીક્ષણ: જરૂરી ફેરફારો બાદ લોકો 50003નું લોડ ટેસ્ટિંગ કરવામાં આવ્યું, જેમાં તમામ મુખ્ય ઓપરેટિંગ પેરામીટર્સ નિર્ધારિત ધોરણો અનુસાર સંતોષકારક જણાયા. ઓછી કિંમતની રિપેર કિટ: WDG4ના પાર્ટ્સ બનારસ લોકોમોટિવ વર્ક્સ (BLW/BSB) પાસેથી સરળતાથી ઉપલબ્ધ છે અને વોટર પંપની રિપેર કિટ માત્ર 21,275/-માં ઉપલબ્ધ થઈ જાય છે. નાણાકીય અસર: આ નવીનતા દ્વારા પ્રતિ લોકોમોટિવ આશરે 37,19,061/-ની બચત થઈ છે. કામગીરી અને બચતનો સંક્ષિપ્ત અહેવાલ, સ્ટાર્ટિંગ સમય: (પૂર્વ સ્થિતિ) 45-60 મિનિટ 3-4 સેકન્ડ (ઈલેક્ટ્રિક સ્ટાર્ટ) સ્પેર પાર્ટ્સની ઉપલબ્ધતા: (પૂર્વ સ્થિતિ) 2-3 વર્ષનો આયાતી લીડ ટાઇમ (હાલની સ્થિતિ) તાત્કાલિક/BLW સ્વદેશી સ્ટોક.

# ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમના કમિશનિંગ માટે 14 ઓગસ્ટે ટ્રેનોના સંચાલનમાં ફેરફાર

**અમદાવાદ, તા.12**

14 ઓગસ્ટ 2026 (શુક્રવાર) ના રોજ અમદાવાદ મંડળના આંબલિયાસણ, જગુદણ, મહેસાણા અને ભાંડુ મોટીદાઉ સ્ટેશનો વચ્ચે રેલ પરિચાલનને વધુ બેહતર બનાવવા માટે ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમના કમિશનિંગનું કાર્ય કરવામાં આવશે. આ સાથે અમદાવાદ-પાલનપુર રેલખંડના સંબંધિત ભાગમાં પણ સિગ્નલિંગ સંબંધિત કાર્ય કરવામાં આવશે.

ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ શરૂ થયા બાદ આ રેલખંડ પર ટ્રેનોના સંચાલનની ક્ષમતા વધશે. તેના પરિણામે ટ્રેનોને સ્ટેશનો પર બીજી ટ્રેન પસાર થવાની અથવા લાઈન ક્લિયર થવાની રાહ ઓછી જોવી પડશે અને મુસાફર તથા માલગાડીઓનું સંચાલન વધુ સુચારુ અને સરળ બની શકશે.

યાત્રીઓની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેટલીક ટ્રેનો રદ, આંશિક રીતે રદ કરવામાં અથવા પરિવર્તિત માર્ગ પર ચલાવવામાં આવશે.

14 ઓગસ્ટ 2026ના રોજ સંપૂર્ણપણે રદ રહેનારી ટ્રેનો

ટ્રેન સંખ્યા 79433/79434 સાબરમતી-પાટણ-સાબરમતી ડેમુ

ટ્રેન સંખ્યા 69207/69208 ગાંધીનગર કેપિટલ-વરેઠા-ગાંધીનગર કેપિટલ મેમુ

ટ્રેન સંખ્યા 79437/79438 મહેસાણા-આબુ રોડ-મહેસાણા ડેમુ

ટ્રેન સંખ્યા 79431/79432 સાબરમતી-મહેસાણા-સાબરમતી ડેમુ

ટ્રેન સંખ્યા 59509/59510 મહેસાણા-વીરમગામ-મહેસાણા પેસેન્જર

ટ્રેન સંખ્યા 59481/59482 મહેસાણા-ભીલડી-મહેસાણા પેસેન્જર

ટ્રેન સંખ્યા 59475/59476 મહેસાણા-પાટણ-મહેસાણા પેસેન્જર

ટ્રેન સંખ્યા 79435/79436 સાબરમતી-પાટણ-સાબરમતી ડેમુ

ટ્રેન સંખ્યા 59483/59484 મહેસાણા-પાટણ-મહેસાણા પેસેન્જર

ટ્રેન સંખ્યા 59511/59512 મહેસાણા-વીરમગામ-મહેસાણા પેસેન્જર

આંશિક રીતે રદ રહેનારી ટ્રેનો

ટ્રેન સંખ્યા 14822 (તારીખ: 14 ઓગસ્ટ 2026) / 14821 (તારીખ: 13 ઓગસ્ટ 2026) સાબરમતી-જોધપુર-સાબરમતી એક્સપ્રેસ, આબુ રોડ-સાબરમતી-આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન સંખ્યા 20959/20960 (તારીખ: 14 ઓગસ્ટ 2026) વલસાડ-વડનગર-વલસાડ ઈન્ટરસિટી એક્સપ્રેસ, ગાંધીનગર કેપિટલ-વડનગર-ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

# શહેરના વેસુ હેલ્થ સેન્ટર પાસે કચરાની દુર્ગંધથી સ્થાનિકો ત્રાહિમામ: સોસાયટીના આગેવાનો મનપા કમિશનરને રજૂઆત કરશે.....

**સુરત, તા.12**

દેશભરમાં સ્વચ્છતાના ક્ષેત્રે પ્રથમ ક્રમાંક મેળવીને ડંકો વગાડનાર સુરત શહેરના અત્યંત પોશ ગણાતા વેસુ વિસ્તારમાંથી મહાનગરપાલિકાના વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને નિષ્ક્રિયતા સામે આવી છે. વેસુ વીઆઈપી રોડ પર આવેલા ફાયર સ્ટેશન અને હેલ્થ સેન્ટરની બિલકુલ પાછળ તેમજ બાજુના ભાગે છેલ્લા કેટલાક દિવસોથી કચરાના મોટા મોટા ઢગલાઓ જમા થઈ રહ્યા છે. જે જગ્યાએથી સમગ્ર વિસ્તારના લોકોને સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે, તે જ હેલ્થ સેન્ટરના આંગણે ગંદકીનું સામ્રાજ્ય ખડકાતાં સુરત મહાનગરપાલિકા (SMC) ના આરોગ્ય અને સ્વચ્છતા વિભાગની કામગીરી સામે સ્થાનિકો દ્વારા ગંભીર સવાલો ઊભા કરવામાં આવ્યા છે.

કચરાના સમયસર અને યોગ્ય નિકાલના અભાવે સમગ્ર આસપાસના વિસ્તારમાં ભારે તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી છે. આ ગંદકીના કારણે હેલ્થ સેન્ટરમાં વિવિધ બીમારીઓની સારવાર માટે આવતા દર્દીઓ, નજીકની સોસાયટીના સ્થાનિક રહેવાસીઓ તેમજ બાજુમાં આવેલા જાહેર ગાર્ડનમાં સવાર-સાંજ વોકિંગ અને મનોરંજન માટે આવતા મુલાકાતીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રોડ પરથી પસાર થતી વખતે પણ લોકોને નાક પર રૂમાલ રાખીને કે નાક બંધ કરીને પસાર થવાની ફરજ પડી રહી છે. આટલું જ નહીં, ખુલ્લામાં પડ્યા રહેતા કચરાને લીધે વિસ્તારમાં મચ્છરો, માખીઓ અને અન્ય જીવાતોનો ઉપદ્રવ ખૂબ જ વધી ગયો છે, જેના કારણે ચોમાસાના આ દિવસોમાં સમગ્ર વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાનો ગંભીર ભય સ્થાનિકોને સતાવી રહ્યો છે.

સ્થાનિક રહીશોએ આક્ષેપ કરતા જણાવ્યું છે કે, સત્તાવાળાઓ દ્વારા જાહેર જગ્યાઓ પર ગેરકાયદેસર રીતે કચરો ફેંકતા અસામાજિક કે બેદરકાર લોકો સામે કોઈ કડક પગલાં ભરવામાં આવતા નથી. જો તંત્ર ખરેખર સ્વચ્છતા પ્રત્યે ગંભીર હોય તો મનપા દ્વારા કચરો ફેંકવાના આવા સંવેદનશીલ પોઈન્ટ પર સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવામાં આવે અને રસ્તા પર કે જાહેર સ્થળોએ ખુલ્લામાં કચરો ફેંકનારા લોકો સામે કડકમાં કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે, જેથી કરીને આ ગંદકીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકાય.

# 'હાર્દિક પંડ્યા ફરી GTમાં વાપસી કરવા ઈચ્છતો હતો પરંતુ...', સ્ટાર ઓલરાઉન્ડર અંગે નવો ખુલાસો




નવી દિલ્હી, તા.12

ઈન્ડિયન પ્રીમિયર લીગ 2027 માટે ટ્રેડ લિસ્ટ જાહેર થાય તે પહેલાં જ હાર્દિક પંડ્યાને લઈને ચર્ચાઓનું બજાર ગરમ છે. હાર્દિક હાલમાં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન છે. વર્ષ 2024માં હાર્દિક બીજી વખત મુંબઈ ઈન્ડિયન્સ સાથે જોડાયો હતો અને તેને કેપ્ટનશીપ સોંપવામાં આવી હતી, પરંતુ તેની કેપ્ટનશીપ હેઠળ મુંબઈનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું. આવી સ્થિતિમાં એવી અટકળો વહેતી થઈ છે કે IPL 2027માં મુંબઈ હાર્દિકને પોતાની સાથે રાખશે નહીં. આ જ કારણોસર તેના ટ્રેડની ચર્ચાએ જોર પકડ્યું છે.

હાર્દિકને ટ્રેડ કરવા માટે ઘણી ટીમો રેસમાં સામેલ છે, જેમાં ચેન્નઈ સુપર કિંગ્સને સૌથી આગળ માનવામાં આવી રહી છે. CSK ઉપરાંત દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ જેવી ટીમો પણ આ ધાકડ ઓલરાઉન્ડરને ટ્રેડ કરવા ઈચ્છે છે. જોકે, હવે જે અંદરની વાત સામે આવી છે તે ખૂબ જ ચોંકાવનારી છે. એક રિપોર્ટ પ્રમાણે હાર્દિક પંડ્યાએ પોતાની જૂની ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઈટન્સમાં વાપસી કરવા માટે વાતચીત કરી હતી.

રિપોર્ટ પ્રમાણે હાર્દિકે ગુજરાત ટાઈટન્સના મેનેજમેન્ટ સાથે વાતચીત કરી હતી. ટીમનો કેપ્ટન શુભમન ગિલ પણ હાર્દિકની વાપસી માટે સંમત થઈ ગયો હતો, પરંતુ સવાલ એ ઊભો થાય છે કે આખરે આ ડીલ કેમ શક્ય ન બની. રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે હાર્દિકે ગુજરાત સમક્ષ કેપ્ટનશીપ કરવાની શરત મૂકી હતી, પરંતુ ફ્રેન્ચાઈઝીએ તેની આ શરત માનવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આ જ મુખ્ય કારણ છે કે હાર્દિક પંડ્યાનો ગુજરાત ટાઈટન્સ સાથે ટ્રેડ ન થઈ શક્યો.

બીજી તરફ જ્યારે ગુજરાત ટાઈટન્સના પ્રતિનિધિનો આ અંગે સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે આ મુદ્દે કંઈ પણ ટિપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ ઉપરાંત પંડ્યાના મેનેજરે આ સમગ્ર મામલે જણાવ્યું હતું કે, 'હાર્દિક પંડ્યાની કોઈપણ ફ્રેન્ચાઈઝી સાથે ટ્રાન્સફર-ટ્રેડ કે અન્ય કોઈ વિષય પર સીધી વાતચીત થઈ નથી. જો તેમની સાથે કોઈ સંપર્ક કરવામાં આવ્યો હોય તો તે MI ફ્રેન્ચાઈઝીના માધ્યમથી જ કરવામાં આવ્યો છે.'

તમને જણાવી દઈએ કે, હાર્દિક પંડ્યાએ પોતાની કારકિર્દીની શરૂઆત મુંબઈ ઈન્ડિયન્સ સાથે જ કરી હતી, પરંતુ વર્ષ 2022માં તે ગુજરાત ટાઈટન્સમાં જોડાઈ ગયો હતો. ગુજરાત માટે પોતાની ડેબ્યૂ સીઝનમાં તેણે કેપ્ટનશીપ કરતા ટીમને ચેમ્પિયન બનાવી દીધી હતી. તેની આગામી સીઝનમાં પણ ગુજરાત હાર્દિકની કેપ્ટનશીપ હેઠળ ફાઈનલમાં પહોંચ્યું હતું, પરંતુ ત્યારબાદ 2024માં તે ટ્રેડ થઈને મુંબઈ પરત ફર્યો હતો, જે બાદ તેને રોહિત શર્માના સ્થાને ટીમની કેપ્ટનશીપ સોંપવામાં આવી હતી.

મુંબઈએ રોહિત પાસેથી ત્યારે કેપ્ટનશીપ પાછી લઈ લીધી હતી, જ્યારે તેણે ભારતને 2023ના 50-ઓવર વિશ્વ કપની ફાઈનલમાં પહોંચાડ્યું હતું. હાર્દિક કેપ્ટન બન્યા બાદ મુંબઈના ફેન્સમાં ભારે નિરાશા છવાઈ ગઈ હતી. આ નિરાશા ત્યારે વધુ ઘેરી બની જ્યારે ટીમ પ્લેઓફમાં પહોંચવામાં પણ નિષ્ફળ રહી.

# ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ 11 વર્ષ બાદ ગર્લફ્રેન્ડ જોર્જિના સાથે લગ્ન કર્યા, બંનેના 5 બાળકો છે



નવી દિલ્હી, તા.12

પોર્ટુગલના દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પોતાની લોંગ ટાઈમ ગર્લફ્રેન્ડ જોર્જિના રોડ્રિગેઝ સાથે લગ્ન કરી લીધા છે. રોનાલ્ડો અને જોર્જિનાએ સોશિયલ મીડિયા હેન્ડલ પર આ સમાચારની પુષ્ટિ કરી છે. આ કપલ છેલ્લા 11 વર્ષથી રિલેશનશિપમાં હતું. બંનેના લગ્ન 11 ઓગસ્ટ, 2026ના રોજ પોર્ટુગલના કાસકૈસમાં એક ખાનગી સમારોહમાં યોજાયા હતા. બરાબર એક વર્ષ પહેલા આ જોડીએ 11 ઓગસ્ટ, 2025ના રોજ સગાઈ કરી હતી. રોનાલ્ડો અને જોર્જિનાના આ ખાસ પ્રસંગે પરિવારના નજીકના લોકો અને તેમના પાંચેય બાળકો હાજર રહ્યા હતા.

41 વર્ષીય રોનાલ્ડોએ પોતાના લગ્નને સંપૂર્ણપણે પ્રાઈવેટ રાખ્યા હતા. તેમણે અગાઉ ક્યારેય એવો સંકેત આપ્યો ન હતો કે તે લગ્ન કરવા જઈ રહ્યા છે, જેના કારણે ફેન્સ માટે આ એક મોટું સરપ્રાઈઝ સાબિત થયું છે. રોનાલ્ડો અને જોર્જિનાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર જે ફોટો શેર કર્યો છે, તેમાં બંનેના ડાબા હાથમાં રિંગ્સ દેખાઈ રહી છે. આ સિવાય તેમના લગ્નની અન્ય કોઈ તસવીર કે વીડિયો હજુ સુધી સામે આવ્યા નથી.

રોનાલ્ડો અને જોર્જિના લગ્ન પહેલાં જ માતા-પિતા બની ચૂક્યા છે અને તેમને પાંચ બાળકો છે. જેમના નામ ક્રિસ્ટિયાનો જુનિયર, જોડિયા બાળકો ઈવા અને માટેઓ, અલાના માર્ટિના તેમજ બેલા એસ્મેરાલ્ડા છે. આ કપલે વર્ષ 2017માં અલાનાનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ 2022માં જોર્જિનાએ ફરીથી જોડિયા બાળકોને જન્મ આપ્યો હતો, પરંતુ જન્મના થોડા સમય બાદ જ તેમના પુત્ર એન્જલનું અવસાન થયું હતું, જ્યારે તેની જોડિયા બહેન બેલા જીવિત રહી હતી.

# ટાટા મુંબઈ મેરેથોન 2027 માટે રજિસ્ટ્રેશનનો પ્રારંભ




અમદાવાદ, તા.12

ભારતમાં ડિસ્ટન્સ રનિંગના પ્રણેતા પ્રોકેમ ઈન્ટરનેશનલે ટાટા મુંબઈ મેરેથોનની 22મી આવૃત્તિ માટે રજિસ્ટ્રેશન શરૂ કરવાની જાહેરાત કરી છે, જે 17 જાન્યુઆરી 2027ના રોજ યોજાવાની છે. 2004માં તેની શરૂઆત થઈ ત્યારથી મુંબઈ મેરેથોન વિશ્વની સૌથી મોટી સહભાગી ચળવળો પૈકીની એક બની ગઈ છે, જે રમતગમત, આરોગ્ય, સમાવેશીતા અને પરોપકારની પરિવર્તનકારી શક્તિ દ્વારા લાખો લોકોને પ્રેરણા આપે છે. આ માત્ર એક રેસ નથી પરંતુ તે મુંબઈની સ્થિતિસ્થાપકતા, ઉદારતા અને અદમ્ય ભાવનાની ઉજવણી કરે છે, જે શહેર, દેશ અને સમગ્ર વિશ્વના લોકોને એક તાંતણે બાંધે છે. રેસના દિવસે, દરેક પગલું, દરેક ઉત્સાહ અને દરેક ધબકારો મુંબઈનો છે.

વર્લ્ડ એથ્લેટિક્સ ગોલ્ડ લેબલ ધરાવતી આ મેરેથોનમાં કુલ 3,89,524 યુએસ ડૉલરનું ઈનામ ભંડોળ આપવામાં આવશે, જે વિશ્વભરના શ્રેષ્ઠ એથ્લેટ્સ અને એમેચ્યોર દોડવીરોને આકર્ષિત કરશે. ફિઝિકલ અને વર્ચ્યુઅલ બંને રેસ માટે રજિસ્ટ્રેશનનો પ્રારંભ 2026ની 31મી જુલાઈથી https://tatamumbaimarathon.procam.in/ પર શરૂ થઈ ગયો છે. આ રેસને આઈકોનિક છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CST) થી લીલી ઝંડી આપીને રવાના કરવામાં આવશે.

# બુમરાહ-સુદર્શન બાદ વધુ એક સ્ટાર ટીમ ઈન્ડિયાથી બહાર થશે, BCCI નું ટેન્શન વધ્યું



નવી દિલ્હી, તા.12

શ્રીલંકા સામેની આગામી મહત્ત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણીના પ્રારંભ પહેલાં જ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને ફેન્સ માટે વધુ એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને યુવા બેટ્સમેન સાઈ સુદર્શન ઈજાના કારણે શ્રેણીમાંથી બહાર થયા બાદ, હવે ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર પણ શ્રીલંકા પ્રવાસમાંથી બહાર થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. એકસાથે મુખ્ય ખેલાડીઓ ઈજાગ્રસ્ત થતાં ભારતીય ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે.

રિપોર્ટ્સ મુજબ, વોશિંગ્ટન સુંદર સંપૂર્ણ રીતે ફિટ નથી અને તે શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝમાંથી બહાર થઈ શકે છે. ટીમમાં બેટિંગ અને ઓફ-સ્પિન બોલિંગ બંનેમાં ઉપયોગી સાબિત થતા સુંદરનું બહાર થવું એ ભારતીય સ્પિન એટેક અને લોઅર ઓર્ડર બેટિંગ માટે મોટું નુકસાન ગણાવાઈ રહ્યું છે.

ટીમ ઈન્ડિયાનો મુખ્ય પેસ એટેકર જસપ્રીત બુમરાહ વર્કલોડ મેનેજમેન્ટ અને નાની ઈજાના કારણે આ શ્રેણીમાં ઉપલબ્ધ રહેશે નહીં. આ સિવાય શાનદાર ફોર્મમાં ચાલી રહેલો યુવા ઓપનર સાઈ સુદર્શન પણ અનફિટ હોવાના કારણે ટીમની બહાર થઈ ચૂક્યો છે. આ બે મુખ્ય ખેલાડીઓના ગયા બાદ વોશિંગ્ટન સુંદરનું આઉટ થવું એ BCCIની આશાઓ પર પાણી ફેરવવા સમાન છે.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના પોઈન્ટ્સ ટેબલને ધ્યાનમાં રાખીને ભારત માટે શ્રીલંકા સામેની આ શ્રેણી અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. BCCI અને ટીમ મેનેજમેન્ટ પોતાના મુખ્ય ખેલાડીઓની હાજરીમાં આ સીરિઝ સરળતાથી જીતવાની આશા રાખી રહ્યા હતા. જોકે સતત વધતી જતી ઈજાઓની યાદીને કારણે હવે પ્લેઈંગ-11નું સંતુલન જાળવવું એ કોચ અને કપ્તાન માટે મોટો પડકાર બની રહેશે.

ત્રણ મહત્ત્વપૂર્ણ ખેલાડીઓ આઉટ થવાના આરે હોવાથી, પસંદગીકારો હવે રિપ્લેસમેન્ટ તરીકે સ્થાનિક ક્રિકેટ અને ઈન્ડિયા-એ તરફથી સતત સારું પ્રદર્શન કરી રહેલા યુવા ખેલાડીઓને ટીમમાં સ્થાન આપે તેવી શક્યતા છે.

અનુભવી ખેલાડીઓની ગેરહાજરીમાં ભારતીય ટીમ શ્રીલંકા સામે ગૉલ ખાતે કઈ પ્લેઈંગ-11 સાથે મેદાનમાં ઉતરે છે તેના પર તમામ ક્રિકેટ ફેન્સની નજર રહેશે.

# ઓસ્કાર એવોર્ડ વિજેતા ગીત 'નાટૂ નાટૂ'ના સિંગર સામે FIR દાખલ, મહિલાએ લગાવ્યો આરોપ



મુંબઈ, તા.12

બ્લોકબસ્ટર ફિલ્મ RRRના વૈશ્વિક સ્તરે સુપરહિટ થયેલા ગીત 'નાટૂ નાટૂ'ના સિંગર અને 'બિગ બોસ તેલુગુ 3'ના વિનર રહી ચૂકેલા રાહુલ સિપ્લીગંજ કાનૂની વિવાદમાં ફસાયા છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં તેમની અને તેમના 11 સગા-સંબંધીઓ સામે પોલીસ કેસ (FIR) નોંધવામાં આવ્યો છે. એક મહિલાએ ગંભીર આરોપ લગાવ્યો છે કે સિંગરના સગાએ લગ્નની લાલચ આપીને તેની સાથે છેતરપિંડી કરી હતી અને ત્યારબાદ તેના પ્રાઈવેટ વીડિયો વાઈરલ કરવાની ધમકી પણ આપી હતી.

અહેવાલ મુજબ, સંબંધમાં રાહુલના બહેનોઈ (જીજા) થતા એક વ્યક્તિએ મહિલા સમક્ષ પોતાની ઓળખ સિંગરના સંબંધી તરીકે આપીને લગ્નનું વચન આપ્યું હતું. બાદમાં તેણે મહિલાની અંગત તસવીરો અને વીડિયો લીક કરવાની ધમકી આપી હતી. પીડિતાની ફરિયાદના આધારે વિશાખાપટ્ટનમના એમવીપી પોલીસ સ્ટેશનમાં સિંગર રાહુલ સિપ્લીગંજ સહિત 11 લોકો સામે મહિલાને ડરાવવા-ધમકાવવા, માનસિક ત્રાસ આપવા અને જબરદસ્તી નિવેદન આપવા માટે મજબૂર કરવાના મામલે FIR દાખલ કરવામાં આવી છે. આ વિવાદ અંગે હાલ સિંગર તરફથી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2022માં આવેલી એસ.એસ. રાજામૌલીની ફિલ્મ RRRમાં રાહુલે 'નાટૂ નાટૂ' ગીત ગાયું હતું, જેને આંતરરાષ્ટ્રીય સ્તરે અભૂતપૂર્વ સફળતા મળી હતી. આ ગીતના મ્યુઝિક કંપોઝર એમ.એમ. કીરાવાનીએ ઓસ્કર એવોર્ડ જીતીને વિશ્વભરમાં ભારતીય સિનેમાનો ડંકો વગાડ્યો હતો. તેલુગુ મ્યુઝિક ઈન્ડસ્ટ્રીનો જાણીતો સિંગર રાહુલ સિપ્લીગંજે 'બિગ બોસ તેલુગુ'ની ત્રીજી સીઝનમાં ભાગ લીધો હતો અને તે સીઝન જીતીને તે વિજેતા બન્યો હતો. અનેક મોટી ફિલ્મોમાં સુપરહિટ ગીતો ગાયા બાદ હવે તે ગંભીર આરોપો હેઠળ કાનૂની મામલામાં ફસાતાં મનોરંજન જગતમાં આ સમાચાર ભારે ચર્ચાનો વિષય બન્યા છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# ક્રાઈમ પેટ્રોલ 2026 : હવે અજય દેવગન બનશે 'ક્રાઈમ પેટ્રોલ 2026'નો ચહેરો




મુંબઈ, તા.12

ક્રાઈમ અને થ્રિલર ફિલ્મો માટે જાણીતો અજય દેવગન હવે વાસ્તવિક જીવનના ક્રાઈમ અને થ્રિલરનો ભાગ બનશે. 'ક્રાઈમ પેટ્રોલ 2026'ના માધ્યમથી એવા ગુનાનાકેસથી પ્રેરિત કિસ્સાઓ લઈને દર્શકો સમક્ષ આવશે, જેમણે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ શોની નવી સીઝન સોની પર પ્રસારિત થશે.

અજય દેવગનની પ્રભાવશાળી સ્ક્રીન પ્રેઝન્સ અને ઘેરો અવાજ દર્શકોને એવા કિસ્સાઓની સફર પર લઈ જશે, જેનાથી સમગ્ર દેશ હચમચી ગયો હતો. તાજેતરમાં રિલીઝ થયેલા પ્રોમોમાં અજય સીધો દર્શકો સાથે વાત કરતો જોવા મળે છે. તે દર્શકોને આજના સમયની વાસ્તવિકતાઓથી ડરીને તેના પ્રભાવ હેઠળ ન આવવા, પરંતુ વધુ સાવચેતી રાખવાની અપીલ કરે છે.

અજય દેવગન આ સફરમાં દર્શકોના માર્ગદર્શક બનવાનું વચન પણ આપે છે. તે કહે છે, "મૈં રહુંગા આપકે સાથ."

શોમાં જોડાવા અંગે અજય દેવગને કહ્યું, "'ક્રાઈમ પેટ્રોલ' જેવા શો સાથે જોડાવું મારા ચાહકો અને દર્શકો પ્રત્યેની એક જવાબદારી જેવું લાગે છે. આ શોએ ગુનાની ઘટનાઓને સમજવાની સાથે દર્શકોમાં જાગૃતિ ફેલાવવાની પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે. લોકોને પોતાની આસપાસના લોકો, તેમની સાથેના વ્યવહાર અને કોના પર વિશ્વાસ કરવો તે અંગે વધુ સતર્ક રહેવા માટે પણ શો પ્રોત્સાહિત કરે છે."

તેણે વધુમાં કહ્યું, "અમે એવા કેટલાક કિસ્સાઓથી પ્રેરિત કહાણીઓને સામે લાવી રહ્યા છીએ, જેમણે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. મને આશા છે અને વિશ્વાસ છે કે હું દર્શકોને આ કહાણીઓને ડર સાથે નહીં પરંતુ સાવચેતીપૂર્વક સમજવા અને તેનો સામનો કરવા માટે મદદ તથા માર્ગદર્શન આપી શકીશ." 'ક્રાઈમ પેટ્રોલ - ક્રાઈમ કા કરંટ સીઝન'ની નવી સીઝન સોમવાર, 31 ઓગસ્ટ, 2026ના રોજ રાત્રે 10:30 વાગ્યે શરૂ થશે. આ શો સોની ટીવી અને સોની લીવ પર જોવા મળશે.

# મુંબઈ આવેલી પ્રિયંકા સિદ્ધિવિનાયકના દર્શને પહોંચી

■ પ્રિયંકા આજકાલ ભારતનાં દરેક શહેરોમાં જાણીતાં મંદિરોએ જઈ રહી છે



મુંબઈ, તા.12

પ્રિયંકા ચોપડા જોનાસે મુંબઈમાં તેની પિતરાઈ બહેન મન્નારા સાથે વિખ્યાત સિદ્ધિવિનાયક મંદિરની મુલાકાત લઈ ગણપતિના દર્શન કર્યા હતા. આ પ્રસંગે પ્રિયંકાએ ગુલાબી સલવાર સૂટ અને વાદળી રંગનો દુપટ્ટો પહેર્યો હતો. જો કે, આ મુલાકાત દરમ્યાન તેની પુત્રી માલતી દેખાઈ નહોતી. કડક સુરક્ષા વ્યવસ્થા સાથે પ્રિયંકાએ મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કર્યો હતો. પ્રિયંકાની ઝલક મેળવવા માટે પ્રસંશકોએ ભીડ જમાવી હતી. પ્રિયંકાએ મંદિરની બહાર નીકળી ફોટોગ્રાફર્સ તથા તેના ચાહકોનું હાથ હલાવી અભિવાદન કર્યું હતું.એ પછી તે તેની કારમાં બેસી રવાના થઈ ગઈ હતી. પ્રિયંકા ભારતમાં જ્યાં શૂટિંગ કરવા જાય ત્યાં જાણીતા મંદિરોમાં દર્શન કરવા જાય છે. તાજેતરમાં પંજાબમાં એક ફિલ્મના શૂટિંગ દરમ્યાન પ્રિયંકાએ સુવર્ણ મંદિરની મુલાકાત લઈ ત્યાં વાસણ ધોવાની સેવા પણ કરી હતી. પ્રિયંકાએ અયોધ્યામાં તેના પતિ નીક જોનાસ અને પુત્રી માલતી સાથે રામમંદિરની પણ મુલાકાત લઈ તેના પરિવાર માટે આશીર્વાદ લીધા હતા.

# Gen-Z ને 'ગટર જનરેશન' કહીને ફસાયા સાંસદ કંગના રણૌત, કોર્ટ સુનાવણી માટે તૈયાર



મુંબઈ, તા.12

અભિનેત્રી અને ભાજપના લોકસભા સાંસદ કંગના રણૌત પોતાના વિવાદાસ્પદ નિવેદનોના કારણે ફરી એકવાર કાનૂની સંકટમાં ફસાયા છે. દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહેલા યુવાનો અને 'જેન ઝી' (Gen Z) ને 'ગટર જનરેશન' કહેવા બદલ તેમની સામે સ્પેશિયલ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે, જેને અદાલતે સુનાવણી માટે ગ્રાહ્ય રાખી છે. ઉત્તર પ્રદેશના આગ્રાની સ્પેશિયલ MP-MLA કોર્ટે મંગળવારે કંગના રણૌત વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીને સ્વીકારી લીધી છે. આ અરજી એડવોકેટ રમાશંકર શર્મા દ્વારા દાખલ કરવામાં આવી છે. કોર્ટે આ મામલે આગામી સુનાવણી માટે 21 ઓગસ્ટની તારીખ નક્કી કરી છે.

જૂન-જુલાઈ દરમિયાન પેપર લીકના મુદ્દાને લઈને દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન કંગના રણૌતે એક વીડિયો સંદેશમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓને 'ગટર જનરેશન' (Generation Gutter) કહ્યા હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે આ યુવાનોની સોશિયલ મીડિયા રીલ્સ જોઈને તેમને 'ઘીન' આવે છે અને સવાલ ઉઠાવ્યો હતો કે 'આવા લોકોને કોણ જન્મ આપી રહ્યું છે અને કોણ ઉછેરી રહ્યું છે?' અરજીકર્તા અને વકીલ રમાશંકર શર્માએ જણાવ્યું હતું કે, કંગના રણૌતે દેશના ભવિષ્ય એવા વિદ્યાર્થીઓનું ભારે અપમાન કર્યું છે અને તેમના માતા-પિતા વિરુદ્ધ પણ અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, જો આગ્રા કોર્ટ દ્વારા આ અરજી ફગાવી દેવામાં આવશે, તો તેઓ સેશન કોર્ટ અને જરૂર પડીએ આ મુદ્દાને સુપ્રીમ કોર્ટ સુધી લઈ જશે. બીજી તરફ, વિવાદ વધતાં કંગના રણૌતે પોતાની સફાઈમાં જણાવ્યું હતું કે તેમણે તમામ યુવાનો માટે આ શબ્દ નહોતો વાપર્યો, પરંતુ રસ્તાઓ પર અશ્લીલ અને નૈતિકતા વગરનું વર્તન કરતા ચોક્કસ પ્રદર્શનકારીઓ માટે આ વાત કહી હતી. જોકે, તેમના આ નિવેદનને કારણે યુવા વર્ગ અને વિપક્ષી પક્ષોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# પહેલાં 8000 કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા

## હવે માર્ક ઝકરબર્ગે કહ્યું કે AIથી હજારો નવી નોકરીઓનું સર્જન થશે, આ દાવામાં કેટલી સચ્ચાઈ છે?

**વોશિંગ્ટન, તા.12**

કોડિંગથી લઈને દરેક કામમાં હવે ઉત્પાદકતા વધારવા માટે AIનો ઉપયોગ ઝડપથી થઈ રહ્યો છે. જ્યાં એક તરફ તેના કારણે ઘણી કંપનીઓમાં છટણી થઈ રહી છે, તો બીજી તરફ ઘણી મોટી ટેક કંપનીઓના CEO કહી રહ્યા છે કે AI હજારો નવી નોકરીઓને જન્મ આપશે. તેમાં Metaના CEO માર્ક ઝકરબર્ગનું નામ પણ સામેલ છે.

તેમનું માનવું છે કે AI આવનારા સમયમાં રોજગારની નવી તકો ઊભી કરશે. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે થોડા સમય પહેલાં મેટામાં કામ કરતા 8000 કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. મીટ વેબસાઈટ પર એક બ્લોગમાં માર્કે કહ્યું છે કે સુપરઈન્ટેલિજન્સ એટલે કે એવું AI જે, મનુષ્યની વિચારવાની ક્ષમતાથી પણ આગળ નીકળી શકે છે, સમાજમાં ઘણા મોટા ફેરફારો કરી શકે છે.

તેમણે કહ્યું કે તેની તકો અને પડકારો એટલા મોટા હશે, જેટલા આપણે આપણા જીવનમાં પહેલાં ક્યારેય જોયા નહીં હોય. તેથી તેને ગંભીરતાથી લેવું જરૂરી છે. જોકે, ઝકરબર્ગે AIથી થતા સંભવિત નુકસાન અને ખાસ કરીને નોકરીઓ પર પડતી અસરને લઈને થઈ રહેલી ચર્ચાઓ પર આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેમણે કહ્યું કે જો લોકો માને છે કે AIના કારણે મોટાભાગની નોકરીઓ અને મનુષ્યનું મહત્વ સમાપ્ત થઈ જશે, તો પછી તેઓ આવા ભવિષ્યને બનાવવાની આટલી ઉતાવળ શા માટે કરી રહ્યા છે.

નોંધનીય બાબત એ પણ છે કે Meta પણ AIમાં મોટા પાયે રોકાણ કરનારી કંપનીઓમાં સામેલ છે. કંપની AIમાં રોકાણ વધારવા માટે પહેલાંથી જ હજારો કર્મચારીઓની છટણી કરી ચૂકી છે. Metaની યોજના આ વર્ષે એકલા AI પર 145 અબજ ડોલર સુધી ખર્ચ કરવાની છે. તેનાથી વિપરીત, મેટાના CEO માર્ક ઝકરબર્ગનું માનવું છે કે AI નવી રોજગારી ઊભી કરવામાં મદદ કરશે.

AI ગમે તેટલું સ્માર્ટ થઈ જાય, કમ્પ્યુટિંગ ક્ષમતા હંમેશા મર્યાદિત રહેશે અને તેનો ઉપયોગ એક જગ્યાએ કરવા પર તેને બીજી જગ્યાએ ઉપયોગ કરી શકાશે નહીં. ઝકરબર્ગનું એ પણ માનવું છે કે સુપરઈન્ટેલિજન્સની મદદથી લોકો ઓટોમેશનથી પણ વધુ મહત્વપૂર્ણ નવી વસ્તુઓ બનાવી શકે છે. તેમના મતે, AI જો આવિષ્કારના કામથી વધુ ઉપયોગ થશે તો



લોકોની વ્યક્તિગત ક્ષમતા પણ વધી શકે છે જેનાથી તેમનું ભવિષ્ય પણ સારું થશે.

તેમણે આ પોસ્ટ દ્વારા કહ્યું કે જ્યારે પણ કોઈ નવી ટેકનોલોજી આવે છે ત્યારે તેની સાથે નવી રોજગારી પણ ઊભી થાય છે. ઉદાહરણ તરીકે પહેલાં એપ ડેવલપર, સોશિયલ મીડિયા ક્રિએટર, ઈલેક્ટ્રિક વાહન ટેકનિશિયન અને ડેટા સેન્ટર ઓપરેટર જેવી નોકરીઓ સામાન્ય ન હતી. પરંતુ જ્યારે લોકોએ તેને શરૂ કર્યું તો, તેમાં આગળ નીકળી ગયા.

તેવી જ રીતે AIના આગમનથી પણ એવી નવી રોજગારી ઊભી થઈ શકે છે, જે આજે સામાન્ય નથી. તેમાં એક વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતા પ્રોડક્ટ સ્ટુડિયો સામેલ હોઈ શકે છે, જ્યાં કસ્ટમ રમકડાં, ફર્નિચર અથવા કપડાં ડિઝાઈન કરવામાં આવે.

આ સાથે જ AIની મદદથી લોકો માટે ખાસ ઉપચાર તૈયાર કરી શકાય છે. ભવિષ્યમાં એવી ઘણી નોકરીઓ પણ સામે આવી શકે છે, જેની અત્યારે કલ્પના કરવી મુશ્કેલ છે. ઝકરબર્ગના મતે, કંપનીઓનું કદ ભલે નાનું થઈ જાય, પરંતુ રોજગારની તકો વધી શકે છે. તેનો સ્પષ્ટ અર્થ છે કે ભવિષ્યમાં એવી કંપનીઓની સંખ્યા વધુ હોઈ શકે છે, જેમાં ઓછા લોકો કામ કરશે.

બીજી તરફ, અબજોપતિ એલોન મસ્ક પહેલાં દાવો કરી ચૂક્યા છે કે AI અને રોબોટ્સ બધી નોકરીઓ પર કબજો કરી શકે છે. તેમના મતે, આવી સ્થિતિમાં મનુષ્યો શાકભાજી ઉગાડવા જેવા કામ કરી શકે છે. જોકે, મસ્કનું એ પણ માનવું છે કે તે ભવિષ્યમાં બધા લોકોને સારો પગાર મળી શકે છે. તાજેતરના સમયમાં ઘણા પ્રભાવશાળી AI ટૂલ્સની પહોંચને લઈને ચર્ચા તેજ બની છે.

વ્હાઈટ હાઉસ દ્વારા વિદેશીઓ માટે એન્થ્રોપિકના ક્લાઉડ મિથોસ અને ફેબલ મોડેલના ઉપયોગ પર અસ્થાયી પ્રતિબંધ મૂક્યા પછી કેટલાક લોકોનું માનવું છે કે ખોટા ઉપયોગને રોકવા માટે શક્તિશાળી AI મોડેલ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. પરંતુ, કેટલાક લોકોનું માનવું છે કે આ AI ટૂલ્સ સુધી બધાની પહોંચ હોવી જોઈએ.

માર્ક ઝકરબર્ગનું પણ કંઈક આવું જ કહેવું છે. તેમનું માનવું છે કે શક્તિશાળી AI ટૂલ્સને કેટલાક લોકો કે કંપનીઓ સુધી સીમિત રાખવું યોગ્ય નથી. તેમના મતે, AIની શક્તિને એક જ જગ્યાએ રાખવી ભવિષ્યમાં મોટી સમસ્યા બની શકે છે. તેમનું કહેવું છે કે ઈતિહાસમાં પણ કોઈ એક શક્તિશાળી વ્યક્તિ કે સંસ્થા પર સમગ્ર માનવતાના ભલાની જવાબદારી છોડવી યોગ્ય સાબિત થઈ નથી.

આ પહેલાં OpenAIના CEO સેમ ઓલ્ટમેન પણ કહી ચૂક્યા છે કે તેમની કંપની AI મોડેલ પર રોક લગાવવા માંગતી નથી. જોકે, તેમણે સ્વીકાર્યું છે કે OpenAI હજુ એસ્ટ્રા AI મોડેલ લોન્ચ કરી શકતી નથી, કારણ કે તે ખૂબ જ શક્તિશાળી છે.

બીજી તરફ, મેટાએ તાજેતરમાં તેની સુપરઈન્ટેલિજન્સ લેબ્સ (MSL) દ્વારા બનાવેલા ઘણા નવા મ્યુઝ AI મોડેલ લોન્ચ કર્યા છે. તાજેતરમાં મેટાનું એક AI મોડેલ ટેસ્ટિંગ દરમિયાન નિયંત્રણ બહાર થઈ ગયું અને તેણે બીજી કંપનીના સિસ્ટમને હેક કરી લીધું. આવી જ ઘટનાઓ પહેલાં OpenAI અને Anthropicના AI મોડેલો સાથે પણ સામે આવી ચૂકી છે.

# સેન્સેક્સમાં 200 અંકથી વધુનો ઘટાડો: 77,900ના સ્તરે ટ્રેડિંગ, નિફ્ટી પણ 50 અંક તૂટ્યો, રિયલ્ટી અને FMCG શેર્સમાં વધુ વેચવાલી

**મુંબઈ, તા.12**

12 ઓગસ્ટના રોજ ભારતીય શેરબજારમાં નબળાઈ અને મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. સવારથી જ રોકાણકારોમાં વેચવાલીનું દબાણ સતત વધી રહ્યું છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય સંવેદનશીલ ઈન્ડેક્સ સેન્સેક્સ કારોબાર દરમિયાન 200થી વધુ અંકના મોટા ઘટાડા સાથે 77,900ના નીચલા સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ પોતાની પકડ મજબૂત રાખી શક્યો નથી અને તે 50થી વધુ અંક ઘટીને 24,400ના મહત્વપૂર્ણ સ્તરે પહોંચી ગયો છે. આજે ખાસ કરીને રિયલ્ટી અને એફએમસીજી ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ વેચવાલીનું દબાણ જોવા મળી રહ્યું છે, જેના કારણે એકંદર બજારનું વલણ નકારાત્મક બન્યું છે.

પ્રાથમિક શેરબજાર એટલે કે આઈપીઓ માર્કેટ અંગેની વાત કરીએ તો, મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ અને ધૂત ટ્રાન્સમિશન કંપનીના આઈપીઓમાં રોકાણ કરવાનો આજે છેલ્લો દિવસ છે. હેલ્થકેર ક્ષેત્ર સાથે જોડાયેલી કંપની મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ આ પબ્લિક ઈશ્યુ દ્વારા રૂ. 939.70 કરોડ એકત્ર કરવાની તૈયારીમાં છે. જ્યારે બીજી તરફ ધૂત ટ્રાન્સમિશન કંપની આઈપીઓ મારફતે રૂ. 3,066.89 કરોડનું વિશાળ ભંડોળ ઊભું કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.



વૈશ્વિક બજારોના સંકેતો પર નજર કરીએ તો એશિયાના મુખ્ય શેરબજારોમાં આજે મિશ્ર કારોબાર નોંધાયો છે. સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ આજે શાનદાર પ્રદર્શન કરતા 272 અંક એટલે કે 4.33 ટકાના મોટા ઉછાળા સાથે 6618 ના સ્તરે પહોંચ્યો છે. જાપાનનો નિકેઈ પણ સામાન્ય વધીને 70 અંક એટલે કે 0.10 ટકાના વધારા સાથે 67040 પર ટ્રેડ કરી રહ્યો છે. જોકે આ સામે હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો છે અને તે 306 અંક એટલે કે 1.17 ટકા ઘટીને 25346 ના સ્તરે પહોંચી ગયો છે.

અમેરિકી શેરબજારોની વાત કરીએ તો 11 ઓગસ્ટના રોજ કારોબારી સત્ર દરમિયાન ત્યાં પણ સાર્વત્રિક નુકસાન જોવા મળ્યું હતું. અમેરિકાનો મુખ્ય ઈન્ડેક્સ ડાઉ જોન્સ 184 અંક અથવા 0.34 ટકા ઘટીને 53792 પર બંધ રહ્યો હતો. આ સિવાય આઈટી સેક્ટર ધરાવતો નાસ્ડેક ઈન્ડેક્સ 160 અંક એટલે કે 0.60 ટકા ઘટીને 26445 પર અને એસ એન્ડ પી 500 ઈન્ડેક્સ 25 અંક અથવા 0.32 ટકાના ઘટાડા સાથે 7728 ની સપાટીએ બંધ થયો હતો.

બજારમાં રોકાણકારોની હિલચાલ અંગે જોઈએ તો છેલ્લા 7 દિવસ દરમિયાન વિદેશી રોકાણકારો તરફથી કુલ રૂ. 1,494 કરોડના શેરની ખરીદી કરવામાં આવી છે. તાજેતરના આંકડા મુજબ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ રૂ. 25 કરોડની અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII/FPI) એ રૂ. 259 કરોડની ચોખ્ખી ખરીદી કરી છે. છેલ્લા 7 દિવસના ગાળામાં ડીઆઈઆઈ દ્વારા રૂ. 2,984 કરોડ અને એફઆઈઆઈ દ્વારા રૂ. 2,696 કરોડનું મૂડીરોકાણ આવ્યું છે. જોકે છેલ્લા 30 દિવસના કુલ આંકડા જોઈએ તો ડીઆઈઆઈએ રૂ. 28,164 કરોડની ભારે ખરીદી કરી છે, જ્યારે એફઆઈઆઈએ રૂ. 2,169 કરોડના શેર વેચ્યા છે.

આજના કડાકા પહેલા ગઈકાલે એટલે કે 11 ઓગસ્ટે પણ ભારતીય બજાર મંદી સાથે બંધ થયું હતું. ગઈકાલે સેન્સેક્સ 388 અંક ઘટીને 78,154 ની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી 112 અંકનો ઘટાડો દર્શાવીને 24,472 ના સ્તરે બંધ રહ્યો હતો.

# સોનું ₹158 વધીને ₹1.53 લાખ પર પહોંચ્યું: 12 દિવસમાં ₹10 હજાર મોંઘું થયું, ચાંદી ₹2.35 લાખ પ્રતિ કિલો વેચાઈ રહી છે

**મુંબઈ, તા.12**

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 12 ઓગસ્ટે ફરી એકવાર વધારો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના આંકડા અનુસાર 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમતમાં 158 રૂપિયાનો ઉછાળો આવતા ભાવ 1.53 લાખ રૂપિયાની સપાટી પર પહોંચી ગયો છે. બીજી તરફ એક કિલો ચાંદીની કિંમતમાં પણ 46 રૂપિયાનો ઉમેરો થયો છે, જેથી ચાંદીનો ભાવ વધીને 2.35 લાખ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. ચાલુ મહિને એટલે કે ઓગસ્ટના શરૂઆતી 12 દિવસમાં જ સોનામાં 10 હજાર રૂપિયા અને ચાંદીમાં 16 હજાર રૂપિયાનો મોટો વધારો જોવા મળ્યો છે.

ચાલુ વર્ષ 2026માં સોના અને ચાંદીના ભાવમાં સતત ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં કુલ 20 હજાર રૂપિયાનો વધારો નોંધાયો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયાથી ઉપર હતો, જે વધીને હવે 1.53 લાખ રૂપિયા થયો છે. ચાંદીની વાત કરીએ તો તેમાં ચાલુ વર્ષે 5 હજાર રૂપિયાનો વધારો થયો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી પ્રતિ કિલો 2.30 લાખ



રૂપિયાના સ્તરે હતી, જે વધીને 2.35 લાખ રૂપિયા પર પહોંચી છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની ઓલટાઈમ હાઈ સપાટી બનાવી હતી.

કોમોડિટી ક્ષેત્રના નિષ્ણાત અજય કેડિયાના જણાવ્યા અનુસાર, સોના અને ચાંદીના ભાવ હાલમાં પોતાની સર્વોચ્ચ સપાટીથી ઘણા નીચે આવી ગયા હોવાથી રોકાણકારો તરફથી ફરી ખરીદી જોવા મળી રહી છે. જોકે તેમણે રોકાણકારોને એકસાથે બધી રકમ રોકવાને બદલે સમયાંતરે રોકાણ કરવાની સલાહ આપી છે. તેમના અંદાજ મુજબ વર્ષના અંત સુધીમાં સોનાની કિંમત ફરી એકવાર 1.60 લાખ રૂપિયા અને ચાંદીની કિંમત 2.80 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. કીમતી ધાતુઓમાં રોકાણ માટે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એટલે કે ઈટીએફ (ETF) એક ઉત્તમ વિકલ્પ છે, જે સોના-ચાંદીના બજાર ભાવ પર આધારિત હોય છે. ગોલ્ડ કે સિલ્વર ઈટીએફનું ખરીદ-વેચાણ સામાન્ય શેરની જેમ જ બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ પર કરી શકાય છે. આ માધ્યમમાં રોકાણકારને ભૌતિક રૂપે સોનું કે ચાંદી મળતું નથી, પરંતુ જ્યારે રોકાણમાંથી બહાર નીકળવું હોય ત્યારે તે સમયના પ્રવર્તમાન ભાવ મુજબ રકમ મળી જાય છે. આ વિકલ્પમાં 500 રૂપિયાથી પણ ઓછા ભંડોળથી રોકાણની શરૂઆત કરી શકાય છે. ઈટીએફમાં રોકાણ કરવા માટે રોકાણકારે પોતાના બ્રોકર મારફતે ડીમેટ એકાઉન્ટ ખોલાવવું પડે છે. ત્યારબાદ નેશનલ સ્ટોક એક્સચેન્જ પર ઉપલબ્ધ ઈટીએફના યુનિટ્સ ખરીદી શકાય છે.


# AGM પહેલાં જ એન ચંદ્રશેખરનનું ટાટા સન્સના ચેરમેન પદેથી રાજીનામું: નોએલ ટાટા સાથે મતભેદ અને ટ્રસ્ટમાં ખેંચતાણ કારણભૂત બની

**નવી દિલ્હી, તા.12**

ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જોકે તેઓ ફેબ્રુઆરી 2027 સુધી પોતાના પદ પર યથાવત રહેશે. ચંદ્રશેખરનનો આ મહત્વપૂર્ણ નિર્ણય 18 ઓગસ્ટે યોજાનારી ટાટા સન્સની વાર્ષિક સામાન્ય સભા એટલે કે AGM પહેલા આવ્યો છે.

ચંદ્રશેખરન વર્ષ 2017માં ટાટા સન્સના ચેરમેન બન્યા હતા અને તેઓ ટાટા પરિવારની બહારના એવા પહેલા વ્યાવસાયિક મેનેજર હતા જેમણે આ સમગ્ર સમૂહની કમાન સંભાળી હતી. તેમના કાર્યકાળ દરમિયાન ટાટા ગ્રુપની આવકમાં બમણાથી વધુનો વધારો થયો હતો, પરંતુ તાજેતરના સમયમાં નવા બિઝનેસમાં કરવામાં આવેલા ભારે રોકાણ અને તેના પ્રદર્શનને લઈને ટાટા ટ્રસ્ટ્સ સાથે તેમના મતભેદો ઊંડા બન્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટાટા સન્સમાં આશરે 66 ટકા હિસ્સેદારી ધરાવતા ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટા, ચંદ્રશેખરનના કાર્યકાળના વિસ્તરણની વિરુદ્ધમાં હોવાનું માનવામાં આવી રહ્યું હતું. ફેબ્રુઆરીમાં બોર્ડે ચંદ્રશેખરનના આગામી 5 વર્ષના કાર્યકાળની ભલામણ કરી હતી, પરંતુ પાછળથી નોએલ ટાટાએ નવા બિઝનેસના પ્રદર્શન પર સવાલો ઉઠાવીને ચંદ્રશેખરન માટે માત્ર 2 વર્ષના કાર્યકારી કાર્યકાળની વકાલત કરી હતી. રતન ટાટાના નિધન પછી ટાટા ગ્રુપના આંતરિક મતભેદો ખુલ્લેઆમ સામે આવવા લાગ્યા હતા. ઘણા ટ્રસ્ટીઓ પદ છોડી ચૂક્યા છે અને વરિષ્ઠ સરકારી અધિકારીઓએ પણ ટ્રસ્ટીઓને એવી સલાહ આપી હતી કે તેમના પરસ્પર મતભેદની અસર ગ્રુપની કંપનીઓના દૈનિક કામકાજ પર ન પડવી જોઈએ. ઘણા અધિકારીઓ અને એક્ઝિક્યુટિવ્સે એવી ચિંતા પણ વ્યક્ત કરી હતી કે આ આંતરિક ખેંચતાણને કારણે ગ્રુપના મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં વિલંબ થઈ રહ્યો છે.

પોતાના રાજીનામા અંગે ખુલાસો કરતા એન ચંદ્રશેખરને જણાવ્યું હતું કે, ટાટા સન્સના ચેરમેન તરીકે તેમનો વર્તમાન કાર્યકાળ 20 ફેબ્રુઆરી 2027ના રોજ પૂરો થઈ રહ્યો છે. સર



દોરાબજી ટાટા ટ્રસ્ટ અને સર રતન ટાટા ટ્રસ્ટ દ્વારા સર્વસંમતિથી પ્રસ્તાવ પાસ કરીને તેમના આગામી 5 વર્ષના કાર્યકાળના વિસ્તરણની ભલામણ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવને ટાટા સન્સની નોમિનેશન એન્ડ રેમ્યુનરેશન કમિટી અને બોર્ડે નોંધીને આગળ વધારવા સલાહ આપી હતી. ત્યારબાદ આ પ્રસ્તાવ 24 ફેબ્રુઆરી 2026ના રોજ ટાટા સન્સ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જોકે, બોર્ડના એક સભ્યએ સમર્થન ન આપતા આ પ્રસ્તાવ આગળ વધી શક્યો નહીં. સર્વસંમત સમર્થન ન મળવાને કારણે તેમણે આ નિર્ણય મુલતવી રાખવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. તે બોર્ડ મીટિંગને 6 મહિના જેટલો સમય વીતી ચૂક્યો હોવા છતાં કોઈ આખરી નિર્ણય થઈ શક્યો ન હતો. તેમણે ઉમેર્યું હતું કે ટાટા સન્સ એક વિશાળ સંસ્થા છે અને તેના ઘણા વ્યાવસાયિક પ્રોજેક્ટ્સ અત્યારે મહત્વના વળાંક પર છે, તેથી ફેબ્રુઆરી 2027 પછી ગ્રુપનું નેતૃત્વ કરવા માટે માત્ર એક નેતાનું હોવું જ જરૂરી નથી પરંતુ કર્મચારીઓ, રોકાણકારો અને બાકીના સ્ટેકહોલ્ડર્સ માટે સ્પષ્ટતા હોવી પણ અત્યંત જરૂરી છે.

એન ચંદ્રશેખરનના રાજીનામાના સમાચાર બહાર આવતાની સાથે જ ટાટા ગ્રુપની લિસ્ટેડ કંપનીઓના શેરોમાં કડાકો જોવા મળ્યો છે. TCS, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ અને ટાટા કન્ઝ્યુમરના શેર 3 ટકા સુધી ગગડી ગયા છે. રોકાણકારોમાં એવી ચિંતા પ્રવર્તી રહી છે કે હોલ્ડિંગ કંપનીમાં નેતૃત્વ પરિવર્તન અને ટાટા ટ્રસ્ટ સાથેના આ મતભેદોની અસર ગ્રુપની ભવિષ્યની રણનીતિઓ પર પડી શકે છે.

ચંદ્રશેખરને 2017માં કમાન સંભાળ્યા બાદ ટાટા ગ્રુપનો વ્યાપ અને દિશા બંને બદલાયા હતા. ટીસીએસના પ્રમુખ રહી ચૂકેલા ચંદ્રશેખરને ટાટા સન્સની કમાન સંભાળ્યા પછી ગ્રુપને એર ઈન્ડિયાના અધિગ્રહણ દ્વારા એવિએશન ક્ષેત્રે, સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ, બેટરી અને ડિજિટલ બિઝનેસ જેવા નવા ક્ષેત્રોમાં આગળ વધાર્યું હતું. નાણાકીય વર્ષ 2020માં ગ્રુપનું મહેસૂલ 7.89 લાખ કરોડ હતું, જે નાણાકીય વર્ષ 2026માં વધીને 16.24 લાખ કરોડ થઈ ગયું હતું. આ સમયગાળા દરમિયાન ગ્રુપનો ચોખ્ખો નફો 32,000 કરોડથી વધીને 1.71 લાખ કરોડ એટલે કે લગભગ 5 ગણો થઈ ગયો હતો. તે જ રીતે લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન નાણાકીય વર્ષ 2020ના 9.31 લાખ કરોડથી વધીને નાણાકીય વર્ષ 2026માં 24.39 લાખ કરોડ પર પહોંચી ગયું હતું.

ચંદ્રશેખરનનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે ટાટા જૂથ સેમિકન્ડક્ટર ફેબ, ઈવી બેટરી અને એર ઈન્ડિયાના વિલિનીકરણ જેવા ઈતિહાસના સૌથી મોટા રોકાણના નિર્ણયોમાંથી પસાર થઈ રહ્યું છે. તેઓ TCS, ટાટા મોટર્સ અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ જેવી મુખ્ય કંપનીઓના પણ ચેરમેન છે, જેથી તેમના હટવાથી સમગ્ર જૂથમાં મોટા નેતૃત્વ પરિવર્તનનો તબક્કો શરૂ થઈ ગયો છે.

# ટાટા-ગ્રુપના મુખ્ય ટ્રસ્ટ SRTTમાંથી વિજય સિંહનું રાજીનામું: 14 ઓગસ્ટે કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે, સર દોરાબજી ટાટા ટ્રસ્ટમાં ચાલુ રહેશે

**મુંબઈ, તા.12**

ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સ પર નિયંત્રણ રાખતા બે મુખ્ય ટ્રસ્ટોમાંના એક સર રતન ટાટા ટ્રસ્ટ એટલે કે SRTTના વાઈસ ચેરમેન વિજય સિંહે રાજીનામું આપી દીધું છે. પૂર્વ સંરક્ષણ સચિવ વિજય સિંહનો વર્તમાન કાર્યકાળ 14 ઓગસ્ટે સમાપ્ત થઈ રહ્યો છે અને તેમણે આગામી કાર્યકાળ ન લેવાનો નિર્ણય કર્યો છે. જોકે, તેઓ ટાટા ગ્રુપના બીજા મુખ્ય ટ્રસ્ટ સર દોરાબજી ટાટા ટ્રસ્ટ એટલે કે SDTTમાં ટ્રસ્ટીના પદ પર યથાવત રહેશે. ટાટા ટ્રસ્ટ્સ- SRTT અને SDTT પાસે ટાટા સન્સની લગભગ 66% હિસ્સેદારી છે. વિજય સિંહનો આ નિર્ણય ટાટા ટ્રસ્ટ્સની અંદર ચાલી રહેલા આંતરિક મતભેદો અને રેગ્યુલેટરી કાર્યવાહી વચ્ચે આવ્યો છે. રેગ્યુલેટરી પાબંદીઓના કારણે SRTT હાલમાં ટ્રસ્ટીઓની બેઠક યોજી શકતું નથી.

મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરે મે મહિનામાં એકતરફી આદેશ જારી કરીને SRTTને 16 મેની પ્રસ્તાવિત બેઠક મુલતવી રાખવાનો નિર્દેશ આપ્યો હતો. આ આદેશ તે ફરિયાદો પછી આવ્યો હતો જેમાં સવાલ ઉઠાવવામાં આવ્યો હતો કે શું SRTT બોર્ડની રચના મહારાષ્ટ્ર પબ્લિક ટ્રસ્ટ્સ એક્ટના તે ફેરફાર મુજબ છે, જે બોર્ડમાં કાયમી અથવા લાઈફ ટ્રસ્ટીઓની સંખ્યા 25% સુધી મર્યાદિત કરે છે.

SRTTએ આ પ્રતિબંધમાંથી રાહત મેળવવા માટે મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરને વિનંતી કરી છે. ટ્રસ્ટે ચેતવણી આપી છે કે આ પ્રતિબંધ ચાલુ રહેવાથી લગભગ 400 કરોડની પરોપકારી ગ્રાન્ટ્સ પ્રભાવિત થઈ શકે છે. સાથે જ 18 ઓગસ્ટે યોજાનારી ટાટા સન્સની વાર્ષિક સામાન્ય સભા (AGM)માં ટ્રસ્ટની ભાગીદારીમાં પણ અવરોધ આવી શકે છે.

18 ઓગસ્ટે યોજાનારી ટાટા સન્સની AGMમાં ચેરમેન એન ચંદ્રશેખરનને ફરીથી ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવાના પ્રસ્તાવ પર વિચારણા થવાની છે. ચંદ્રશેખરનનું એક્ઝિક્યુટિવ ચેરમેન પદ પર ચાલુ રહેવું એ વાત પર નિર્ભર કરે છે કે તેઓ કંપનીના બોર્ડમાં સામેલ રહે છે કે નહીં.

SRTT મે મહિનામાં લાગેલા



પ્રતિબંધ પછી કોઈ બેઠક કરી શક્યું નથી. આનાથી એ અનિશ્ચિતતા બની રહી છે કે ટાટા સન્સની AGMમાં મત કેવી રીતે આપવામાં આવશે અને પ્રતિનિધિની નિમણૂક કેવી રીતે થશે. ટ્રસ્ટનું કહેવું છે કે આ પ્રતિબંધને કારણે ટાટા સન્સ પાસેથી મળનારા ડિવિડન્ડની મંજૂરી પણ અટકી શકે છે, જેનાથી તેના ચેરિટેબલ પ્રોગ્રામ્સ ચાલે છે.

કાનૂની વિવાદનો મુખ્ય મુદ્દો મહારાષ્ટ્ર પબ્લિક ટ્રસ્ટ્સ એક્ટનો સુધારો છે, જે 1 સપ્ટેમ્બર 2025થી લાગુ થયો છે. આ સુધારો કોઈ પબ્લિક ટ્રસ્ટના બોર્ડમાં લાઈફ ટ્રસ્ટીઓની સંખ્યાને મહત્તમ 25% સુધી મર્યાદિત કરે છે.

SRTTની દલીલ છે કે આ નિયમ ભવિષ્યથી લાગુ પડે છે, તેથી કાયદો લાગુ થતા પહેલા થયેલી કાયમી નિમણૂકો પર તેની અસર નહીં થાય. બાદમાં ચેરિટી કમિશનરે સ્પષ્ટ કર્યું કે આ પ્રતિબંધ ફક્ત SRTT પર લાગુ પડે છે, અન્ય ટાટા ટ્રસ્ટો પર નહીં.

નિયમનકારી તપાસ અને વિવાદોનો આ સમયગાળો ઓક્ટોબર 2024માં રતન ટાટાના નિધન પછી ટાટા ટ્રસ્ટ્સની અંદર ઉદ્ભવેલા આંતરિક મતભેદો વચ્ચે જોવા મળી રહ્યો છે.

ઓક્ટોબર 2025માં જ્યારે ટ્રસ્ટીઓએ રતન ટાટાના નજીકના સહયોગી મેહલી મિસ્ત્રીનો કાર્યકાળ લંબાવવાનો ઈનકાર કર્યો, ત્યારે આ તણાવ સાર્વજનિક થયો.

ત્યારબાદ મિસ્ત્રીએ SRTT, SDTT અને બાઈ હીરાબાઈ જમશેદજી ટાટા નવસારી ચેરિટેબલ ઈન્સ્ટિટ્યુશનમાંથી રાજીનામું આપી દીધું હતું. મિસ્ત્રીએ તેમને હટાવવાના નિર્ણયને પડકાર્યો અને ગવર્નન્સ તથા કોન્ફ્લિક્ટ ઑફ ઈન્ટરેસ્ટ સંબંધિત આરોપો લગાવ્યા, જેને ટાટા ટ્રસ્ટ્સે નકારી કાઢ્યા.

મેહલી મિસ્ત્રીએ 'બાઈ હીરાબાઈ જમશેદજી ટાટા નવસારી ચેરિટેબલ ઈન્સ્ટિટ્યુશન'માં વિજય સિંહ અને સહ-વાઈસ ચેરમેન વેણુ શ્રીનિવાસનની પાત્રતા પર પણ સવાલો ઉઠાવ્યા હતા.

તેમનો તર્ક હતો કે ટ્રસ્ટની શરતો અનુસાર ટ્રસ્ટી પારસી ઝોરોસ્ટ્રિયન હોવા જોઈએ અને મુંબઈના કાયમી નિવાસી હોવા જરૂરી છે. ત્યારબાદ શ્રીનિવાસને એપ્રિલમાં અન્ય વ્યવસાયિક વ્યસ્તતાઓને ટાંકીને તે ટ્રસ્ટમાંથી રાજીનામું આપી દીધું, જ્યારે સિંહ પદ પર યથાવત રહ્યા.

આ ઉપરાંત, મે મહિનામાં વિજય સિંહ અને વેણુ શ્રીનિવાસન 'ટાટા એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ'ના ટ્રસ્ટી પણ રહ્યા ન હતા, કારણ કે તેમના પુનર્ગઠન પ્રસ્તાવને ટ્રસ્ટના નિયમો મુજબ સર્વસંમતિ મળી શકી ન હતી. આ સમગ્ર ઘટનાક્રમ અને રાજીનામા પર ટિપ્પણી માટે ટાટા ટ્રસ્ટ્સ અને વિજય સિંહને મોકલવામાં આવેલા ઈમેલનો પ્રકાશન સુધી કોઈ જવાબ મળ્યો ન હતો. મહારાષ્ટ્ર પબ્લિક ટ્રસ્ટ્સ એક્ટમાં 1 સપ્ટેમ્બર 2025થી લાગુ થનારા સુધારા હેઠળ કોઈપણ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના ગવર્નિંગ બોર્ડમાં 'લાઈફ' અથવા 'પરપેચ્યુઅલ' (આજીવન) ટ્રસ્ટીઓની સંખ્યા કુલ સભ્યોના 25% થી વધુ ન હોઈ શકે.

# દેશમાં વ્યવસાયિક પરિવારોની સંપત્તિ ₹138 લાખ કરોડ થઈ

## આ નેધરલેન્ડ્સ અને સાઉદી અરેબિયા જેવા દેશોની અર્થવ્યવસ્થા કરતાં વધુ, દરરોજ ₹4,076 કરોડ ઉમેર્યા

**નવી દિલ્હી, તા.12**

ભારતના 300 સૌથી ધનિક ફેમિલી બિઝનેસની કુલ સંપત્તિ ઓલ-ટાઈમ હાઈ એટલે કે રેકોર્ડ 138 લાખ કરોડની સપાટી પર પહોંચી ગઈ છે. વર્ષ 2024 ની સરખામણીમાં આ તમામ પારિવારિક વ્યવસાયોની સંપત્તિમાં આશરે 30 લાખ કરોડનો અને વર્ષ 2025 ની સરખામણીમાં 1.23 લાખ કરોડનો મોટો વધારો નોંધાયો છે. તાજેતરમાં જાહેર થયેલા '2026 બાર્કલેઝ પ્રાઈવેટ ક્લાયન્ટ્સ હુરુન ઈન્ડિયા મોસ્ટ વેલ્યુએબલ ફેમિલી બિઝનેસ લિસ્ટ' અનુસાર છેલ્લા બે વર્ષના ગાળા દરમિયાન આ તમામ બિઝનેસ પરિવારોએ પોતાની નેટવર્થમાં દરરોજ સરેરાશ 4,076 કરોડ ઉમેર્યા છે.

વૃદ્ધિ અને સંપત્તિ સર્જનના મામલે જિંદલ પરિવારે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી આશ્ચર્યજનક પ્રદર્શન કર્યું છે. જિંદલ પરિવારે વીતેલા 3 વર્ષના સમયગાળામાં પોતાની કુલ સંપત્તિમાં 3.3 લાખ કરોડ ઉમેર્યા છે, જેના કારણે તેમની કુલ નેટવર્થમાં 70 ટકાનો મોટો ઉછાળો આવ્યો છે અને તેમની સંપત્તિ વધીને 8.02 લાખ કરોડના સ્તરે પહોંચી ગઈ છે.

આ તમામ ભારતીય બિઝનેસ પરિવારોની કુલ



સંપત્તિ વિશ્વના અનેક સમૃદ્ધ અને વિકસિત દેશોની અર્થવ્યવસ્થા કરતા પણ વિશાળ બની ગઈ છે. હુરુન ઈન્ડિયાના સ્થાપક અને મુખ્ય સંશોધક અનસ રહેમાન જુનૈદના જણાવ્યા અનુસાર, ભારતના સૌથી મૂલ્યવાન પારિવારિક વ્યવસાયોની કુલ સંપત્તિ 1.46 ટ્રિલિયન ડોલર એટલે કે લગભગ 138 લાખ કરોડ પર પહોંચી ગઈ છે. તેમણે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે જો આ યાદીમાં સમાવિષ્ટ તમામ 300 પરિવારોની સંપત્તિનો સરવાળો કરીને તેને એક અલગ દેશ ગણવામાં આવે, તો જીડીપી (GDP)ની દ્રષ્ટિએ તે સમગ્ર વિશ્વની 18મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. આ રકમ નેધરલેન્ડ, સાઉદી અરેબિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને પોલેન્ડ જેવા વિશ્વના અગ્રણી દેશોના વાર્ષિક જીડીપી કરતા પણ વધુ છે.

બીજી તરફ ટકાવારીની દ્રષ્ટિએ સૌથી ઝડપી સંપત્તિ વધારવામાં શાહી એક્સપોર્ટ્સના આહુજા પરિવાર પ્રથમ ક્રમે રહ્યો છે. આહુજા પરિવારે છેલ્લા ત્રણ વર્ષમાં વૃદ્ધિના મામલે સૌથી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે, જેમાં તેમની સંપત્તિ 352 ટકાના તોતિંગ વધારા સાથે 37,500 કરોડ થઈ ગઈ છે. હુરુન ઈન્ડિયાની આ સમગ્ર યાદીમાં ત્રણ વર્ષના ગાળા દરમિયાન નોંધાયેલો આ સૌથી ઉચ્ચતમ ગ્રોથ રેટ છે.

# અમદાવાદના આનંદનગરમાં દુષ્કર્મ ગુજારનાર આરોપી ગાર્ડ અને સિક્યોરિટી કંપની લાયસન્સ વિહોણા!

**અમદાવાદ, તા.12**

અમદાવાદના જોધપુર વિસ્તારમાં કચ્છની યુવતી ઉપર દુષ્કર્મ ગુજરાતના સિક્યુરિટી ગાર્ડ ધર્મસિંહની પોલીસમાં નોંધણી કરાવાઈ નહોતી. હવે, આ સિક્યુરિટીને નોકરી આપનાર એ-વન સિક્યુરિટી એજન્સીનું લાયસન્સ પણ પૂર્ણ થયા પછી રિન્યૂ નહીં કરાવાયું હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ અંગે આનંદનગર પોલીસે ગુનો નોંધી માલિક રામપ્રકાશ તિવારીની ધરપકડ કરી છે. સોસાયટીઓ, એપાર્ટમેન્ટોમાં નાગરિકોની સુરક્ષાની જવાબદારી ખાનગી સિક્યુરિટી એજન્સીઓ સંભાળે છે તેની પોલીસમાં નોંધણી વ્યવસ્થા અધ્ધરતાલ હોવાનું જણાઈ રહ્યું છે.




રાજ્યભરમાં અભ્યાસ કે વ્યવસાય અર્થે જુદા જુદા શહેરોમાં રહેતી યુવતીઓની સુરક્ષા અંગે સવાલો સર્જનાર અમદાવાદના દુષ્કર્મ કેસમાં આરોપી સિક્યુરિટી ગાર્ડ ધર્મસિંહ રાઠોડને કલાકોમાં જ શોધી કઢાયો હતો. આ પછી પણ આરોપીએ ભાગી છૂટવા પોલીસ ઉપર હુમલો કરતાં થયેલા ગોળીબારમાં એક પોલીસમેન ઉપરાંત આરોપી ધર્મસિંહને પગમાં ગોળી વાગી હતી. પોલીસકર્મી અને આરોપી ધર્મસિંહ સારવાર હેઠળ છે. આરોપી ધર્મસિંહને બુધવારે(12 ઓગસ્ટ) હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે તો અદાલતમાં રજૂ કરી તેના રિમાન્ડ મેળવવા આનંદનગર પોલીસ દ્વારા તજવીજ હાથ ધરવામાં આવશે.

બીજી તરફ, આનંદનગર પોલીસની તપાસમાં એવી વિગતો ખુલી હતી કે, મુળ ઉત્તરપ્રદેશનો સિક્યુરિટી ગાર્ડ ધર્મસિંહ રામશંકરસિંહ રાઠોડને એ-વન સિક્યુરિટી એજન્સીના માલિક રામપ્રકાશ હરીશંકર તિવારી(ઉં.વ.50)એ પૂરતા કાયકાદીય કાર્યવાહી કર્યા વગર જ નોકરી ઉપર રાખ્યો હતો. એ-વન સિક્યુરિટી એજન્સીનું લાયસન્સ 5-4-2026ના રોજ પૂર્ણ થઈ ચૂક્યું હતું તે પછી રિન્યૂ કરવામાં આવ્યું નહોતું.

લાયસન્સ રિન્યૂ કરાવ્યા વગર જ સિક્યુરિટી એજન્સી ચલાવવા બદલ એવન સિક્યુરિટી એજન્સીના માલિક, ઉત્તરપ્રદેશના રામપ્રકાશ હરીશંકર તિવારી સામે ગુનો નોંધી આનંદનગર પોલીસે તેની ધરપકડ કરી છે. આનંદનગર પોલીસે 31 જુલાઈના રોજ ગુરખા સૈનિક સિક્યુરિટી સર્વિસ સામે વગર લાયસન્સે એજન્સી ચલાવવા બદલ ગુનો નોંધ્યો હતો. આ સમયે એ-વન સિક્યુરિટી એજન્સીનું લાયસન્સ નહોતું તે બાબત આનંદનગર પોલીસના ધ્યાન બહાર રહી ગઈ કે કેમ? તે અંગે પણ ખાતાકીય તપાસ થઈ શકે છે.

બીજી તરફ, દુષ્કર્મ કેસનું પંચનામું ઓનલાઈન ઈ-સાક્ષ્ય એપ્લિકેશનમાં અપલોડ કરતી વખતે તા.9ના રાત્રે 8-10થી 8-55 વાગ્યાના સમયગાળા દરમિયાન આરોપીએ આનંદનગર પી.આઈ.ની રિવોલ્વર ઝૂંટવવા પ્રયાસ કરતાં ફાયરિંગ થયું હતું. આ અંગે બોડકદેવ પોલીસમાં અલગથી ગુનો નોંધાવવામાં આવ્યો છે. પોલીસ ફાયરિંગમાં પગમાં થયેલી ઈજાની સારવાર પૂર્ણ થયા બાદ આ કેસમાં પણ આરોપી ધર્મસિંહની બોડકદેવ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવશે.

# અમદાવાદના SG હાઈવે પર ઈસ્કોન બ્રિજ ખાતે અકસ્માત

## આઈસરનું ટાયર ફાટતાં પાછળથી કાર ધડાકાભેર અથડાઈ, મહિલા સહિત બે ઈજાગ્રસ્ત

**અમદાવાદ, તા.12**

અમદાવાદના SG હાઈવે પર ઈસ્કોન બ્રિજ ખાતે અકસ્માતનો બનાવ બન્યો છે. બુધવારે(12 ઓગસ્ટ) એક આઈસર ગાડીનું ટાયર ફાટતાં રસ્તા પર જ ગાડી રોકવી પડી હતી. એટલામાં પાછળથી આવતી કારની આઈસર સાથે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે કર્ણાવતી ક્લબથી રાજપથ ક્લબ જતાં બ્રિજ પર ઈસ્કોન ક્રોસ રોડની ઉપર ટ્રાફિક થયો છે. બીજી તરફ, કારમાં સવાર મહિલા અને યુવક ઈજાગ્રસ્ત થતાં 108 એમ્બ્યુલન્સથી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, શહેરના કર્ણાવતીથી રાજપથ ક્લબ જતાં ઈસ્કોન બ્રિજ પર એક આઈસર ગાડીનું ટાયર ફાટતા તેને રોડ પર જ ઉભી રાખવાની ફરજ પડી હતી. આ દરમિયાન પાછળથી આવતી એક સ્વીફ્ટ કાર ધડાકાભેર તેની સાથે અથડાઈ હતી.



આ દુર્ઘટનામાં કારમાં સવાર યુવક અને એક મહિલાને ઈજા થતાં તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ લઈ જઈને દાખલ કરાયા હતા. આ ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. આઈસર ટ્રકમાં ત્રણ ટન જેટલો વજન ભરેલો છે. ટ્રક ચાલક અસલાલી તરફથી માલ ભરીને જોધપુર તરફ જતો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યું છે.

અકસ્માતની ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. આ પછી કાર અને આઈસરને ક્રેન દ્વારા બ્રિજની નીચે લઈ જવામાં આવી હતી. આ દરમિયાન કોઈ અકસ્માત ન થાય તે માટે પોલીસે બ્રિજ પર ટ્રાફિકનું સંચાલન કર્યું હતું. મહત્ત્વનું છે કે, જે જગ્યાએ તથ્ય કાંડનો અકસ્માત થયો હતો તેનાથી થોડા અંતરે જ આ અકસ્માત સર્જાયો હતો.

# અમદાવાદમાં હિંમતલાલ પાર્ક BRTS બસ સ્ટેન્ડમાં મહિલાઓની હાજરીમાં ગાળો બોલનાર કર્મચારીનો વીડિયો વાઈરલ

**અમદાવાદ, તા.12**

132 ફૂટ રિંગ રોડ પર આવેલા અમદાવાદના હિંમતલાલ પાર્ક BRTS બસ સ્ટેન્ડનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. આ વાઈરલ વીડિયોમાં ટિકિટ આપતો એક કર્મચારી જાહેરમાં મહિલાઓની હાજરીમાં બિભત્સ ગાળો બોલતો અને મુસાફરો સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરતો નજરે પડે છે. એક જાગૃત નાગરિકે આ સમગ્ર ઘટના પોતાના મોબાઈલમાં કેદ કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે, ફરજ પર હાજર સિક્યુરિટી ગાર્ડે પણ આ ટિકિટ કર્મચારી દ્વારા ગાળો બોલવામાં આવી હોવાની વાતનો સ્વીકાર કર્યો છે.



આ પ્રકારનું ગેરવર્તન કોઈ એક દિવસ પૂરતું સીમિત નથી. બીઆરટીએસમાં નિયમિત મુસાફરી કરતા યુવાનો અને નાગરિકોના જણાવ્યા અનુસાર, બે અઠવાડિયા અગાઉ પણ આ અંગે ફરિયાદો ઉઠી ચૂકી છે. ટિકિટ કાઉન્ટર પર છૂટ્ટા પૈસા હોવા છતાં મુસાફરોને આપવામાં આવતા નથી અને બહાર પાટિયાં મારી દેવામાં આવે છે.

જ્યારે કોઈ નાગરિક આ દાદાગીરી સામે અવાજ ઉઠાવે કે મોબાઈલથી વીડિયો ઉતારવાનો પ્રયાસ કરે, ત્યારે આ કર્મચારીઓ ફોન ઝૂંટવી લેવા સુધીની હરકતો પર ઉતરી આવે છે. અનેકવાર તો તેમનો ગુસ્સો એટલી હદે વધી જાય છે કે તેઓ મુસાફરોને માર મારવા માટે પણ તૈયાર થઈ જાય છે.

મહિલાઓ અને નાગરિકો સાથેના આ વર્તનનો વીડિયો વાઈરલ થતાં જ અમદાવાદ BRTS તંત્ર જાગ્યું છે. BRTS વિભાગના અધિકારીએ આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, પશ્ચિમ ઝોનમાં ટિકિટિંગનો કોન્ટ્રાક્ટ ધરાવતી AGS નામની એજન્સીના આ કર્મચારીને તાત્કાલિક નોકરીમાંથી બરતરફ કરી દેવામાં આવ્યો છે. માત્ર કર્મચારી જ નહીં, પરંતુ ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે જવાબદાર કોન્ટ્રાક્ટર કંપની સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

# માર્ચ 2027 સુધીમાં સાબરમતી સ્ટેશન ધમધમતું થઇ જશે, ટિકિટથી ટ્રેન સુધી બધુ સ્માર્ટ......!

**અમદાવાદ, તા.12**

અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનથી કાયાપલટનું કામ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. રૂ.334 કરોડના ખર્ચે સ્ટેશનને આધુનિક સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. મુખ્ય બિલ્ડિંગનું કામ પૂર્ણ થતાં તેને મુસાફરો માટે કાર્યરત કરી દેવાયું છે. વેઈટિંગ એરિયા, લિફ્ટ, એસ્કેલેટર સહિતની સુવિધાઓ પણ શરૂ કરાઈ છે. જોકે, સ્ટેશનની નવી ચમક વચ્ચે મુસાફરોને કેટલીક મૂળભૂત સુવિધાઓમાં હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.



અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ અંદાજિત 334 કરોડના ખર્ચે સાબરમતી રેલવે સ્ટેશનને વિકસિત કરવામાં આવી રહ્યું છે. હાલ સ્ટેશનનું મુખ્ય બિલ્ડિંગ મુસાફરો માટે કાર્યરત કરી દેવાયું છે. ડીઆરએમ વેદ પ્રકાશ અને જીએમ રામાશ્રય પાંડેએ સાબરમતી સ્ટેશનની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. નવા બિલ્ડિંગમાં ટિકિટિંગ, રિઝર્વેશન અને મુસાફરો માટે વેઈટિંગ એરિયાની રીતે વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્ટેશન પર કુલ 7 પ્લેટફોર્મ રહેશે. જેમના કામ પણ પૂરજોશ સાથે કરવામાં આવી રહ્યું છે. મુસાફરોની અવરજવર સરળ બને તે માટે વિશાળ કોન્કોર્સ, લિફ્ટ, એસ્કેલેટર અને ફૂટઓવરબ્રિજ ઉપરાંત ડિજિટલ પેસેન્જર ઈન્ફોર્મેશન, આધુનિક અનાઉન્સમેન્ટ સિસ્ટમ, સીસીટીવી, ફાયર સેફ્ટી, ફૂડ પ્લાઝા, પાર્કિંગ તથા પિક-અપ-ડ્રોપ ઝોન જેવી સુવિધાઓ પણ ઊભી કરાઈ છે. સ્ટેશનને મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી સાથે પણ જોડવામાં આવ્યું છે.

બાંધકામની કામગીરી વચ્ચે પ્લેટફોર્મ નં. 1 થી 3 તરફ જવા માટે મુસાફરોને હાલ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ક્યાં પ્લેટફોર્મ માટે કઈ દિશામાં જવું તેની સ્પષ્ટ માહિતી આપતા માર્ગદર્શક બોર્ડનો અભાવ હોવાથી ખાસ કરીને અજાણ્યા મુસાફરો, વડીલો અને સામાન સાથેના પ્રવાસીઓને મૂંઝવણ થાય છે. સ્ટેશનનું કામ પૂર્ણ થાય ત્યાં સુધી પૂરતી વે-ફાઈન્ડિંગ અને સાઈનેજ વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત છે. સાબરમતી ઈલેક્ટ્રિક લોકો શેડમાં ડબલ્યુએજી-12 જેવા હાઈ પાવર માલગાડીના એન્જિનોની મેન્ટેનન્સ સુવિધા વધારવા માટે રૂ.113.63 કરોડના ખર્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવી રહ્યું છે. 300 જેટલા WAG-12 એન્જિનોના મેન્ટેનન્સને ધ્યાનમાં રાખીને બોગી ડ્રોપ પિટ, વ્હીલ મેન્ટેનન્સ, ઓટોમેટિક વોશિંગ પ્લાન્ટ, ઓએચઈ સહિતની સુવિધાઓ ઊભી કરવામાં આવશે. 11 ઓગસ્ટના રોજ રેલવે જીએમ રામાશ્રય પાંડે અને ડીઆરએમ વેદ પ્રકાશશે સ્થળનું નિરીક્ષણ કરી કામગીરી અંગે સમીક્ષા કરી હતી.

# અમદાવાદમાં SG હાઈવે પર નિર્માણાધીન બિલ્ડિંગના 32મા માળે ક્રેન સાથે લટકીને યુવકનો આપઘાત

**અમદાવાદ, તા.12**

અમદાવાદના પોશ ગણાતા એસ.જી. હાઈવે પર બુધવારે(12 ઓગસ્ટ) સવારે એક સનસનાટીભરી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. છારોડી તળાવ પાસે નિરમા યુનિવર્સિટીની સામે આવેલી 'ટ્રેમોન્ટ એડલીપ' નામની એક નિર્માણાધીન બિલ્ડિંગના 32મા માળેથી ક્રેન ઓપરેટરનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. 22 વર્ષીય યુવકે ક્રેન સાથે ગળેફાંસો ખાઈને આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.



મૃતકની ઓળખ પ્રીતમસિંહ (ઉં.વ.22) તરીકે થઈ છે, જે છેલ્લાં કેટલાક સમયથી આ નિર્માણાધીન સાઈટ પર ક્રેન ઓપરેટર તરીકે ફરજ બજાવતો હતો. પોલીસની પ્રાથમિક તપાસ અનુસાર, પ્રીતમસિંહે મંગળવારે(11 ઓગસ્ટ) મોડી રાત્રે જમીનથી અંદાજે 300 ફૂટની ઊંચાઈએ આવેલા 32મા માળે ક્રેન સાથે ગળેફાંસો ખાઈ લીધો હતો. આખી રાત તેનો મૃતદેહ હવામાં લટકતો રહ્યો હતો. બુધવારે સવારે 8 વાગ્યાના સુમારે જ્યારે સાઈટ પર કામ કરતા અન્ય શ્રમિકો અને કર્મચારીઓ આવ્યા, ત્યારે તેમની નજર 32મા માળે ક્રેન સાથે લટકતા મૃતદેહ પર પડી હતી. બનાવની જાણ થતાં જ ઘટનાસ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિકો અને સાઈટના જવાબદારોએ તુરંત જ પોલીસ તેમજ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર અને પોલીસની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ મૃતદેહને નીચે ઉતાર્યો હતો.

બનાવની માહિતી મળતા જ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. સોલા હાઈકોર્ટ પી.આઈ.ના જણાવ્યા મુજબ, યુવકના આકસ્મિક મોત અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. 22 વર્ષના આશાસ્પદ યુવકે કયા કારણોસર આટલું આકરું પગલું ભર્યું તે હજુ સુધી અસ્પષ્ટ છે. પોલીસે નિર્માણાધીન સાઈટ પર કામ કરતા સહકર્મીઓ, કોન્ટ્રાક્ટર તેમજ મૃતકના પરિવારજનોના નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી છે. આ ઉપરાંત તેના મોબાઈલ કોલ ડિટેલ્સ અને અંગત જીવનની વિગતો મેળવી આપઘાત પાછળનું સાચું કારણ જાણવા ચક્રો ગતિમાન કર્યા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

